
વર્ષ ૫૬મું · અંક ૧૨ · ડિસેમ્બર '૭૯

તંત્રી · બચુભાઈ રાવત

સંસ્થાપક · સ્વ. રવિશંકર રાવળ

આવતી કાલનાં નાગરિકો માટેનું માસિક



પ્રજ્ઞાપારમિતા

કુમાર

સળંગ ૬૭૨ મો અંક

કુમાર

ડિસેમ્બર ૧૯૭૯ · અંક ૬૭૨

તંત્રી: બચુભાઈ રાવત — ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

'કુમાર' સામાન્યતઃ દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે હોતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત • મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧, ફોન નં. ૩૬૩૭૪૫ • વાર્ષિક લવાજમ: રૂ. ૨૪.૦૦; પરદેશ: રૂ. ૪૮ અથવા પાઉન્ડ ૩ અથવા ડૉ. ૬.૦૦; છૂટક નકલ: રૂ. ૨.૫૦

વાચકો લખે છે...

અભીપ્સા

શબ્દોની પાંખડી ખૂલે ધરી નવ્ય આભા,
અર્થો પરાગ થઇને ચહુ દિશ રેલે;
સંયોગમાં ઉભયના ઉછરંગ ખીલે,
આયુ ધરે સમયનું બની પદ્મ શોભા.

(રાજકોટ) —ભાનુપ્રસાદ પંડયા

હો

આંખમાં હો આશાનાં ઉજ્જવળ કિરણ,
લક્ષ્ય-ગામી હો સદા વ્હેતાં ચરણ,
શ્વાસમાં લીલાશની તાજપ રહો,
ને હૃદયમાં હો સતત ગાતાં ઝરણ.

(મહુવા) --ચીમન પુરોહિત

કલમ

લેખની વાચક 'કલમ' શબ્દ અરબી ને ફારસી ભાષામાંથી આપણે ત્યાં આવેલો લાગે છે: આવું વિધાન માન્ય પ્રાધ્યાપક શ્રી ભાયાણીભાઈએ 'કુમાર' (ઑગસ્ટ–૧૯૭૯)માં કર્યું છે. તેના અનુસંધાનમાં લખવાનું કે લેખનીના અર્થમાં કલમ શબ્દ સંસ્કૃત ભાષામાં ઘણો પ્રાચીન છે.

વિશ્વ-વિશ્રુત વ્યાકરણવેત્તા પાણિનિ મુનિ(ઈસ્વી પૂર્વે ચોથી શતાબ્દી) વિરચિત 'उणादिकोश'માં લેખનીના અર્થમાં કલમ શબ્દ પ્રયુક્ત થયો છે. कल शब्द संख्यानयोः (भ्वादिगण) ધાતુ પરથી कलि करचो रमः સૂત્રના શાસન પ્રમાણે કલમ શબ્દ નિષ્પન્ન થયો છે. પાણિનિ પૂર્વે પ્રયુક્ત થતા અનેક શબ્દોની સમ્યક્ સ્વીકૃતિ માટે આવાં અનેક વિધાનો અને નિયમો રચાયાં છે. તે પ્રમાણે कलमः–कलते कल्यति वा अक्षरं प्रकाशयति जनयति वा–આવી વ્યુત્પત્તિ થાય છે. જટાધર નામના વિદ્વાન 'કલમ'ના પર્યાયોમાં लेखनी, वर्ण-तूलि, अक्षर-तूलिका નો નિર્દેશ કરે છે. શ્રી हैम लिंगानुशासन-विवरण (प्रबोधयुक्त) પણ આ વાતની પુષ્ટિ કરે છે. कलमः–अथ पाटच्चरे शालौ लेखन्यां कल्मो नरि।

મેદિની કોશનું પ્રમાણ તો વિખ્યાત જ છે: कलमःपुंसि लेखन्यां, शालौ पाटच्चरेऽपि च।

ઊંચી જાતની ડાંગર માટે તો કલમ શબ્દ સંસ્કૃત સાહિત્યમાં ખૂબ વપરાયો છે; જેને સુરત જિલ્લામાં નવાબી કોલમ કહે છે. વાલ્મીકિ રામાયણ (કિષ્કિન્ધાકાંડ, દક્ષિણ વાચના)માં આવે છે:

प्रसूतं कलमं क्षेत्रे वर्षेणेव शतक्रतुः।

(શતક્રતુ ઇન્દ્ર રાજાએ વર્ષા વડે ખેતરમાં કોલમ પેદા કરી છે.)

કિરાતાર્જુનીય કાવ્યમાં આવે છે:

कपोल–संश्लेषि विलोचन–त्विषा
विभूषयन्ती मवतंसकोत्पलम्।
सुतेन पांडोः कलमस्य गोपिकां
निरीक्ष्य मेने शरदः कृतार्थता ॥४–९॥

અર્થાત્–ડાંગરનાં ખેતરની પાલિકાને કપોલ સુધી લટકતા કમળ-પુષ્પનાં આભૂષણ પહેરીને પ્રસન્ન થતી જોઈને પાંડુપુત્ર અર્જુને શરદઋતુનું સાફલ્ય (વૈભવ) જોયું.

શાલિ અર્થાત્ ઉત્તમ ડાંગર અને कलम-गोपिका એટલે शालि-गोपि. રઘુવંશમાં રઘુરાજાના વર્ણન પ્રસંગે આવી જ એક શાલિગોપિકાનું સુંદર વર્ણન છે:

इक्षुच्छाय–निषादिन्यः
तस्य गोप्तुर्गुणोदयम्।
आकुमार कथोद्घातम्
शालि-गोप्यो जगुर्यशः ॥४–२०॥

(શેરડીના ખેતરની છાયામાં બેઠેલી શાલિગોપિકાઓ પ્રજાપાલક રઘુરાજાની ગુણગાથાઓ ગાતી હતી.)

સંસ્કૃતના એક સુકવિએ એક સુંદર અન્યોક્તિ ઉપજાવીને તલની તુલનામાં કલમ (નવાબી કોલમ)ની ગરિમા આવી રીતે રજૂ કરી છે:

अस्मानवेहि कलमानलमाहतानाम्
येषां प्रचण्ड–मुसलैरवदाततैव।
स्नेहं विमुच्य सहसा खलतां प्रयान्ति
ये स्वल्प–पीडन–वशान्न वयं तिलास्ते ॥

કલિકાલ–સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્યજીએ તો ડાંગરના અનેક પ્રકારોને બિરદાવ્યા છે. अभिधान-चिन्तामणिकोश માં તેઓ લખે છે:

शालयः कलमाद्या: स्युः
कलमस्तु कलामकः।
लोहितो रक्तशालिः स्यात्
महाशालिः सुगंधिकः ॥

(પોરબંદર) —શંકરદેવ વિદ્યાલંકાર

ઑનરેરિયમ(Honourarium) માટે પૂજા-વેતન શબ્દ

આપણી દેશી ભાષાઓમાં અંગ્રેજીના 'ઑનરેરિયમ' શબ્દ માટે નવા ઘડી કાઢેલા सन्मान-वेतन, मान-देय, मानार्ह वेतन, दक्षिणा, सत्कार-देय, सत्कार-धन, मानद वेतन વગેરે શબ્દો વપરાય છે. જ્યારે પ્રાચીન સંસ્કૃત સાહિત્યમાં એને માટે ચાણક્યના સમયમાં પૂજાવેતન જેવો સારો અને ઉપયુક્ત શબ્દ વપરાતો હતો. ચાણક્ય (કૌટિલ્ય)ના અર્થશાસ્ત્રમાં આ સુંદર શબ્દ ઑનરેરિયમ માટે યોજાએલો છે. યથા:

आर्य, युक्तारोहक, माणवक, शैल–खनकाः, सर्वोपरिस्थायिनः, आचार्याः, विद्यावन्तश्च पूजा-वेतनानि यथार्ह लभेरन्। पंच शतावर सहस्रपम्।

અર્થાત્ શીલસંપન્ન સત્પુરુષ, તોફાની ઘોડાઓને વશમાં રાખનાર, વેદાભ્યાસી વિદ્યાર્થી, પર્વતો ને ખાણોમાં કાર્ય કરનારાઓ, જનતાની સેવા માટે કાર્ય કરનારા ગાયકો વગેરે આચાર્યો અને અન્ય વિદ્યાપુરુષોને યોગ્યતા પ્રમાણે પૂજા-વેતન મળવું જોઈએ. (भृत्य–भरणीय प्रकरण)

આ પૂજા-વેતન શબ્દને ફરીથી આપણે માન આપીએ અને ચાલુ કરીએ એ ઇચ્છવા યોગ્ય છે.

(પોરબંદર) —શંકરદેવ વિદ્યાલંકાર

जन्मना जायते शूद्रः।

ડિસેમ્બર ૧૯૭૮ના 'કુમાર'માં બ્રાહ્મણત્વના ગુણો અને કર્મોની શાસ્ત્રીય વિચારણા આપવામાં આવી હતી. તેના અનુસંધાનમાં દુષ્કર્મોથી બ્રાહ્મણત્વ વિનષ્ટ થાય છે, તે વાતનાં પણ શાસ્ત્રીય પ્રમાણ ઉપલબ્ધ થાય છે. મહાભારતના વનપર્વમાં (અધ્યાય ૨૧૬) મહર્ષિ વેદવ્યાસજી લખે છે:

ब्राह्मणः पतनीयेषु
वर्तमानो विकर्मसु।
दांभिको दुष्कृतः पापः
शूद्रेण सदृशो भवेत्॥
यस्तु शूद्रो दमे सत्ये
धर्मे च सततं स्थितः।
तं ब्राह्मण महं मन्ये
वृत्तेन हि भवेद् द्विजः।

(પોરબંદર) —શંકરદેવ વિદ્યાલંકાર



અર્વાચીનોમાં આદ્ય દલપતરામ

દ. ડા. ભા. એવા એમના નામના પ્રથમાક્ષરોથી એક કાળે ગુજરાતની પ્રજામાં જાણીતા–અને લાડીલા–કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઈ (ઈ. ૧૮૨૦-૧૮૯૮) યુવાન વયે: અમદાવાદના હીમાભાઈ ઇન્સ્ટિટ્યુટમાંનું તૈલચિત્ર
(જુઓ આ અંકમાં લેખ 'અર્વાચીન ગુજરાતી સાહિત્યનો આસ્વાદ')



△ ક્રિકેટનો આનંદ (ફોટો - મધુકાન્ત તેલી)

ચિત્રાત્મક આયોજનનો આગ્રહ છોડી દઈ નજર સમક્ષની વસ્તુ, વ્યક્તિ કે બની રહેલી ઘટનાને આગવી લાક્ષણિકતા ધરાવતી ક્ષણે કૅમેરા દ્વારા ઝડપી લેવી એ પણ છબીકળાનો એક અભિગમ છે. એમાં વસ્તુ કે ઘટનાનું પોતાનું જ મહત્ત્વ હોઈ તેની સ્પષ્ટ અને તાદૃશ રજૂઆતમાં તેની સફળતા છે. અપંગ બાળકો પ્રત્યે અનુકંપા પ્રકટાવવાનો નહિ, પણ તેમના પુરુષાર્થને બિરદાવવાનો અને તેના ઉદાહરણ દ્વારા પ્રેરણા પ્રેરવાનો અહીં ઉદ્દેશ છે.

(બ્લૉક : 'કૅમેરા પિક્ટોરીઆલિસ્ટ્સ ઑવ બરોડા'ના સૌજન્યથી)

પાનખરે / રાજેન્દ્ર શાહ

· ગાન ·

કોઈનો યે તે કર ન એને જાય છે તોડી,
પાનખરે પાન ઝરતું મેળે ડાળને છોડી.

હવાનો હિલ્લોળ
ને એની મનમોજી મર્મર,
વનમાં જાણે
સૂર-સુંવાળા છાઈ રહી ઝર્મર.
વ્યોમને પારાવાર તરંગે તરતી હોડી.

દૂરને આરે અવનીના અંચલને ઓઢી,
જાય નિરાંતે શમણે કે વણશમણે પોઢી.
અવ ન જેનું નામ
રે એને ન્યાળવા નયન અંધ:
વાયરે વહી આવતી
એની શિશિરભીની ગંધ.
હૃદય ભીતર રાખવી એને વ્હાલથી જોડી.

એક ખગાનુભૂતિ / ભાનુપ્રસાદ પંડયા

· શિખરિણી સૉનેટ ·

નિહાળું બારીથી તૃતીય મજલાની; ખુલી ગઈ
પરોઢી ડેલી, લ્યો! અવ કિરણના કાસદ બની
ધસે ટોળાતા વાયસ, સમીપના તાર ઉપરે
રહે ઘૂંટી હોલો સૂર, ભૂખર પાંખે ભરી લીધું
કપોતે સારું યે ગગન, શુકનું વૃંદ ભૂલથી
ચઢી આવ્યું ઓઢી સીમ ઉપરણો, કૂજન કરી
જરી બેઠું–ઊડ્યું સમીપ ઘરની ભીંત ભીંજવી!
બૂડે કર્ણો મીઠી ચહક મહીં ને આંખ ઢળતી.

મને રોમે રોમે ઝિલમિલ થતાં પિચ્છ થરકે?
ગયા વાસી શબ્દો ટહુરવની શી તાજપ ફૂટે!
શકે શું બેઠો હ્યાં પરણ વચમાં, લોહસળિયા
સર્યા ને વીંટાઈ ગઈ મૃદુલ વેલી અહીંતહીં
અહો, માથે તો ના છત—નભ હશે? માળ ત્રણનું
મકાને ઝૂલંતું તરુતમ હવે ગીચ વનનું!

ઊર્ધ્વમૂલ / રાજેન્દ્ર શુકલ

· ગઝલ ·

ક્ષણુ સરકતું, લયલહરતું વૃક્ષ છું.
શ્વાસનો સંચાર સરતું વૃક્ષ છું.

હો ધરા કે હો ગગન મ્હોરી ઊઠું,
હું ફૂલોની જેમ ફરતું વૃક્ષ છું.

મર્મરે છે પંખીઓ, પરણો, પવન
કલરવે કલ્લોલ કરતું વૃક્ષ છું.

તું, ખખડધજ કાળ, ખોડાઈ રહે
હું તો હળવે હરતુંફરતું વૃક્ષ છું.

ડાળ નીચે, મૂળ ઊંચે શબ્દનું
હું પરમ મકરંદ ઝરતું વૃક્ષ છું.

◖ પાનખરે: બે અંતરાના આ ગીતમાં પાનખરના વાતાવરણને કાવ્યાત્મક અભિવ્યક્તિ મળેલી માણી શકાશે. પાનખરમાં સાહજિકતાથી ખરતાં પર્ણને 'કોઇનો યે તે કર' તોડતો નથી, પરન્તુ આપમેળે જ ડાળ ત્યજીને એ ચાલ્યું જાય છે એવી કલ્પનામાં જરા વધુ વાંચવાનો પ્રયાસ કરીએ તો આ સંસારની ડાળને અવધિ પાકતાં સ્વયં છોડીને ચાલી નીકળવાની વૃત્તિનો પડઘો નહિ સંભળાય? અને પછી તો ખરેલા પર્ણની હોડી વ્યોમસાગરમાં સરતી સરતી આગળ વધ્યે જાય છે. અભિધાથી પણ અહીં સુચારુ ચિત્ર અંકાયું છે. વળી, એ પાન ઊડતું ઊડતું છેક ક્ષિતિજને જઈને ભેટે છે. દૂર ચાલ્યા ગએલા પર્ણની મિષે તે વનસ્પતિની સોડમને જ હૃદયમાં સંઘરવાની વાતથી અંત પામતું ગીત ચાલ્યા ગએલા સ્વજનની સ્મૃતિના પમરાટમાં જ ઈહલોક રાચવાની વ્યંજના શું નથી મૂકી જતું? ◖ એક ખગાનુભૂતિ : આમ તો મકાનની બારીમાંથી પરોઢને ઝાંખતા કાવ્યનાયકની અહીં અનુભવકથા આલેખાઈ છે, પણ કિરણોના કાસદ બની ચાલ્યાં આવતાં વાયસનાં ટોળાં, સમીપ તાર પર હોલાનો સૂર, ગગન ભરી ઊડી આવતાં ભૂખરાં કપોત, પોપટનાં વૃંદ... આ બધું તેને પ્રથમ અષ્ટકમાં ખગકાયામાં પલટી નાખવા પૂરતું છે. અને પછી ષટ્કમાં સૉનેટસહજ વળાંકથી ખગની અનુભૂતિની અભિવ્યક્તિ સધાઈ છે—જેમ કે રોમેરોમે પિચ્છ થરકવાં, અવાજમાં શબ્દોને બદલે ટહુકો ફૂટવો, બારીના લોખંડ સળિયાનું મૃદુ વેલીઓમાં રૂપાંતર થવું વગેરે. ખગાનુભૂતિનું આ વર્ણન કલ્પનામઢ્યું હોઈ વૈચારિક આનંદ પણ આપી રહે છે. ◖ ઊર્ધ્વમૂલ: 'ઊર્ધ્વમૂલ અધઃ શાખની યાદ આપતી તદ્દાંશ શીર્ષકવાળી આ ગઝલમાં પરંપરાથી દૂર રહી કવિએ ગહન વાતને વૃક્ષના પ્રતીકથી સુલઝાવી છે. ધરા કે ગગન બધે જ વૃક્ષ તો મહોરી ઊઠે છે. એને નષ્ટ કરવા જતો સ્વયં કાળ ખોડાઈ જાય છે ને વૃક્ષ તો હળવે હરતુંફરતું રહે છે. કાળની સજ્જડતા દર્શાવવા ખખડધજ જેવું વિશેષણ અને તેને પડછે વૃક્ષની અડગતા તીવ્રતાથી પ્રકટાવવા વપરાએલું 'હળવે' વિશેષણ બાનીની બળકટતા અને સૂક્ષ્મ સૂઝનો નિર્દેશ કરે છે. તો શબ્દના મૂળને ઊંચે રહેલું કહેવામાં શબ્દ સાધનાની પવિત્રતા ઇંગિતાઇ રહે છે; અને તેથી સ્તો એવા શબ્દોમાંથી 'પરમ મકરંદ' ઝરી રહે તે જ સાચું શબ્દવૃક્ષ—કાવ્ય!

—ધી. પ.

ઘડતર

બહાદુરશાહ પંડિત

રશિયાના સંત કાઉન્ટ લિયો ટૉલ્સ્ટૉય પાસે આવીને એક માણસે પૂછ્યું : 'માણસના જીવનમાં ઘડતરનું મૂલ્ય શું છે?'

મહાત્મા ટૉલ્સ્ટૉયે કહ્યું : 'ઘડતર ઉપર જ બધો આધાર છે. લોખંડનો એક સાદો ટુકડો વેચવા જાઓ તો એનો એકાદ રૂપિયો ઊપજે. પણ એ લોખંડના ટુકડાને ઘડીને એમાંથી ઘોડાના પગની નાળ બનાવવામાં આવે તો એના પાંચ રૂપિયા ઊપજે; અને એ જ લોખંડના ટુકડામાંથી સોય બનાવીને વેચવામાં આવે તો ૫૦૦ રૂપિયા મળે; અને નાળ કે સોયના બદલે ઘડિયાળની ઝીણીઝીણી કમાનો બનાવવામાં આવે તો ૫૦૦૦ રૂપિયા ઊપજે.

લોખંડ તો એનું એ જ ને એટલું ને એટલું જ પરંતુ એનું જેવું ઘડતર કરો એટલું એનું મૂલ્ય. આમ માણસ માટે પણ એવું જ છે. એનું જેટલું ઘડતર વધે એટલું એનું મૂલ્ય પણ વધે.

સંત ટૉલ્સ્ટૉયની આ વાત કેટલી બધી સાચી છે! વ્યવહારના સામાન્ય સ્તર પર જોઈએ તો પણ અભણ માણસ કરતાં ભણેલા માણસને ઝડપથી અને વધારે રોજી કેમ મળે છે? કેમ કે શાળા-મહાશાળામાં એનું ઘડતર થયું છે. એ જ રીતે તાજા ગ્રૅજ્યુએટ કરતાં અનુભવીને વધારે પગાર મળે છે, કારણ કે એનું અનુભવની શાળામાં વધારે ઘડતર થયું હોય છે.

પણ માણસને મળતો પગાર એ એનું સાચું મૂલ્ય નથી. એનું સાચું મૂલ્ય તો એને મળતું સન્માન છે. આ સન્માનનો આધાર પણ ઘડતર પર રહે છે. વડીલને આપણે માન આપીએ છીએ એનું કારણ પણ આ જ છે. આપણા કરતાં મોટી ઉંમરની વ્યક્તિ કાળના ટાંકણાથી વધારે ઘડાયેલી છે એ નિર્વિવાદ હકીકત છે.

આમ છતાં પગાર અને માન એ બે નિરપેક્ષ કસોટીઓ નથી, કારણ કે વ્યક્તિનું ઘડતર માત્ર શિક્ષણ અને સમયનાં ઓજારોથી થતું નથી.

સ્વામી રામતીર્થ વિદ્યાર્થી હતા ત્યારે તે ખૂબ ખંતથી વિદ્યાભ્યાસ કરતા. એમને અભ્યાસમાં એટલો બધો રસ હતો કે જ્યારે સમય મળે ત્યારે કંઈ ને કંઈ વાંચતા જ હોય. એક દિવસ હંમેશની ટેવ મુજબ તીર્થરામ રસ્તે ચાલતા ચાલતા હાથમાં ચોપડી લઈને વાંચતા હતા. આ જોઈને એમના એક ઓળખીતા સજ્જને કહ્યું: 'અલ્યા રામ, અહીં રસ્તામાં આ શું કરે છે? આ કંઈ નિશાળ નથી. રસ્તે ચાલતાં તો પુસ્તકોને જરા બાજુએ રાખ!' તીર્થરામે તરત જવાબ આપ્યો: ભાઈ, આખું જગત મારી પાઠશાળા છે.' તીર્થરામે જવાબ આપ્યો એનાથી પણ વધારે વ્યાપક અર્થમાં આખું જગત માણસ માટે પાઠશાળા બની રહે છે, કારણ કે આ જગતનો પ્રત્યેક અનુભવ વ્યક્તિના ચારિત્ર્યઘડતરમાં ફાળો આપતો રહે છે.

પણ ઘર, શાળા, મહાશાળા, પુસ્તકો, સોબત અને વિવિધ સંસ્થાઓ માણસને વધારે તો બાહ્ય દૃષ્ટિએ ઘડે છે. દાખલા તરીકે શાળામાં શિક્ષક વિદ્યાર્થીને દેહની સુઘડતા, બાહ્ય ટાપટીપ, વિનય વિવેક ઇત્યાદિ શીખવે છે, પરંતુ મનુષ્યનું આંતરિક ઘડતર તો એની પોતાની જાગૃતિથી થતું હોય છે. એવી જાગૃતિ ના હોય તો શિક્ષકના ઈશારા છતાં ગાંધીજી પોતાની આગળ બેઠેલા વિદ્યાર્થીમાંથી ચોરી કરવાની ના પાડે જ નહિ. એવી આંતરજ્યોત પ્રજ્વલિત ના હોય તો શંકરના લિંગ પરના ચોખા ખાઈ જતા ઉંદરને જોઈ કિશોર મૂળશંકર ઘરનો ત્યાગ કરી દયાનંદ સરસ્વતી બન્યા જ ના હોત.

આમ, જગતની સામાન્ય સંસ્થાઓ વ્યક્તિને પશુમાંથી માનવ બનાવી શકે, પ્રાકૃતતામાંથી નાગરિકતામાં પરિવર્તિત કરી શકે પરંતુ આંતરચેતના જાગ્રત થયા વિના વ્યક્તિ નરમાંથી નારાયણ બની શકે નહિ. શાળા-મહાશાળામાં વકીલો કે ડૉક્ટરો, પ્રોફેસરો કે ઇજનેરો આપવાની શક્તિ છે. સંતો, મહાત્માઓ તો આત્માની પાઠશાળામાં જ ઘડાતા હોય છે.

દુનિયાના બધા ડાહ્યા માણસોએ આત્મઘડતર માટે પહેલી સલાહ આત્મજ્ઞાનની આપી છે : 'તમારી જાતને ઓળખો.' તમારી જાતને ઓળખવાનું તમે કેવી રીતે શીખી શકો? બીજાઓ કરતાં તમે સારા છો કે ખરાબ એ અંગેની ચિંતા સેવ્યા વિના તમે ખરેખર કેવા છો એ જાણી લેવું એ આત્મઘડતરનું પહેલું પગથિયું છે. તમારી જાતને જાણવા માટે ઉપયોગી થઈ પડે એવા કેટલાક પ્રશ્નો નીચે આપ્યા છે. એ પ્રશ્નોના નિખાલસ જવાબો આપશો તો તમારી સામે તમારું સાચું ચિત્ર ખડું થશે. એ ચિત્ર તમને ગમે એવું ના હોય તો પણ એને સ્વીકારી લેજો કારણ કે આજે તમે જે છો એનો પ્રામાણિકપણે સ્વીકાર કરીને જ આવતી કાલે જે બનવાની તમારી ઇચ્છા છે એ બની શકાશે.

જીવનમાં તમને શું મહત્ત્વનું લાગે છે? તમે શાનાથી ઉત્તેજિત કે પ્રોત્સાહિત થાઓ છો? તમે છેલ્લા ક્યારે ઉત્તેજિત થયા હતા? એવા આશરે ડઝન અનુભવ કેટલા સમયમાં અને કેવી રીતે થયા હતા? આ પ્રશ્નોના જવાબમાંથી તમને તમારો સાચો પરિચય મેળવવાની ચાવી જડશે. તમે કોઈ બનાવથી પ્રોત્સાહિત ના થતા હો તો તમારે વધારે ઊંડા ઊતરવું પડશે.

તમારો ફુરસદનો સમય તમે કેવી રીતે પસાર કરો છો? એ સમય તમે તમારા કોઈ શોખ માટે વાપરતા હો તો તો એ તમારા આંતરચરિત્રને પામવાની એક સરસ કેડી છે. પણ ફુરસદના સમયે તમે ઊંઘતા હો, ફિલ્મો જોતા હો કે મિત્રો સાથે ટોળટપ્પાં જ કરતા હો તો તમારે એમાં પરિવર્તન લાવવા જાગ્રત થઈ જવું પડશે.

તમારા વ્યવસાયનો સમય તમે કેવી રીતે પસાર કરો છો? તમે જે કામ કરતા હો એમાં તમને રસ પડે છે? એ કામ તમને આનંદ આપે છે? તમારા અભ્યાસ કે વ્યવસાયમાં તમને રસ ના પડતો હોય અને તમે ઘડિયાળ સામે જોઈને જ દિવસ પૂરો કરતા હો તો કાં તો એ છોડી દો અથવા એમાં રસ લેવાનું શરૂ કરો.

તમે જીવનની વાસ્તવિકતાનો સ્વીકાર કરી શકો છો? આ પૃથ્વી પર મોટા ભાગના સામાન્ય માણસો જ છે. સંતોની સંખ્યા ઘણી ઓછી છે. એટલે તમે ભૂલો કરી હોય એનો સ્વીકાર તમે કરી શકો છો? આ ભૂલોનો સ્વીકાર કરીને જ આપણામાંના કેટલાક સામાન્ય માણસો સંતો બની શક્યા છે, એ ધ્યાનમાં રાખો.

તમે તમારા જીવનમાં પરિવર્તન લાવવા ઇચ્છો છો? ચિત્રકાર જેમ ચિત્ર દોર્યા પછી જુદાજુદા ખૂણેથી ને અંતરેથી એને તપાસી એમાં સુધારાવધારા કરે છે, એમ તમે પણ અમુક અમુક સમયના અંતરે તમારી જાતને તપાસી એમાં કંઈ ફેરફાર કરવા પ્રયત્ન કરો છો?

તમે કોણ છો એ તમે જાણો છો? ઈશ્વરે સર્જેલાં પૃથ્વી પરનાં તમામ પ્રાણીઓમાં સર્વશ્રેષ્ઠ પ્રાણી એવા માનવી તમે છો. તમારું એ આત્મભાન સતત જાગ્રત રાખશો તો તમે તમારી જાતને તમારી ઇચ્છા મુજબ ઘડી શકશો.

અને છેલ્લી મહત્ત્વની વાત : એક વાર તમે તમારી જાતને ઘડવાનો નિર્ણય કર્યો પછી તમને તમારામાં અગાઉ કદી નહોતી એવી શક્યતાઓ અને શક્તિઓ જડી આવશે. તમે નવા નવા પડકારો ઝીલવા શક્તિમાન બનશો અને તમારામાં ભૂતકાળમાં કદી નહોતી એવી સર્જનાત્મકતા અને તાકાત વાપરવાની હિંમત આવી જશે. ગટેએ એની એક કવિતામાં આ વિચાર સરસ રીતે વ્યક્ત કર્યો છે : Whatever you can do, or dream you can, begin it. Boldness has genins, powar and magic in it.

Begin it, now. □

પ્રેમ, સેવા, ત્યાગ અને ન્યાયની ભાવના ઉપર આજના જગતનું નવનિર્માણ કરવાના મનોરથવાળા ભારતના રાજવંશી રાષ્ટ્રભક્ત

રાજા મહેન્દ્રપ્રતાપ



લેખક
અશોક હર્ષ

'ઈશ્વરે બે આંખો આગળ આપી છે. પાછળ જોવું હોય તો માથું ફેરવવું પડે છે. હું આગળ જોવાનું ને આગળ જ વધતા રહેવાનું પસંદ કરું છું.'

આ શબ્દો છે સ્વતંત્ર ભારતના એક મહાન સ્વપ્નદ્રષ્ટા રાજા મહેન્દ્રપ્રતાપના. અંગ્રેજોની ગુલામીમાં સબડતા ભારતને મુક્ત કરવાનું પણ લઈ જેમણે દેશ છોડી વિદેશમાં સ્વતંત્ર ભારતની પહેલી સરકાર રચી ને પોતે તેના વડા બની મેક્સિકોથી જાપાન સુધીના દેશોમાં ઘૂમી પોતાના સ્વપ્નને સાર્થક કરવા મથતા રહ્યા એ મહાન સ્વપ્નદ્રષ્ટાને દેશ આઝાદ થયા પછી આપણે લગભગ વિસારી જ દીધેલા, પણ એ તો પોતાના સ્વપ્નને જીવનના છેલ્લા શ્વાસ સુધી વળગી રહેલા માત્ર ભારત જ નહિ પરંતુ પરાધીનતાની બેડી નીચેનાં જગતનાં તમામ રાષ્ટ્રો સ્વતંત્ર બને, જગત આખાની એક જ સરકાર, એક જ સેના ને એક જ ન્યાયાલય બને, માનવ માનવ વચ્ચેનો પ્રેમ વિકસીને સારી યે મનુષ્યજાતિ એક કુટુંબ તરીકે જીવે, એ એમનો આદર્શ હતો. કાળબળે તે સ્વયં એ આદર્શ સિદ્ધ ન કરી શક્યા, પણ એ સિદ્ધ થવાની એમની શ્રદ્ધા એ આ શબ્દોમાં વ્યક્ત કરતા ગયા છે કે, 'મનુષ્ય જાતિને ઉન્નતિ કરાવતી પ્રકૃતિ અથવા ઈશ્વરીય શક્તિ તેને અહીં સુધી લાવી છે, હવે અહીંથી આગળ વધવાનું છે.'

ભરતપુરના મહારાજા સૂરજમલથી માંડી પંજાબકેસરી મહારાજા રણજિતસિંહ સુધીના અનેક યોદ્ધાઓ પેદા કરનાર રણબંકડી જાટ જાતિમાં રાજા મહેન્દ્રપ્રતાપનો જન્મ—જે જાટ જાતિના રણકૌશલ વિષે આ કહેવત લોકપ્રચલિત છે કે

'આઠ ફિરંગી, નૌ ગોરા, લડે જાટ કા દો છોરા.'

ઉત્તર પ્રદેશમાં આવેલી એક નાની શી ઠકરાત મુરસાનના ઠાકોર ઘનશ્યામસિંહને ત્યાં ઈ. ૧૮૮૬ના ડિસેમ્બરની ૧લીએ જન્મેલા મહેન્દ્રપ્રતાપસિંહ ત્રણ ભાઈઓમાં સૌથી નાના. (એમના બીજા બે ભાઈઓ દત્તપ્રસાદસિંહ તથા બલદેવસિંહ.) પરંતુ તે મુરસાનમાં લાંબો સમય રહી ન શક્યા. એમની અઢી વર્ષની વયે હાથરસના રાજા હરિનારાયણસિંહે એમને દત્તક લઈ લીધા, અને હરિનારાયણસિંહ ત્યારે વૃંદાવનમાં રહેતા હોઈ એ પણ મુરસાનથી ત્યાં રહેવા આવી ગયા. એ નવેક વર્ષની ઉંમરે પહોંચ્યા હશે ત્યાં રાજા હરિનારાયણસિંહ અવસાન પામ્યા અને એમની સગીર ઉંમરને લઈને ત્યારની અંગ્રેજ સરકારે એમની રિયાસતના વહીવટ માટે કોર્ટ ઑવ વૉર્ડ્સ તરફથી હર્બર્ટ જૉન સ્મિથ નામના એક અંગ્રેજને નિયુક્ત કર્યા.

અલીગઢ મુકામે મહેન્દ્રપ્રતાપને અભ્યાસ માટે મૂકવામાં આવ્યા. શાળાશિક્ષણ પૂરું કરી કૉલેજમાં ગયા ત્યાં સુધી એ વખતના રાષ્ટ્રીય વાતાવરણથી એ રંગાઈ ચૂક્યા હતા. એમને અને એમના સહાધ્યાયીઓને રસ હતો લોકમાન્ય ટિળકના ઉદ્દામ રાજકારણમાં, જ્યારે એમના અંગ્રેજ પ્રોફેસરો અને પ્રિન્સિપલ એમનાં મન પર એ ઠસાવવાનો પ્રયત્ન કરી રહ્યા હતા કે તમારા સાચા નેતા ગોખલે છે, ટિળક નહિ. દેશની આઝાદી માટે થનગનતા જુવાનોને ગોખલેની મવાળ રાજનીતિમાં રસ ન હતો. આ કારણે એક વિદ્યાર્થી સામે અન્યાયયુક્ત પગલાં લેવામાં આવતાં કૉલેજમાં હડતાળ પડી અને મહેન્દ્રપ્રતાપ અલીગઢ છોડી આગ્રા આવ્યા. પરંતુ આગ્રામાં પણ એ વધુ ભણ્યા નહિ અને ડિગ્રી લીધા વિના જ ભણતર છોડી દીધું. એમને થયું કે દેશને સ્વતંત્ર કરવા માટે આ પુસ્તકિયું જ્ઞાન કશા ખપમાં આવે એમ નહોતું. એ માટે દેશવિદેશનું

'...મારા જીવનનો ઉદ્દેશ માનવમાત્રની સેવા છે. મારી દૃષ્ટિએ દુનિયા એક બૃહદ્ કુટુંબ છે, વિવિધ દેશો એ કુટુંબના સભ્યો છે. એ કુટુંબ શું સંમિલિત ન થઈ શકે? ભાઈચારા ઉપર એ કુટુંબનાં મૂળ મજબૂત ન થઈ શકે? શું પ્રેમનાં શસ્ત્રાસ્ત્ર અને શાન્તિની સેના આપણાં હૃદયને નહિ જીતી શકે? રાજનીતિજ્ઞો મને દીવાનો સમજે છે, પણ દેશો અને મહાદ્વીપોની સીમાઓ પાર કરીને હું જ્યારે વિવિધ દેશોની જનતા આગળ મારી આ વાત કહું છું ત્યારે તેમની દ્રાવિત આંખો મને આશ્વાસન આપે છે કે, મહેન્દ્રપ્રતાપ! તારો માર્ગ જ બરાબર છે.'

(અમેરિકામાં પ્રકટ કરેલા આત્મકથનમાંથી)

પરિભ્રમણ કરી દેશકાલની પરિસ્થિતિનું પ્રત્યક્ષ જ્ઞાન જરૂરી હતું. ત્યાર સુધીમાં તેમના લગ્ન જિન્દની રાજકુંવરી સાથે થઈ ચૂક્યાં હોઈ તેઓ રાણી સાથે યુરોપના પ્રવાસે ઊપડી ગયા. આ પ્રવાસ એક રીતે એમની અભ્યાસયાત્રા જ હતી.

આ અભ્યાસયાત્રામાં એમણે જોયું કે ભારત જેવા ગરીબ દેશને આગળ વધવું હોય તો અંગ્રેજ પ્રજાની જેમ હુન્નરઉદ્યોગને અપનાવ્યા વિના છૂટકો નથી, અને પ્રજામાં રાષ્ટ્રભાવના પેદા કરવી હોય તો તે માટે પ્રચલિત શિક્ષણપદ્ધતિમાં આમૂલ ફેરફાર જરૂરી હતો. આ યાત્રાએથી પાછા ફરી તે નૈનીતાલમાં એક કોઠી ખરીદી ત્યાં રહેવા લાગ્યા ને પોતાની મનોભાવનાને મૂર્ત કરવાની યોજના ઘડવા માંડયા. આ યોજનાનુસાર ઈ. ૧૯૦૯ના મેની ૨૪મીએ એમણે વૃંદાવન મુકામે પ્રેમમહાવિદ્યાલયની સ્થાપના કરી જેનો હેતુ હતો જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિય બંનેનો સહયોગ સાધી દેશને ઉન્નતિ તરફ દોરી જવો. વૃંદાવનમાંનો પોતાનો રાજમહેલ જ નહિ પરંતુ પાંચ ગામ પણ એ સરસ્વતી મંદિરને એમણે દાનમાં આપ્યાં અને તમામ કોમો માટે ખુલ્લા એ મહાવિદ્યાલયના પોતે અવૈતનિક સેક્રેટરી અને ગવર્નર રહ્યા. અન્ય કોઈ સરકારી કે બિનસરકારી શિક્ષણસંસ્થા સાથે ન જોડાએલી આ શિક્ષણસંસ્થા પાછળ આ પંચવિધ ઉદ્દેશ એમણે રાખેલો: (૧) એકતા, (૨) સમતા, (૩) ભ્રાતૃભાવ, (૪) દેશપ્રેમ, (૫) સ્વાધીનતા.

પ્રેમ એ રાજાસાહેબનો જીવનમંત્ર હતો અને તે પ્રેમ કોઈ એક વર્ગ, કોમ કે દેશને નહિ પરંતુ સારી યે માનવજાતને સ્પર્શતો. મહાવિદ્યાલય સાથે એમણે એ શબ્દ જોડેલો, અને પોતાના સંપાદન નીચે જે પત્રિકા શરૂ કરેલી તેનું નામ પણ 'પ્રેમ' રાખેલું, જેમાં તે 'પ્રેમી'ના



△ 'પ્રેમપૂજારી' રાજા મહેન્દ્રપ્રતાપ યુવાન વયે. ઈ. ૧૯૨૩ના અરસામાં પ્રગટ થએલી એમની એક છબી.

નામે લખતા; એટલું જ નહિ પરંતુ ઉપર્યુક્ત પત્રિકાનું સંપાદન શ્રી રુદ્રદત્ત શર્માને સોંપી એક 'પ્રેમક્લબ' પણ ઊભી કરેલી જેમાં મહાવિદ્યાલયના અધ્યાપકો ઉપરાંત બહારના ઘણા સજ્જનો સામેલ હતા. વિદ્યાલયમાં હિંદી અને અંગ્રેજી ઉપરાંત ઔદ્યોગિક વિષયો ખાસ શીખવવામાં આવતા. વિદ્યાલય સાથે એક વર્કશૉપ, એક છાપખાનું અને એક છાત્રાલય એમણે ઊભાં કરેલાં. એક ઔષધાલય પણ ચાલુ કરેલું જે પાછળથી બંધ પડેલું. એમના સ્થાપેલા વિદ્યાલયમાં વિદ્યા વેચવામાં નહોતી આવતી, સૌને મફત શિક્ષણ આપવામાં આવતું, ઉપરાંત ગરીબ વિદ્યાર્થીઓને આર્થિક મદદ પણ આપવામાં આવતી.

એક નોંધવા જેવી હકીકત એ છે કે પ્રેમ મહાવિદ્યાલયના ઉદ્ઘાટન પ્રસંગનાં નિમંત્રણો એમણે પોતાના પુત્રના જન્મોત્સવના નામે મોકલેલાં. બધા જ નિમંત્રિતો આવી ગયા ત્યારે જ તેમણે ફોડ પાડયો કે પોતાનો પુત્ર અન્ય કોઈ નહિ પણ આ પ્રેમ મહાવિદ્યાલય જ હતું, અને ખરેખર એ પુત્રનું તેમણે પિતૃવત્ પરિપાલન કરેલું. જિન્દવાળી રાણીથી એમને થએલા પુત્રનું નામ સુધ્ધાં 'પ્રેમ' રાખેલું.

પ્રેમ ને ભ્રાતૃભાવ રાજાસાહેબના સ્વભાવ સાથે એવા વણાઈ ગએલા કે તેમની નજરે જાતિ, ધર્મ કે સંપ્રદાય ગૌણ બની ગએલાં. એ વખતની આર્ય પ્રતિનિધિ સભાએ વૃંદાવન સ્ટેશનથી આઠ માઈલ દૂર આવેલો એમનો બાગ એમની પાસેથી માગ્યો અને એમણે એ આપી દીધો ત્યારે વ્રજવાસીઓએ તેનો વિરોધ કરેલો. આ વિરોધનું શમન કરવા એમણે 'પ્રેમ' પત્રિકામાં બે લાંબા લેખો પ્રસિદ્ધ કરેલા. જેમાં જણાવેલું કે 'મને તો આખી મનુષ્યજાતિ પ્રત્યે પ્રેમ છે. હું કેવળ એટલું ઇચ્છું કે આપણા સઘળામાં પ્રેમ હો, હરેક દેવમંદિર પર પ્રેમનો ઝંડો ફરકતો હો. આપણે સૌ પાછા પ્રેમી બની જઈને બીજાઓ પાસેથી આવેલા ઝગડા-ફિસાદ આપણા ચિત્તમાંથી દૂર કરીએ.'

રાષ્ટ્રમાં પ્રવર્તમાન ભેદભાવો કેવળ પ્રેમ વડે જ દૂર થવાની એમની શ્રદ્ધા એટલી અચળ હતી કે હરિજનોને પણ પ્રેમથી અપનાવવાની સમાજને એમણે હાકલ કરેલી. ગાંધીજીનું આગમન તો દક્ષિણ આફ્રિકાથી લાંબા ગાળે દેશમાં થએલું, પરંતુ રાજાસાહેબ તેના બે વર્ષો પહેલાં છ કરોડ અછૂતો (ત્યારે એમની વસ્તી સંખ્યા એટલી હતી)ના ઉદ્ધાર

માટે કટિબદ્ધ થએલા. માત્ર હાકલ કરીને બેસી ન રહેતાં આપણે ત્યાંની ચમાર જેવી મજૂરીની ટમટા જાતિના એક અછૂતને ત્યાં અને આગ્રામાં એક ભંગીને ત્યાં ભોજન સુધ્ધાં લીધું. સવર્ણોમાં આથી જબરો ઊહાપોહ જાગી ઊઠયો. પણ રાજાસાહેબ તેની મુદ્દલ પરવા ન કરતાં આ દલિત વર્ગની સર્વાંગીણ ઉન્નતિ માટે ઠેરઠેર સભાઓ ભરવા માંડી. ગરીબ ખેડૂતોને ધિરાણ કરવા માટે સહકારી બૅન્ક સ્થાપવા મથુરાના ન્યાયાધીશને એમણે દશ હજાર રૂપિયા આપેલા.

માનવમાત્રના ઉત્કર્ષના એ આગ્રહીને પોતાના દેશની પરાધીનતા સવિશેષ ખૂંચે એ સ્વાભાવિક હતું. દેશને આઝાદ કરવાના હરેક યત્ન પ્રત્યે એમને સમભાવ હતો. આ આઝાદી યજ્ઞમાં પોતાનો ફાળો આપવા દેહરાદૂનથી એમણે 'નિર્બલસેવક' નામનું સાપ્તાહિક પત્ર પણ શરૂ કરેલું. પરંતુ ત્યારના અંગ્રેજ કલેક્ટરની કોપદૃષ્ટિના ભોગ બની એ બંધ કરવું પડયું. પણ રાજાસાહેબ હાર ખાય તેમ નહોતા. લોકશિક્ષણના પ્રસાર અને લોકમતની જાગૃતિ માટે અખબાર જેટલું જ અથવા એથી યે અદકું મહત્ત્વ રંગભૂમિનું હોઈ એમણે એક નાટક કંપની ઊભી કરેલી અને તેમાં ભજવવા માટેનું સૌપ્રથમ નાટક એમણે પોતે લખી આપેલું.

દક્ષિણ આફ્રિકામાં ગોરાઓના અત્યાચારો સામે ગાંધીજીએ આદરેલા સત્યાગ્રહમાં ભાગ લેવા જવાની એમને પ્રબળ ઇચ્છા હતી. પરંતુ ત્યાંથી મિ. પૉલાકે તે માટે મંજૂરી ન આપતાં છેવટે શ્રી ગોખલેએ એ માટે ઊભા કરેલા ફાળામાં રૂ. એક હજાર આપી સંતોષ માન્યો. પરંતુ હવે આ પરાધીન દેશને સ્વતંત્ર કરવા માટેની તેમની અધીરતા ખૂબ વધી ગઈ હતી. કલકત્તા ને અમદાવાદનાં કૉંગ્રેસ અધિવેશનોમાં હાજરી આપી એ ત્યારની બ્રિટિશ હકૂમતની નજરે તો ચડી જ ચૂક્યા હતા. એવામાં ઈ. ૧૯૧૪નું પહેલું વિશ્વયુદ્ધ સળગ્યું અને રાજાસાહેબને પોતાની આદર્શસિદ્ધિ માટે એમાં અમોલી તક દેખાઈ. દેહરાદૂનથી મુંબાઈ જઈ ત્યાંથી વગર પાસપોર્ટે યુરોપ પહોંચી ગયા. એમના આ મહાભિનિષ્ક્રમણને બુદ્ધના મહાભિનિષ્ક્રમણ સાથે ભાગ્યે જ સરખાવી શકાય, કારણ કે બુદ્ધને તો યશોધરા અને રાહુલ પછી મળેલાં પણ ખરાં, પરંતુ રાજાસાહેબ તો ગયા તે ગયા જ, ફરી કદી પોતાની પત્ની કે પોતાના પુત્રનાં મોં જોવા પામ્યા નહિ. એમના નિવાસન દરમિયાન જ બંને આ દુનિયા છોડી ગએલાં.

ભારતથી સૌપ્રથમ એ ફ્રાન્સ પહોંચ્યા, ત્યાંથી સ્વિટ્ઝર્લૅન્ડ જઈ વિખ્યાત ક્રાન્તિકાર લાલા હરદયાળને મળ્યા. લાલાજી ત્યારે પોતાના ભોજન માટે બટાટા બાફી રહ્યા હતા. રાજાસાહેબે એક પત્રમાં જણાવ્યા પ્રમાણે 'જે દયનીય સ્થિતિમાં એમને જોયા તે ભૂલ્યું ભુલાય તેમ નથી.'

સ્વિટ્ઝર્લૅન્ડથી ઈટલી અને ત્યાંથી જર્મની પહોંચી તેઓ સીધા જ જર્મન સમ્રાટ વિલિયમ કૈસરને મળ્યા. ભારતને સ્વાધીન કરવાની યોજના એમણે જર્મનો સમક્ષ મૂકી. પણ એ યોજના તો જ સફળ બની શકે એમ હતી જો અફઘાન સરકારનો તેમાં પૂરો અને સક્રિય સાથ મળે. રાજાસાહેબ એ સાથ મેળવવા માટે તુર્કી, ઈરાક અને ઈરાન થઈ અફઘાનિસ્તાનના પાટનગર કાબૂલ પહોંચ્યા અને ત્યાં ઈ. ૧૯૧૫ની ૧લી ડિસેમ્બરે પોતાના પ્રમુખપદે સ્વતંત્ર ભારતની સૌ પ્રથમ આરઝી ('પ્રોવિઝનલ') સરકારની સ્થાપના કરી મૌલાના બરકતુલ્લાહને તેના વડા પ્રધાન નિયુક્ત કર્યા.

ભારત, અફઘાનિસ્તાન અને તુર્કીની કાબૂલ મુકામે મળેલી સંયુક્ત બેઠકમાં એવો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો કે ભારત માટેના આ આઝાદી જંગમાં રશિયાને પણ સંમિલિત કરવામાં આવે તો યોજના સફળ થાય. કામચલાઉ સરકારના વડા તરીકે રાજાસાહેબે આ પ્રસ્તાવને અનુસરી ઝાર પર એક ખાસ પત્ર લખ્યો અને એ પત્ર સોનાની થાળીમાં ઝાર સમક્ષ ધરવાને એક ખાસ દૂત રશિયા મોકલી આપ્યો. પરંતુ આ

પત્રનું કંઈ પરિણામ ન આવ્યું, અને એ પછીના થોડા વખતમાં તો રશિયામાં રાજક્રાન્તિ થતાં ઝારનું નિકંદન નીકળી ગયું.

ભારતને સ્વાધીન કરવા સ્વૈચ્છિક નિર્વાસન વેઠી વર્ષોનાં વર્ષો સુધી એ એકના એક ઉદ્યમ પાછળ મચ્યા રહેનાર રાજા મહેન્દ્રપ્રતાપની જોડીનો બીજો કોઈ ભારતીય આ ભૂમિમાં પેદા થવા નથી પામ્યો. કોઈ પરાધીન દેશનો નિવાસી તેની પોતાની સૂઝસમજ પ્રમાણે પોતાના દેશને સ્વાધીન કરવા મેદાને પડે ત્યારે તેના એ પ્રયત્નની ભાગ્યે જ કશી નોંધ લેવામાં આવે છે. પણ એ પ્રયત્ન જો સફળ થયો તો તે મહાન રાષ્ટ્રવીર ગણાઈ તેના નામ પર પ્રશંસાનાં ફૂલો બાંધવામાં આવે છે, કવિઓ એની કીર્તિ કૌમુદી વિસ્તારતા રહે છે, લોકકંઠે એના રાસડા લેવાય છે ને ઇતિહાસ પણ પોતાનાં પૃષ્ઠો પર એને માનભર્યું સ્થાન આપે છે.

દેશ છોડતી વખતે રાજાસાહેબના મોટા ભાઈએ તેઓ પાછા ક્યારે ફરશે એવું પૂછતાં તેમણે જવાબ આપેલો: 'જ્યારે અફઘાન સેના મારી સાથે હશે.' પોતે સ્થાપેલી આરઝી સરકાર વતી એમણે પાંચ હજાર અફઘાન સૈનિકોનું દળ ઊભું કરી વાયવ્ય સરહદેથી ભારતમાં પેસવાની યોજના તૈયાર કરેલી, પણ ચકોર અંગ્રેજોએ તે બર આવવા ન દીધી. ઈ. ૧૯૨૦માં અફઘાન સેના સાથે ભારતમાં પ્રવેશવાની યોજના તૈયાર થતાં અફઘાન સેનાપતિ અબ્દુલ હાફીઝખાંએ રાજાસાહેબને કહ્યું: 'યુદ્ધ થશે, અફઘાન સેના હિન્દુસ્તાનમાં પ્રવેશશે, અને તમે ભારતના હાકેમ બનશો, ત્યારે મને પણ એ વિશાળ મુલકનો એકાદ પ્રાન્ત આપજો.'


'કેવી બેહૂદી વાત કરી રહ્યા છો તમે?' રાજાસાહેબે જવાબમાં કહ્યું.

'આખો પ્રાંત નહિ તો કમમાં કમ એકાદ જિલ્લો તો આપજો.' અફઘાન સેનાપતિ બોલ્યા.

'તમને ભાન છે ખરું કે તમે આ શું બોલી રહ્યા છો? મારા પિતા તરફથી મને મળેલું રાજ્ય પણ મેં તજી દીધું છે. હિન્દુસ્તાનનું તો શું પણ આખી દુનિયાનું રાજ્ય મને મળી જાય તો પણ હું એ તેની જનતાને સોંપી દઉં. ભૂમિ પર કોઈ એક જ વ્યક્તિનો અધિકાર હોવો જ ન જોઈએ એ મારી દૃઢ માન્યતા છે. ભૂમિ સર્વ કોઈની છે ને સર્વને માટે છે.'

વિદેશ ચાલ્યા ગયા પછી દેશમાં તો કોઈને પત્તો જ ન હતો કે રાજાસાહેબ ક્યાં હતા. વાઈસરૉયની કારોબારીમાં એ અરસામાં થએલી એક ચર્ચા પરથી જણાય છે કે ઈ. ૧૯૧૬ના મે માસમાં બ્રિટિશ સરકારને રાજા મહેન્દ્રપ્રતાપની ભગાવતની જાણ થઈ ચૂકી હતી, અને એમની રિયાસતની આવકની એક પાઈ પણ એમને ન મળે એટલા માટે એ વર્ષના જુલાઈમાં એમની તમામ મિલકત જપ્ત કરવામાં આવી હતી અને દેશમાં એ પાછા ફરતાં એમને અદાલત સમક્ષ ખડા કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. એમનાં રાણીને રૂ. ૨૦૦ તથા કુંવરને રૂ. ૪૦૦ માસિક બાંધી આપવામાં આવેલા જેમાં એક યુરોપિયન આયાના વેતનનો પણ સમાવેશ થઈ જતો હતો. આમ છતાં રાજાસાહેબની પ્રવૃત્તિ વિદેશોમાં ચાલુ જ રહેતાં ઈ. ૧૯૨૩માં 'રાજા મહેન્દ્રપ્રતાપ ઍક્ટ ૨૪' પસાર કરી તેમની તમામ સંપત્તિ જપ્ત કરી અંગ્રેજ સરકારે તેમના પ્રેમમહાવિદ્યાલયને પણ તાળાં લગાવી દીધાં. દાયકાઓના નિર્વાસન બાદ રાજાસાહેબ જ્યારે સ્વતંત્ર ભારતમાં પાછા ફર્યા ત્યારે અહીં એમનું કોઈ જ રહ્યું ન હતું ને મિલકતમાં કંઈ જ રહ્યું ન હતું. જે દેશને ખાતર એ ફના થયા હતા એ દેશે સ્વતંત્ર થયા છતાં વિદેશી હકૂમતે જપ્ત કરેલી એમની સંપત્તિ એમને પાછી ન સોંપી એથી બહુ મોટી વિડંબના કઈ હોઈ શકે?

અને દેશને ખાતર ફનાગીરીની એ કક્ષાએ એ પહોંચી ગયા હતા કે એમનો સઘળો સામાન એમના ઓવરકોટનાં બે ગજવામાં જ સમાઈ જતો. પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન દેશને સ્વતંત્ર કરવાની યોજના કારગત ન નીવડયા છતાં તે તો એ જ આદર્શના ભેખધારી બની દેશદેશ



▽ રાજા મહેન્દ્રપ્રતાપ. આ વર્ષે સ્વાતંત્ર્યદિને-૧૫મી ઑગસ્ટે એમની સ્મૃતિમાં બહાર પડેલી ખાસ ટપાલ ટિકિટ પરની છબી. ઈ. ૧૯૫૭ થી ૧૯૬૨ સુધી તેઓ ભારતની લોકસભાના સદસ્ય હતા. ગઈ ૨૯મી એપ્રિલે એમનું અવસાન થયું.

ભટકતા રહ્યા—ક્યારેક કાબૂલ તો ક્યારેક પેકિંગ, ક્યારેક બર્લિન તો ક્યારેક મેક્સિકો, ક્યારેક ન્યૂ યૉર્ક તો ક્યારેક ટોકિયો. ઈ. ૧૯૧૯માં લેનિનને મળી રશિયન મિશન સાથે કાબૂલ આવતાં અફઘાનિસ્તાનના અમીર અમાનુલ્લાહે તેમને ચીનના પ્રમુખ ડૉ. સુન યત સેન, તિબેટના દલાઈ લામા તથા જાપાનના સમ્રાટ હિરોહિતો પર પત્રો લખી આપેલા. રાજાસાહેબ ચીની તુર્કસ્તાન થઈ દુર્ગમ પહાડો વીંધી તિબેટના પાટનગર લ્હાસા પહોંચવા માગતા હતા, પરંતુ કાશગરમાંના અંગ્રેજ અધિકારીએ તેમના આ પ્રવાસ સામે વાંધો લેતાં તે પાછા યુરોપ ચાલ્યા ગયા, અને ત્યાંથી પછી મેક્સિકો.

એક બાજુ માનવપ્રેમની હિમાયત કરનાર રાજા મહેન્દ્રપ્રતાપે બીજી બાજુ સશસ્ત્ર ક્રાન્તિની પણ એટલી જ જોરદાર હિમાયત કરવા પાછળ કોઈને જબરો વિરોધાભાસ લાગે, પણ રાજાસાહેબના વિચારો એ બાબતમાં સ્પષ્ટ હતા. એક પત્રમાં તેમણે લખેલું: 'મને ખૂનાખરાબી પ્રત્યે નફરત છે. યુદ્ધને માટે મારા હૃદયમાં કોઈ આકાંક્ષા નથી. મારો ધર્મ પ્રેમનો ધર્મ છે. પણ જ્યારે આંધી ચાલતી હોય ત્યારે સર્વ પ્રકારની સાવધાની રાખવી પડે છે. ગામભરમાં આગ લાગી હોય ત્યારે કોઈથી શાંત ઓછું જ બેસી રહી શકાય છે?' બીજા વિશ્વયુદ્ધમાં નેતાજી સુભાષચંદ્ર બોઝે અપનાવેલો માર્ગ રાજાસાહેબે તો છેક ૧૯૨૨માં આંકી બતાવ્યો હતો કે 'સંસારમાં કોઈ નવી આપત્તિના સમય આવતાં ભારતે પૂર્ણ સ્વાતંત્ર્યની ઘોષણા કરવી જ રહી. અગર અંગ્રેજોની કોઈ ચાલથી કે અનુભવહીન ભારતીયોના પ્રભાવમાં આવી જઈ ભારત એવું નહિ કરે તો ફરી બીજા કોઈ રાષ્ટ્રના ગુલામ તેને બનવું પડશે.'

ઈ. ૧૯૩૦માં રાજાસાહેબ જર્મની હતા ત્યારે હિટલરે તેમને મળવા બોલાવેલા, પણ એક સમયના કૈસરના સૈન્યના સામાન્ય સિપાઈ જેવા એ જર્મન માંધાતાને મળવાની તેમણે ચોખ્ખી ના પાડી દીધેલી. ત્યાર બાદ એ જાપાન ચાલ્યા ગએલા. એ અરસામાં જિન્દના રાજકુમાર કોઈ કામે જાપાન ગએલા. તેમણે પોતાના બનેવી રાજાસાહેબને મળવાની ઇચ્છા વ્યક્ત કરી, પણ અંગ્રેજોને ખબર ન પડે એમ ચોરીછૂપીથી. રાજા સાહેબના કાન આ વાત પહોંચતાં તેમણે ચોખ્ખું સંભળાવી દીધું કે 'હું એવી વ્યક્તિઓને મળવાનું મુદ્દલ પસંદ નથી કરતો જે આટલી હદે કાયર હોય.'

હરિ: ૐ આશ્રમ તરફનું રૂ. ૫૦નું

ચરિત્ર પારિતોષિક

અંક ૬૭૦–૬૭૧ માટેનું 'સત્યજિત રાય'નાં

લેખિકા સુકન્યા ઝવેરીને મળે છે.

બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળતાં રાજા સાહેબ જાપાનમાં રહે ત્યાં વસતા પ્રસિદ્ધ ક્રાન્તિકારી રાસબિહારી બોઝ સાથે મળીને ભારતને આઝાદ કરવાની પોતાની યોજનાને નવું સ્વરૂપ આપી સૈનિક સંગઠન સાધવા માંડયું. પોતે આ સંગઠનના પ્રમુખ રહ્યા, રાસબિહારી ઉપ-પ્રમુખ. જાપાન સરકારે તેમને સહાય આપવાની તત્પરતા દર્શાવતાં પૂછયું: 'કયા ધ્વજ નીચે તમારી ફોજ આગળ વધશે ?'

'આર્યન ધ્વજ હેઠળ' રાજાસાહેબે જવાબ આપ્યો.

'નહિ, જાપાનના ધ્વજ હેઠળ.' જાપાન સરકારના પ્રવક્તાએ જણાવ્યું.

રાજાસાહેબ આ સાંભળી ક્રોધથી તમતમી ઊઠયા અને સણસણતો જવાબ આપ્યો : 'એક વિદેશી ધ્વજના પતન પછી ભારત પર બીજો વિદેશી ધ્વજ કદાપિ ફરકાવવા દેવામાં નહિ આવે, પછી તે શત્રુરાજ્યનો હોય કે મિત્રરાજ્યનો.'

રાજાસાહેબના આ જવાબ પરથી જાપાને સહાય આપવાનું માંડી વાળ્યું. એટલું જ નહિ, પરંતુ તેમનાં જે નાણાં ત્યાંની બૅન્કમાં હતાં તે પણ જપ્ત કરી લઈ રાજાસાહેબને લગભગ ભિખારી સ્થિતિમાં લાવી દીધા. આ પછી રાસબિહારીએ જર્મનીથી સુભાષબાબુને બોલાવ્યા અને આઝાદ હિંદ ફોજનું સુકાન તેમને સોંપ્યું.

રાજાસાહેબને વિદેશીઓની શરતે અને એમના અધીક્ષણ નીચે દેશને સ્વતંત્ર કરવા પ્રયાસ પાછળ દેશનો ને આત્મા બંનેનો દ્રોહ થતો લાગેલો, અને એ દ્રોહ કરીને પોતાની મહત્તા સ્થાપિત કરવામાં તેમને સુદ્દલ રસ ન હતો. એટલે આવાં ભિન્નભિન્ન કારણોએ પોતાના પ્રયાસમાં સાંપડેલી નિષ્ફળતા તેમણે હર્ષભેર સ્વીકારી લીધી, પણ પોતાનું કે પોતાના દેશનું સ્વમાન એમણે ન વેચ્યું. પહેલા વિશ્વયુદ્ધથી માંડી બીજા વિશ્વ-યુદ્ધ સુધીના એમના ભારતની આઝાદી માટેના અવિરત પ્રયત્નો પર બ્રિટન તો એટલું ખફા હતું કે જાપાનના પતન પછી તેમને માત્ર ગિરફ્તાર જ ન કર્યા, પણ સીધી જ મોતની સજા સંભળાવી દીધી. જો આગળ જતાં આ અંગે નિમાએલી તપાસ સમિતિએ રાજાસાહેબને મુક્ત કર્યા ન હોત તો તેઓ યુદ્ધના અંત સાથે ફાંસીએ જ લટકી ચૂકયા હોત.

બીજા વિશ્વયુદ્ધનો અંત આવ્યો. બ્રિટિશોએ દેશને ખંડિત કરી વિદાય લીધી અને ૩૨ વર્ષના નિર્વાસન પછી રાજાસાહેબ પોતાના દેશમાં પાછા ફર્યા. પણ એમના પુનરાગમન સમયની દેશની પરિસ્થિતિ તદ્દન જુદી જ હોઇને એ લગભગ ઉપેક્ષિત જેવા બની રહ્યા. આમ છતાં દેશના ભાગલા સામે કકળતા અંતરે તેઓ એક વાર જવાહરલાલ નેહરુને મળ્યા અને તેમને કહ્યું : 'હું ભારત–પાકિસ્તાનને ફરી પાછાં એક કરી દેવા માગું છું.'

'તો કરી આપો, અમારાથી તો એ બને તેમ નથી.' નેહરુએ જવાબ આપ્યો.

'તમે મને અયૂબખાન સાથે મેળવી આપો.' રાજાસાહેબે કહ્યું.

'તમે જાતે રાવલપિંડી જઈ શકો છો.' નેહરુએ કહ્યું.

અને ખરેખર રાજાસાહેબ પાકિસ્તાન ઊપડી જઈ ત્યાંના એ વખતના સરમુખત્યાર અયૂબખાનને મળ્યા અને તેમને કહ્યું : 'હું જાટ છું, તમે પણ જાટ છો, આપણે એક થઇએ.'

રાજાસાહેબ ભારત–પાકિસ્તાનને તો એક ન કરી શકયા, પણ બંને દેશોના જાટોને એક કરવા 'જાટ સંઘ'ની સ્થાપના કરતા આવ્યા જેના પ્રમુખ એ પોતે અને ઉપપ્રમુખ અયૂબખાન બનેલા.

સ્વાતંત્ર્યની બલિવેદિ પર પોતાનું સર્વસ્વ હોમી દેનાર આઝાદીના આ દીવાનાએ એમની વિદેશોની રઝળપાટ દરમિયાન દિવસોના દિવસો ભૂખ્યા-તરસ્યા ગાળેલા પણ જીવનમાં આવી પડેલી મુસીબતોની ફરિયાદ તો શું પણ એની વાત સુધ્ધાં કોઇને નહોતી કરી. ભારતને કિનારે પગ મૂકતાં જ તેઓ ગાંધીજીને મળવા સીધા વર્ધા ઊપડી ગએલા અને ગાંધીજી આંખમાં આંસુ સાથે તેમને ભેટી પડેલા. ગાંધીજી જો વધુ જીવ્યા હોત તો રાજા મહેન્દ્રપ્રતાપસિંહ કદાચ આટલી હદે ઉપેક્ષિત રહ્યા ન હોત; તેઓ દેશકાળને અનુરૂપ જરૂર એમને કોઈ ને કોઈ પ્રવૃત્તિમાં જોડી દેત. રાજાસાહેબ પોતે તો હમેશાં આત્મશ્લાઘાથી દૂર રહેતા આવેલા—એટલે સુધી કે આંતરરાષ્ટ્રીય મહત્ત્વ ધરાવતી પોતાની સુદીર્ઘ કામગીરી અંગે પણ એ કશું લખતા નથી ગયા. અને એમની એ નિઃસ્પૃહતા જાણે દંડનીય હોય તેમ મરણોત્તર એમની એક સ્મારકટિકિટ બહાર પાડવાની ઔપચારિકતા સિવાય એમના કોઈ ચિરસ્મરણીય સ્મારકની જરૂર આપણે નથી જોઈ. □

અનુસંધાન] દુનિયાના ટાપુઓ [પૃ. ૩૮૫થી

આના પરથી સ્પષ્ટ થાય છે કે જે ટાપુઓ મુખ્ય ભૂખંડોની નજીક આવેલા છે તેમ જ જ્યાં વસવાટ યોગ્ય અનુકૂળતાઓ છે તેવા ટાપુઓ પર વસ્તીનું દબાણ ઘણું જ વધવા પામ્યુ છે. કોઠામાંથી ખયાલ આવે છે કે બર્મ્યુડા, હૉંગકૉંગ અને સિંગાપોરનાં ક્ષેત્રફળના પ્રમાણમાં ત્યાંની વસ્તીનું દબાણ ઘણું જ વધુ જોવા મળે છે, તો બીજી બાજુ વિશ્વના સૌથી મોટા ટાપુ ગ્રીનલૅન્ડ પર વસ્તી ૫૦,૦૦૦ જેટલી જ છે, જે ભારતના કોઈ સામાન્ય શહેર કરતાં પણ ઓછી કહી શકાય. ગ્રીનલૅન્ડનું શીત કટિબંધ પરનું સ્થાન પણ આ માટે જવાબદાર છે.

બીજી બાજુ છેલ્લાં ૧૨૫ વર્ષથી મારૂકવિસ ટાપુ પર વસ્તીનો ઘટાડો ૧,૦૦,૦૦૦ પરથી ૩,૦૦૦ સુધી થયો છે. અણધારી કુદરતી આફતોનાં કારણે કેટલીક વાર આમ થતું જોવા મળે છે. સમુદ્રમાં આવેલા ટાપુઓમાં કયારેક ધરતીકંપ, જ્વાળામુખીના વિસ્ફોટ કે પ્રચંડ દરિયાઈ તોફાનથી બચવા ઘણી વાર માણસો સ્થળાંતર પણ કરી જાય છે. એ જ રીતે કેટલાક ટાપુઓ પરનો વસ્તીવધારો નજીકના ભૂખંડો પરથી સ્થળાંતર કરીને આવેલા લોકોના કારણે ઊભો થયો હોય છે. આવા વસ્તી વધારામાં પ્રજાનું પચરંગીપણું ધ્યાન ખેંચે છે. હવાઈ ટાપુઓમાં કૉકેસીયસ, હબસી, ભારતીય, જાપાની, ચીનીઓ અને ફિલીપાઈનવાસીઓ વસ્યા છે. મોરિશિયસમાં ફ્રેન્ચ અને બ્રિટિશરો ખેતીકામ માટે સંખ્યાબંધ હિંદીઓ અને ચીનાઓને ત્યાં લઈ ગયા હતા. આજે પણ એ બે દેશના લોકોનું પ્રમાણ વિશેષ છે. ઝાંઝિબાર ટાપુઓ પર આફ્રિકાવાસીઓ, અરબો અને ભારતીયોનું આજે પણ આધિપત્ય છે, તો બીજી બાજુ ઇન્ડોનેશિયાના ટાપુઓ પર હિંદુ ધર્મનો ઊંડો પ્રભાવ પાડનાર હિંદવાસીઓ ઘણા મોટા પ્રમાણમાં જઇને પેઢીઓથી વસ્યા છે.

હવે વસ્તીવધારાનો પ્રશ્ન આ ટાપુઓમાં ઉત્કટ થયો છે. રોજીરોટી માટે ત્યાંથી એ લોકોને સ્થળાંતરો કરવાં પડે છે. આ રીતે બાર્બાડોસના હબસીઓ પનામા નહેરના કામ વખતે રોજી મેળવવા હજારોની સંખ્યામાં ત્યાં જઇને વસ્યા છે. વેસ્ટ ઇન્ડીઝના ટાપુવાસીઓએ જમૈકાનાં શેરડીનાં ખેતરોમાં ને કયુબાવાસીઓએ બ્રિટનમાં પ્રવેશ મેળવ્યો છે. જ્યારે જાપાનીઓ અને ફિલીપાઈન્સ લોકો હવાઈ ટાપુઓ પર જઇને વસ્યા છે.

આમ, એક કાળે નકશા પર માત્ર એક ટપકા રૂપે મુકાવા સિવાય જેમનું કોઈ મૂલ્ય નહોતું એવા, સમુદ્રોમાંના હજારો નાનામોટા ટાપુઓ બદલાતી જતી દુનિયામાં આજે અનેકવિધ કારણોસર મહત્ત્વ પામી રહ્યા છે. □

નિઃસ્વાર્થી સ્વાર્થ

લેખક - મહેન્દ્ર વ. પંડયા

વર્ષો જૂની વાત છે, પણ કેટલીક વાર અમુક બનાવ અથવા વસ્તુ-સ્થિતિ એટલી સચોટ રીતે મનમાં સમાઈ જાય છે કે તેની, સમય જતાં પણ વિસ્મૃતિ થતી નથી. અણધાર્યે પણ તે સપાટી પર તરી આવે છે અને ત્યારે ભૂત વર્ષો પુનર્જીવિત થઈ, ફરી પાછાં આપણી દૃષ્ટિ સમક્ષ એવા ને એવા જ સ્વરૂપમાં ખડાં થાય છે. અતીત અને વર્તમાનનો એવો એક સેતુ સંયોગ મારા જીવનમાં પણ થયો હતો.

હું અને મારો મિત્ર નિખિલેશ, એક સાંજે શહેરના કોઈ વસ્તીવાળા માર્ગે જતા હતા. લોકોની અવરજવર તે સમયે સારી હતી ને નિખિલેશ તેની ટેવ પ્રમાણે વાતોમાં ગૂંથાએલો હતો. એટલામાં તેણે માર્ગની સામી બાજુ ધીમી ગતિએ ચાલતી કોઈ વ્યક્તિ પ્રત્યે મારું ધ્યાન દોર્યું.

'પ્રદીપ—જો—સામે કોણ જાય છે?' મેં તેણે સૂચવેલી દિશામાં જોયું પણ કાંઈ નોંધપાત્ર ન લાગ્યું. એક વયોવૃદ્ધ, આદરણીય, સંસ્કારી, સાદાઈને વરેલા સજ્જન માટે આટલો ઊહાપોહ નિખિલેશ કરે એમ માનવામાં ન આવ્યું. મેં પૂછ્યું : 'નિખિલેશ, તું કોની વાત કરે છે?'

'અરે, કેમ? પેલા માણસની! જો તે હવે જરા દૂર ગયો છે... ધ્યાનથી જો; તેને પૂરેપૂરો નીરખી લે. એના જેવો સ્વાર્થી, લોભી, દયા હીન તને શોધ્યો નહિ જડે. મને તો ઘૃણા ઉત્પન્ન થાય છે, તેના પ્રત્યે. તિરસ્કાર, ક્રોધ...'

એ વ્યક્તિ તો તેટલામાં માનવસમુદાયમાં ભળી ગઈ હતી. હવે તેને અનુસરવાનો, શોધવાનો પ્રશ્ન જ ન હતો પણ નિખિલેશના લાગણી-આવેશપ્રધાન શબ્દોએ મારું કુતૂહલ જગાડ્યું હતું. મનમાં એક શાંત કોલાહલ શરૂ થયો હતો અને તેના સમાધાનાર્થે મેં નિખિલેશ પાસેથી તે વ્યક્તિ વિષે માહિતી મેળવવા પ્રયાસ કર્યો. બહુ ઉપલબ્ધ ન હતું. નિખિલેશનો પૂર્વગ્રહ એટલો તીવ્ર અને ઉત્કટ હતો કે એકપક્ષી રજૂઆત જ શક્ય બની! પણ તેમાંથી મને અગત્યના થોડા મુદ્દાઓ મળ્યા. એ ભાઈ કોણ હતા, ક્યાં રહેતા હતા, એમનો શો વ્યવસાય હતો વગેરે. અને આટલી માહિતીથી સજ્જ થઈ મેં મારું સ્વ-આમંત્રિત સંશોધન-કાર્ય શરૂ કર્યું. મને મારા મનમાં કોઈ સાદ ઊંડેથી કહેતો હતો : 'ના, આ વ્યક્તિને અન્યાય થાય છે—તે સ્વાર્થી, લોભી દયાહીન ન હોઈ શકે.'

મારા સંશોધનને પૂરું થતાં ઘણો સમય લાગ્યો. વચમાં વિઘ્નો પણ આવ્યાં હતાં. પરંતુ અંતે મને સફળતા મળી એનો આનંદ થયો, અને વધુ હર્ષ તો એનો હતો કે ઘોર અન્યાયમાંથી મેં એક નિર્દોષ તથા નિઃસ્વાર્થી, નીડર વ્યક્તિને ઉગારી લીધી હતી.

દાયકાઓ પહેલાંનો સમય. એક નાનું ગામ અને તેમાં વસતું એક સંતોષી, સંસ્કારી, શિક્ષિત પણ સામાન્ય સ્થિતિનું કુટુંબ. પરિવારના વડા નિવૃત્ત ધારાશાસ્ત્રી અને તેમનો દીકરો કોર્ટમાં વકીલાત કરે. મળતાવડા સ્વભાવ, વિદ્વત્તા અને ઉદ્યોગીપણાને લીધે તેમણે ઠીકઠીક નામ મેળવ્યું હતું અને કાયદા ઉપરાંત અન્ય સામાજિક વિષયોમાં પણ સક્રિય રસ ધરાવતા હોવાથી, તેમના લેખો પ્રસિદ્ધ થતા હોવાથી, રમતગમતોમાં પણ ભાગ લેતા હોવાથી, તેમનું મિત્રવૃન્દ પણ પ્રમાણમાં મોટું ઘેર પણ તેમની સલાહ લેવા લોક આવતા. મ્યુનિસિપાલિટીમાં સભ્ય; સામાજિક સંસ્થાઓના ટ્રસ્ટી. ટૂંકમાં પોતાની વય ૪૦ની આસપાસ હોવા છતાં, પિતાની અને પોતાની લાયકાતને લીધે, સંપત્તિનો અભાવ હોવા છતાં લોકપ્રિય થઈ પડેલા હતા. પરંતુ સ્વભાવે શાન્ત, શરમાળ, ઓછાબોલા હોઈ, પ્રકાશમાં આવવામાં કે બીજાને પાછળ ધકેલી દેવામાં તેમને રસ ન હતો. નામ ધીરજલાલ, અને નામ તેવો ગુણ તેમનામાં વાસ કરતો. પિતાના અવસાન પછી ઘરનો ભાર પોતાને માથે આવ્યો તો પણ જરા યે અસ્વસ્થતા અનુભવી નહિ. પરિવાર મોટો હતો. પુત્ર, પૌત્ર, પુત્રવધૂ, બેન, પત્ની, માતા વગેરે પણ હતા અને જીવનનિર્વાહનો પ્રશ્ન વિકટ બનતો જતો હતો. પરંતુ ઈશ્વરની દયામાં વિશ્વાસ અને અખૂટ શ્રદ્ધા, અને પોતાના ઉદ્યમ તથા ભાવિ માટે આશાવાદ રાખી દિવસો પસાર કરતા ગયા.

મોટો પુત્ર શહેરની કૉલેજમાં ભણે. એ બી.એ. થાય, એલએલ.બી. થાય ને વકીલાત શરૂ કરે એ દિવસની વાટ તે ચાતકદૃષ્ટિએ જોતા. પણ વિધિએ જુદું જ ધાર્યું હતું તેની કોને જાણ હતી? પુત્ર પહેલે વર્ષે અને પછી બીજે વર્ષે પણ પરીક્ષામાં નાપાસ થયો. મહેનતુ હતો. કોઈ અનિચ્છનીય મિત્રો ન હતા. વ્યસન પણ નહિ. એટલે પિતાએ પહેલી નિષ્ફળતાએ મૌન સેવ્યું હતું. પરંતુ, જ્યારે આનું પુનરાવર્તન થયું ત્યારે ધીરજલાલે પુત્રને શાન્ત સ્વરે કહ્યું : 'જો બેટા, આમ ક્યાં સુધી ચાલશે? તને અભ્યાસ ન ગોઠતો હોય તો કોઈ નોકરી લઈ લે. મારું ઓળખાણ છે તેથી કદાચિત તને નોકરી મેળવવામાં બહુ ઢીલ નહિ થાય.' અને આ પ્રમાણે અભ્યાસ છોડી તેણે એક ઑફિસમાં નોકરી મેળવી.

તેના ઉપરી ધીરજલાલને ઓળખે, પણ સ્વભાવે ઉગ્ર. કોઈ ભૂલ થાય, આવતાં જરા પણ મોડું થાય, કોઈ કામ અપૂર્ણ રહી જાય, તો તરત જ ક્રોધે ભરાય. આમ સામાન્યતઃ પણ નિષ્ફળતાને લીધે એનામાં લઘુગ્રંથિ તો હતી જ; અને હવે નોકરીના ભાર હેઠળ તે વધતી ગઈ. મનમાં ભય સેવાતો રહ્યો કે કાંઈ થશે તો નોકરીમાથી જાકારો મળશે. આમ દિવસે દિવસે તે વધુ ને વધુ વિહ્વળ, શૂન્યમનસ્ક બનતો ગયો. વાતચીતમાં, કામકાજમાં અસ્થિરતા આવતી ગઈ. આત્મવિશ્વાસ ઘટતો ગયો. જે કરે તે ઉતાવળે, ભયભીત હોય એમ રહીને કરે. એક દિવસ સવારે ઑફિસમાં જતાં મોડું થવાના ભયે તે પૂરી સાવચેતી વિના માર્ગ ઓળંગવા ગયો અને કોઈ પુરપાટ ઝડપે આવતી મોટર સાથે અથડાતાં તે રસ્તામાં દૂર ફેંકાઈ ગયો. ભાન આવતાં પણ વાર લાગી બન્ને પગને ભારે નુકસાન થયું હતું, અને મહિનાઓની પથારી અને ખર્ચ પછી પણ આજીવન ચાલવાનું મુશ્કેલ જ રહ્યું.

તેના નાના ભાઈની જીવનકહાણી પણ તેવી જ ઉદ્વેગભરી હતી. બી.એ. થયા પછી એલએલ. બી.નો અભ્યાસ પણ તેણે શરૂ કર્યો હતો. પિતા ધીરજલાલ. જેઓ હવે પોતાનો ભાર પુત્ર સંભાળે તે દિવસની ઉત્સુકતાપૂર્વક વાટ જોતા હતા, તેને માર્ગદર્શન આપતા. સાથે કોર્ટમાં લઈ જતા, પરિચય કરાવતા, આશાના મિનારા બાંધતા. વચમાં પુત્રો, બેન, પુત્રીઓના લગ્નપ્રસંગો આવે ત્યારે કુટુંબને અનુરૂપ ખર્ચ કરવું પડતું. અને તે સર્વે માટે એકલા હાથે વ્યવસ્થા કરવી એ હવે સરલ ન હતું. મન અને શરીર બન્ને શિથિલ થતાં હતાં, ઉંમર પણ ૫૫ ૬૦ ને સ્પર્શતી થઈ હતી, પણ દીકરો વકીલ થઈ પોતાને, પરિવારને સહાય કરતો થશે એ આશાએ જીવનમાં આનંદ ઉલ્લાસ રહેતો

દીકરો વકીલ થયો અને કોર્ટમાં વકીલાત શરૂ પણ થઈ. ધીરજલાલ હવે વધુ ધર્મપરાયણ થતા ગયા. કોર્ટ કચેરીનું કામ ધીમે ધીમે ઓછું કરતા ગયા અને તેમનો જાહેર સંપર્ક પણ પરિણામે ઘટતો ગયો. એકાદ વર્ષ આમ ચાલ્યું હશે ત્યાં આ દીકરાને અસાધ્ય રોગ લાગુ પડ્યો. વકીલાત બંધ થઈ, કમાણીનું સાધન સુકાયું અને વળી પાછા દવા સારવારના વધતા જતાં અને લાંબા સમયનાં ખર્ચો શરૂ થયા. શક્ય એટલા સર્વે ઉપાયો, પૈસાનો વિચાર માત્ર પણ કર્યા વિના, ધીરજલાલે શરૂ કર્યા અને ચાલુ રાખ્યા. મોટાં શહેરોમાં અનેક વિખ્યાત ડૉક્ટરોની સલાહ લીધી. હૉસ્પિટલમાં દાખલ કરવામાં પણ કચાશ ન હતી પણ પાચ

મહિના પછી આ વકીલ-દીકરાનું, નાની ઉંમરે અવસાન થયું.

અણધારી અને વિકટ સ્થિતિને પહોંચી વળવા ધીરજલાલે ફરી વકીલાત (૨) ડગ માંડયાં. માનસિક, શારીરિક, આર્થિક...સર્વ મુશ્કેલીઓનો સામનો કરવામાં તેમણે મહિનાઓ ગાળવા માંડયા, પણ તેમની શક્તિઓ ક્ષીણ થતી હોય એમ લાગ્યું. તાવ આવવા માંડયો, ભૂખ મરી ગઈ, શરીરમાં વ્યાધિ થવા લાગી અને જ્યારે નિદાન કરાવવું જ પડયું ત્યારે ડૉક્ટરે અભિપ્રાય આપ્યો : 'ધીરજલાલ, ગભરાશો નહિ. હવે વિજ્ઞાન આગળ ઝડપથી પ્રગતિ કરતું આવ્યું છે ને સારું થઈ જશે. પણ સમય લાગશે...તમને...કૅન્સર થયો છે!'

સાંભળતાં જ ધીરજલાલ મનોબળ ખોઈ બેઠા. મનમાં આની શંકા તો હતી જ. ઘરમાં બીજું કાંઈ સમવયસ્ક અથવા મોટું નહિ, એટલે આ વાત પોતે પોતાનામાં જ સમાવી હિંમત રાખતા; કૅન્સર ન પણ હોય, એમ આત્મવંચના પણ કરતા. પણ જ્યારે ડૉક્ટરે જ નિઃસંદેહ રીતે કહ્યું ત્યારે એમની હિંમત તૂટી પડી. વિચાર પોતાના સુખદુઃખનો નહોતો. પરિવારના ભાવિની ચિંતા તેમને ચોપાસ વીંટળી વળી હતી.

કૅન્સરની સારવાર માટે એમને હૉસ્પિટલમાં લાવવામાં આવ્યા. બેરિયમથી નિદાન તો થયું હતું અને હવે રેડિયોથેરેપી શરૂ થઈ. પહેલાં તો ખોરાક લેવાતો ન હતો, પણ ધીરે ધીરે સુધારો થતો ગયો અને બેત્રણ મહિના પછી ઘેર જવાની, પથારીવશ રહેવાની, ત્યાં સારવાર ચાલુ રાખવાની છૂટ મળી. દવાઓ, ઈન્જેક્શનો વગેરેની મોટી યાદી હતી ને શક્તિ આવે તે માટે દૂધ, ફળફળાદિ, પુષ્ટિકારક ખોરાક લેવા માટેનો આગ્રહ!

હવે કમાણીનાં સાધનો બંધ થયાં ત્યારથી કુટુંબનો નિર્વાહ બચત અને વ્યાજ પર ચાલતો. પણ આ સ્રોત અખંડ અને પૂરતા પ્રમાણમાં રહે તે ઘણું આવશ્યક હતું. કૅન્સરની પાછળ અણકલ્પેલ મોટું ખર્ચ થઈ ગયું હતું અને તેથી આર્થિક પરિસ્થિતિ વધુ ને વધુ કફોડી બનતી જતી હતી. બીજી બાજુ એમની સારવાર માટે ડૉક્ટરે સૂચવેલી વસ્તુઓ લાવવી, એ પણ એટલું જ આવશ્યક હતું અને તેથી ઘણી યે વાર, પરિવાર પોતાની જરૂરીઆતો જતી કરી, બચેલાં નાણાંમાંથી સારવાર-સાધનો લાવતો. ઘરમાં બાળકોને દૂધ ન હોય, કપડાં-ખોરાકમાં પણ અપૂર્ણતા હોય પણ ધીરજલાલની જરૂરીઆતો સંતોષાતી. કોઈ વાર કલેશ પણ થતો. બીજા ઓરડામાં મોટે સાદે અને ઉગ્રતાથી બોલાએલા શબ્દો ધીરજલાલને ખાટલે સૂતે સૂતે સંભળાતા: 'હવે આપણને કોણ પૈસા વિના ઉધાર સામાન આપશે?...ઉછીના લીધેલા પૈસા અને વ્યાજ ક્યારે ભરપાઈ થશે?...આ વિકટતમ સ્થિતિ ક્યારે અને કેમ સુધરશે? વગેરે.'

આ સાંભળતા જાય તેમ મનમાં વધુ ને વધુ મંથન થતું જાય, ઘર્ષણ વધતું જાય. પોતે નિર્બળ પરાધીન, થઈ બીજાને ભોગે જીવી રહ્યા છે, કુટુંબ પર ભારરૂપ બન્યા છે, એવા વિચારો તેમની આંખો ભીની કરતા અને પોતાના જીવનનો વહેલો અંત આવે તો પછી તો કોઈને ભોગ આપવો નહિ પડે ને, એમ વિચારી સૂતાં સૂતાં ઈશ્વરને પ્રાર્થના કરવા લાગતા કે એમનો જીવનદીપ તે જલદીથી હોલવી નાખે! પણ મૃત્યુ, જે માગ્યું આવતું નથી, તે રિસાઈ બેઠું હતું અને દિવસો પર દિવસો વીતતા જવા છતાં તેમની પ્રાર્થનાને પ્રતિસાદ મળતો ન હતો! અને ઘરમાં દારિદ્રના ઓળા હવે સર્વત્ર દેખાવા લાગ્યા હતા.

એક રાત્રે તેઓ સૂતા હતા ત્યારે રુદનનો અવાજ સાંભળ્યો. તે સફાળા બેઠા થયા. ધ્યાનથી સાંભળવા લાગ્યા. તે રુદન હૃદય કંપાવનારું હતું. તેમણે તે પળ અને ઘડીએ નિશ્ચય કર્યો : 'આમ પરાધીન થઈ પડી રહેવા, મૃત્યુની વાટ જોયા કરવા કરતાં સ્વાશ્રયી અને સબળ થઈ કુટુંબને સુખી કરવું, ફરી સમૃદ્ધ કરવું, એ જ મારું કર્તવ્ય છે. આટલા દિવસ હું કાયર થઈને પડી રહ્યો—ધિક્કાર છે મને!' અને તે સમયથી પોતે નવું જ મનોબળ ગ્રહણ કરી, ફરી સાજા થવા માટે પ્રયાસો આદરવા માંડયા.

અત્યાર સુધી, બીજાને મળે તે હેતુથી કોઈ વાર દૂધ ન લેતા; ખર્ચ ઓછું થાય માટે દવા-ઈન્જેક્શનનો અસ્વીકાર કરતા. હવે આ બધાંમાં પરિવર્તન આવવા લાગ્યું. હવે માગીને બધું મેળવવા આગ્રહ રાખ્યો. પરિવારને વધુ સહન કરવું પડતું, છતાં તેનો વિચાર પણ ન કરતા હોય, એમ નિયમિતપણે બધું મળવું જ જોઈએ, એમ આગ્રહથી કહેવા લાગ્યા. બધાંને આશ્ચર્ય થયું. જરા ક્રોધ પણ થયો : 'નાનાં બાળકો ભૂખે મરે છે ને એમને આ બધું લેવું છે...પૈસા ક્યાંથી આવશે તેનો વિચાર કરે છે?...આ તે કેવો સ્વાર્થ, કેવી દયાહીનતા' વગેરે વિચારો મુક્ત કંઠે ઘરમાં ફેલાતા ગયા...પણ ધીરજલાલે તેની પરવા ન કરી. જાણે તેમને તેની કાંઈ જ ખબર ન હોય, તેમ તેઓ બધું માગીને લેવા લાગ્યા. ઈશ્વરની દયા કહો તો તેથી, અથવા તેમના અસાધારણ મનોબળ ને દવા-ખોરાકથી, કે પછી પ્રારબ્ધના જોરે, ધીરજલાલ પંદરેક દિવસમાં પાછા હરતાફરતા થયા. માંદગી ગંભીર હતી એટલે શક્તિ થોડા જ પ્રમાણમાં પાછી આવી હતી. છતાં, મનોબળે તેઓએ ફરી વકીલાત શરૂ કરવાનાં સ્વપ્નો રચ્યાં.

પોતાના અસીલોને જણાવ્યું કે પોતે હવે નિયમિત રીતે કોર્ટમાં આવશે. થોડાં વર્ષોથી વકીલાત મૂકી દીધી હોવાથી તેઓ પહેલાં જેટલા જાણીતા રહ્યા ન હતા. બીજા વકીલોએ તેમનું સ્થાન લીધું હતું અને જૂના પ્રતિસ્પર્ધીને આવકારવા આતુર ન હતા. માંદગીને લીધે માનસિક અને શારીરિક અશક્તિ પણ દેખાતી અને તેથી અસીલોની તેમનામાં શ્રદ્ધા ઘટી હતી. ન્યાયાધીશો પણ તેમના પ્રતિ-આગમનને (સાચી સ્થિતિ વિષે અજ્ઞાત હોવાથી) આશ્ચર્યથી જોતા. પણ એમનું મનોબળ ઘણું હતું. જીવન-મરણનો તેમને માટે સવાલ હતો. અને તેથી તેઓ અણનમ ને નીડર રહ્યા. નાના કેસો મળતા ગયા. અનુભવ, વિદ્વત્તા અને ઉદ્યમને લીધે તેઓ સફળતા મેળવતા ગયા અને કાલક્રમે વધુ ને વધુ કેસો તેમને મળતા ગયા અને તેમનું નામ એક બાહોશ ધારાશાસ્ત્રી તરીકે ફરીથી બોલાતું ગયું. તેમની વય, તેમની વ્યથાની કથા (જે ધીમે ધીમે બહાર આવતી ગઈ), પણ તેમને સહકાર આપતાં ગયાં, અને પરિણામે ૬૫ની વય વટાવી ગએલા આ ધારાશાસ્ત્રી, એક પોતાની કારકિર્દીનો આરંભ કરતા, નવા યુવાન વકીલને શરમાવે એવી ચીવટથી કેસો મેળવી ધન-સંપત્તિ એકઠી કરતા ગયા!

પ્રતિસ્પર્ધીઓએ પ્રથમ તો તેમને લોભી અને સ્વાર્થી ગણ્યા હતા, જે મરણપથારીથી ઊતરી પાકી વયે તેમના હાથમાંથી કામ ખેંચી લેવા તત્પર બન્યા હતા. પરિવારમાં પણ જ્યારે આવશ્યક ચીજો બાળકો વગેરેના ભોગે તેમને મેળવી આપવી પડતી હતી, ત્યારે તેમને દયાહીન અને સ્વાર્થી કહેવાઈ જતું...પણ ધીમે ધીમે આ ગેરસમજ ઊકલતી ગઈ. તેમની 'સ્વાર્થી, લોભી, દયાહીન' વૃત્તિના રહસ્યનો જેમ સ્ફોટ થતો ગયો તેમ તેમને માટે આદર, સ્નેહ અને સહાનુભૂતિ ઉત્પન્ન થતાં ગયાં.

ત્યારે લોકોએ જોયું અને જાતે અનુભવ્યું કે ધીરજલાલનો 'સ્વાર્થ' નિઃસ્વાર્થ હતો. એક વીરને છાજે તેવો હતો. તેમાં દિવ્યતાનો અંશ અને માનવતાનો અખંડ રણકાર હતો. પરંતુ કેટલાકને સત્ય જોવાની કે સમજવાની ઇચ્છા કે શક્તિ નથી હોતી, જે સાંભળે તેને જ સત્ય માની લેવાની નિષ્ક્રિય વૃત્તિ તેઓ સેવે છે. નિખિલેશ તેવામાંનો એક હતો.

પરંતુ મને તો ધીરજલાલ માટે અસીમ આદર છે. પોતાના સુખનો લેશમાત્ર વિચાર ન કરતાં પોતાના કર્તવ્યને જે લક્ષ્ય બનાવે અને તેને માટે લોકવાયકાને ન ગણકારતાં, તિરસ્કાર, મનોવેદના વગેરેનો સામનો કરે, તેવા ધીરજલાલને ઈશ્વરે પણ સહાય કરી અને આજે તેમનું કુટુંબ સુખી છે, ચિંતામુક્ત છે. ધીરજલાલ પોતે સ્વસ્થ છે; પરંતુ વિધાતા સામે ઝઝૂમીને ખેલેલા વિગ્રહની નિશાનીઓ તેમના વદન અને અંગ પર જોનારને અવશ્ય મળશે—એ સંસ્કારી, વયોવૃદ્ધ, સાદા અને આદરણીય વ્યક્તિના પરિચયથી. □

પલટાતી પરિસ્થિતિઓથી હવે જેનું મહત્ત્વ વધવા માંડ્યું છે તે, નકશા પરનાં ટપકાં

દુનિયાના ટાપુઓ

લેખક · જી. વી. પટેલ

પૃથ્વીની સપાટીના ૭૦.૮૮ ટકા વિસ્તારમાં સમુદ્રો અને ૨૯.૧૨ ટકામાં ભૂમિખંડો છે. એટલે કે પૃથ્વી પર લગભગ પોણા ભાગમાં પૅસિફિક, ઍટલાંટિક, હિંદી અને આર્કટિક મહાસાગરો સહિત સમુદ્રનાં જળ ફેલાએલાં છે. આ મહાસાગરોમાં હજારોની સંખ્યામાં ટાપુઓ છે, અને આધુનિક યુગમાં અનેક રીતે આ ટાપુઓનું મહત્ત્વ વધતું જોવા મળે છે.

સમુદ્રના ટાપુ વિષે ચોક્કસ વ્યાખ્યા આપવી મુશ્કેલ છે. સામાન્યત: જે ભૂમિ-વિસ્તારની ચારે બાજુ પાણી હોય તેને આપણે ટાપુ કહીએ છીએ. પરંતુ આને જ ટાપુની ચોક્કસ વ્યાખ્યા માની લઈએ તો તેમાં મોટામાં મોટી ભૂલ થવાનો ભય રહેલો છે. આમ તો બધા જ ભૂ ખંડોની ચોપાસ પાણી રહેલું છે છતાં આ ખંડોને આપણે ટાપુ ગણતા નથી. પૅસિફિક મહાસાગરનું ક્ષેત્રફળ ૧૬.૫ કરોડ ચોરસ કિલોમીટર છે. એટલા વિસ્તારમાં તો પૃથ્વી પરના બધા જ ભૂ-ખંડો સમાઈ જાય. મતલબ કે વિશાળ મહાસાગરોના જલ વિસ્તારોમાં ભૂ ખંડો ટાપુ જેવા જ લાગે. પણ આપણે ઉત્તર અને દક્ષિણ અમેરિકા, યુરોપ, એશિયા, આફ્રિકા તેમજ ઑસ્ટ્રેલિયાને ટાપુ કહેતા નથી.

એટલે મુખ્ય ભૂ ખંડો બાદ કરતાં તેમની નજીક કે દૂર સાગરજળની બહાર દેખાતા વચ્ચેના ભૂ વિસ્તારને ટાપુ કહેવામાં આવે છે. આ રીતે ૧ ચોરસ કિલોમીટરથી માંડીને ૨૨,૬૮,૦૦૦ ચોરસ કિલોમીટર ક્ષેત્રફળવાળા ગ્રીનલૅન્ડ જેવા જલ-આવૃત્ત ભૂખંડોની ગણના ટાપુમાં જ થાય છે. આ રીતે પૃથ્વી પર નાનામોટા ૪૫,૦૦૦ જેટલા ટાપુઓ છે, અને આમાંના ૨૦,૦૦૦ તો એકલા, વિશ્વના સૌથી મોટા પૅસિફિક મહાસાગરમાં જ છે, જ્યારે બીજા ટાપુઓ ઍટલાંટિક, હિંદી તેમ જ આર્કટિક મહાસાગરમાં છે. આમાં ગ્રીનલૅન્ડ એ દુનિયાનો સૌથી મોટો ટાપુ છે.

સામાન્યરીતે ચોપાસ સાગરજળથી વીંટળાએલા ટાપુઓનું હવામાન માનવ વસવાટ માટે અનુકૂળ એવું સમધાત હોય છે; પણ છતાં બધા જ ટાપુઓ માનવ-વસ્તીવાળા નથી. જાપાન તેમ જ ઈન્ડોનેશિયાના કેટલાક ટાપુઓ અત્યંત નાના કદના છે. ઈન્ડોનેશિયાના ટાપુ વિસ્તારમાં ૧૩,૬૬૭ ટાપુઓનો સમાવેશ છે, પણ તેમાંના ૭,૬૦૦ ટાપુઓને તો હજી નામ પણ અપાયાં નથી, તેમ જ કેટલાક ટાપુઓ આજે પણ નિર્જન પડ્યા છે. આવા ટાપુઓ પર ફક્ત લીલાં જંગલો જ છવાએલાં હોઈ તેના પર માત્ર પ્રાણીઓ અને પક્ષીઓનો જ વસવાટ છે. આવી જ રીતે શીત કટિબંધના વિસ્તારમાં આવેલા ટાપુઓ પણ ભૌગોલિક પ્રતિકૂળતાને લીધે હજી નિર્જન પડ્યા છે.

સાગર મહાસાગરોના ટાપુઓ તેમના સ્થાન પ્રમાણે બે વિભાગમાં વહેંચાય છે: ૧) ઉપખંડીય ટાપુઓ અને ૨) ખંડીય ટાપુઓ.

ભૂસ્તર-રચનાની દૃષ્ટિએ નજીકના તળ ભૂમિખંડોના એક ભાગ રૂપ હોય તેવા ટાપુઓને ઉપખંડીય ટાપુઓ કહે છે. ઘણાખરા ટાપુઓ આ પ્રકારના છે. આ ટાપુઓ આદિખંડ કે મહાખંડ તૂટતાં તેના ટુકડાઓ, ઊંડે રહેલા ભૂરસ પર વિશાળ તરાપાઓની જેમ તરતા રહ્યા અને મળેલા બળની દિશામાં ખેંચાઈને કાળક્રમે આજની સ્થિતિમાં ભૂમિખંડોની નજીકમાં ગોઠવાયા છે. એશિયા ખંડની નજીકમાં આવેલા ક્યુરાઈલ, જાપાન, ફિલિપાઈન્સ, ઈન્ડોનેશિયા વગેરે આવા ઉપખંડીય ટાપુઓ છે.

ભૂ-ખંડોની નજીકમાં આવેલા બધા જ ઉપખંડીય ટાપુઓના ખડકોનું બંધારણ, પ્રકાર, વનસ્પતિ તેમ જ જીવસૃષ્ટિ વગેરેમાં નજીકના ખંડની સમાન જોવા મળે છે. આ કારણથી આ બધા ઉપખંડીય ટાપુઓ એક કાળે નજીકના ભૂ ખંડો સાથે જોડાએલા હતા એમ માનવામાં આવે છે. પરવાળાંના જીવો પણ કેટલીક વાર ઉપખંડીય ટાપુની રચના કરે છે. આફ્રિકાના પૂર્વ કિનારે આવેલો ઝાંઝીબાર ટાપુ પરવાળાંના જીવોથી નિર્માણ થયો છે.

ખંડીય ટાપુઓ મુખ્ય ભૂ-ખંડોથી ઘણા દૂરના જલવિસ્તારમાં જોવા મળે છે. ખડીય ટાપુઓ બે રીતે બનેલા છે: ૧) જ્વાળામુખી દ્વારા અને ૨) પરવાળાંના જીવો દ્વારા. સમુદ્રમાં જ્યારે જ્વાળામુખીનું પ્રસ્ફોટન થાય છે ત્યારે તેમાંથી લાવાનો જથ્થો સમુદ્રના પાણીની સપાટીથી ઉપર સુધી પહોંચે અને એ ઠરવાને પરિણામે ટાપુ રચાય છે. ઍટલાંટિક મહાસાગરમાં આવેલા આસેન્સન, સૅંટ હેલિના, મડેરા પૅસિફિકમાં હવાઈ અને ઈન્ડોનેશિયાના ટાપુઓ તેમ જ ન્યૂઝીલૅન્ડના કેટલાક ટાપુઓ તથા હિંદી મહાસાગરમાં બૅરન ટાપુઓ જ્વાળામુખી દ્વારા બનેલા ટાપુઓ છે.

અમેરિકાની પશ્ચિમમાં ૩૩૮૫ કિલોમીટર દૂર પૅસિફિકમાં આવેલો સમુદ્ર સપાટીથી ૩૬૩૫ મીટર ઊંચો હવાઈ ટાપુ આખો જ લાવા દ્વારા બનેલો છે. પૅસિફિકમાં કૅનૅડાની પશ્ચિમે આવેલા એલ્યુશિયન ટાપુ સમૂહમાંનો બોગોસ્લોફ ટાપુ ઇતિહાસમાં ભૂતકાળમાં કેટલી યે વાર દેખાયો અને અદૃશ્ય થતો રહ્યો છે. જ્વાળામુખીના વિસ્ફોટથી બનેલા કેટલાક ટાપુઓ તેના પરના જ્વાળામુખી જાગ્રત હોવાને કારણે કદમાં વધતાઘટતા પણ જોવા મળે છે.

મુખ્ય ભૂખંડોથી દૂર તેમ જ નજીકના વિસ્તારમાં કેટલાક ખંડીય ટાપુઓ પરવાળાં દ્વારા રચાયા હોય છે. આવા ખંડીય ટાપુઓ ફક્ત ઉષ્ણ કટિબંધના મહાસાગરમાં જ છે. કારણ કે પરવાળાંના જીવો ૨૧ સેન્ટીગ્રેડથી ઓછા ઉષ્ણતામાનવાળા સાગરજળમાં જીવી શકતા નથી, ૫૫ મીટરથી વધુ ઊંડે રહેતા નથી ને તેમના માટે સમુદ્રના પાણીમાં ૨૭-૪૦% ક્ષાર હોવો જરૂરી છે. એટલે આવી અનુકૂળતા હોય ત્યાં જ ટાપુ વિસ્તારમાં કે ખંડીય છાજલીના વિસ્તારમાં આવા ટાપુઓ રચાયા છે. ઍટલાંટિકમાં આવેલા બર્મ્યુડા, બહામા અને કેનેરી ટાપુઓ પરવાળાંના જીવો દ્વારા રચાએલા ટાપુઓ છે. ન્યૂ યૉર્કથી ૧૦૭૧ કિલોમીટર પૂર્વમાં ઍટલાંટિકમાં આવેલો બર્મ્યુડા તો અમેરિકનો માટે સહેલગાહનું ધામ બન્યો છે. પ્રતિવર્ષ હજારો લોકો ત્યાં સહેલગાહે જાય છે.

ગઈ સદીમાં જહાજ ઉદ્યોગનો વિકાસ થઈ સમુદ્ર અંગેના જ્ઞાનમાં વધારો થતાં સમુદ્ર-ટાપુઓનું મહત્ત્વ વધવા લાગ્યું અને ભૂ-ખંડની નજીક તેમ જ બે ખંડોની વચ્ચેના બધા જ ટાપુઓ માનવી માટે અનેક રીતે ઉપયોગી પુરવાર થવા લાગ્યા.

જે ટાપુઓ જમીનખંડોની નજીક કે વ્યાપારી જલમાર્ગ પર છે અને જ્યાં વિપુલ ખનિજ સંપત્તિ, ફળદ્રુપ જમીન છે તેવા ટાપુઓ પર માનવે વસવાટ કર્યો છે અને વધાર્યો છે. બ્રિટિશ ટાપુઓ અને જાપાન બંને વિકાસની દૃષ્ટિએ દુનિયામાં ચોથું અને પાંચમું સ્થાન ધરાવે છે. ઈન્ડોનેશિયા અને ફિલિપ્પાઈન્સ ટાપુઓ ફળદ્રુપ જમીનના કારણે ગીચ વસ્તીવાળા બન્યા છે. તો બ્રિટન અને જાપાન ઉદ્યોગોના વિકાસને લીધે ગીચ વસ્તીવાળા બન્યા છે. આમાં ઈન્ડોનેશિયામાં ૧૩ કરોડ, જાપાનમાં ૧૧.૩ કરોડ, બ્રિટનમાં ૫.૬ કરોડ ને ફિલિપ્પાઈન્સમાં ૪.૩ કરોડ જેટલી વસ્તી છે. આ ટાપુઓનાં સ્થાન ભૌગોલિક અનુકૂળતાવાળાં હોવાથી આ વસ્તી હદ ઉપરાંતની થઈ ગઈ છે.

વિશ્વના સૌથી મોટા વીસ ટાપુઓ

જેનાં ક્ષેત્રફળ કેટલાક દેશોનાં ક્ષેત્રફળ કરતાં પણ વધારે છે :

ક્રમ	ટાપુનું નામ	કયા મહાસાગરમાં	ક્ષેત્રફળ (ચો.મા.માં)
૧	ગ્રીનલૅન્ડ	આર્કટિક	૮,૪૦,૦૦૦
૨	ન્યૂ ગિની	પૅસિફિક	૩,૧૬,૮૫૬
૩	બોર્નીઓ	પૅસિફિક	૨૮૬,૯૬૭
૪	માલાગાસી (માડાગાસ્કર)	હિંદી	૨,૨૭,૮૦૦
૫	બૅફિન	આર્કટિક	૧,૮૩,૮૧૦
૬	સુમાત્રા	પૅસિફિક	૧,૮૨,૮૫૯
૭	હોન્સુ	પૅસિફિક	૮૮,૯૩૦
૮	ગ્રેઈટ બ્રિટન	ઍટલાંટિક	૮૮,૭૫૬
૯	એલ્સ્મર	આર્કટિક	૮૨,૧૧૯
૧૦	વિક્ટોરિયા	આર્કટિક	૮૧.૯૩૦
૧૧	સેલીબીસ	પૅસિફિક	૭૨,૮૮૬
૧૨	સાઉથ આઈસલૅન્ડ(ન્યૂ ઝીલૅન્ડ)	,,	૫૮,૦૯૩
૧૩	જાવા	પૅસિફિક	૫૦,૭૪૩
૧૪	નૉર્થ આઈસલૅન્ડ (ન્યૂ ઝીલૅન્ડ)	,,	૪૪,૨૮૧
૧૫	ક્યૂબા	ઍટલાંટિક	૪૪,૨૧૭
૧૬	ન્યૂ ફાઉન્ડલૅન્ડ	ઍટલાંટિક	૪૩,૩૫૯
૧૭	લ્યુઝોન	પૅસિફિક	૪૦,૮૧૪
૧૮	આઈસલૅન્ડ	ઍટલાંટિક	૩૯,૮૦૦
૧૯	મિન્ડાનાઓ	પૅસિફિક	૩૬,૯૦૬
૨૦	આયર્લૅન્ડ	ઍટલાંટિક	૩૨,૫૫૯

છેલ્લા બે દાયકાથી તો દુનિયાની મહાસત્તાઓ મહાસાગરોના ટાપુ પર પોતપોતાનું વર્ચસ્વ જમાવવા માંડી છે. મહાસાગરના ટાપુવિસ્તારમાં અણુશસ્ત્રો ન ગોઠવવા અંગે ૧૯૭૨માં ૧૮મી મેએ કરાર થયા હોવા છતાં આ મહાસત્તાઓ વિવિધ ટાપુવિસ્તારમાં અણુશસ્ત્રો ગોઠવી પોતાનાં લશ્કરી થાણાં ઊભાં કરવા માંડી છે. ક્યુબા ટાપુ પર રશિયાનું વર્ચસ્વ તથા હવાઈ ટાપુ પર અમેરિકાનું વર્ચસ્વ અણુશસ્ત્રો ગોઠવવા તેમ જ લશ્કરી થાણાં બનાવવા માટે વિશેષ મહત્ત્વનું છે. આમાં હિંદી મહાસાગર તો વળી તનાવો અને સત્તાની સાઠમારીનું કેન્દ્ર જ બની ગયો છે, જે કિનારાના દેશો માટે સ્વાભાવિક રીતે ચિંતાજનક છે. અમેરિકાએ બેહરિનમાં પોતાનું નૌકામથક વિકસાવ્યું છે, તો વળી હિંદી મહાસાગરના એક નિર્જન ટાપુ ડિયાગો ગાર્શિયા પર અદ્યતન લશ્કરી મથક બાંધવાના ઇંગ્લૅંડ-અમેરિકાએ કરાર કર્યા છે. રશિયાએ માલાગાસી (માડાગાસ્કર) સાથે પોતાની નૌકા સવલતો માટે કરાર કર્યા છે, તેમજ યેમન, સોમાલિયા અને સોકોતરામાં રશિયાએ સ્થાયી નૌકા ને લશ્કરી મથકો વિકસાવ્યાં છે. ચીને લંકા સાથે સંબંધો સુધાર્યા છે. મહાસાગરના ટાપુઓનું વધતું મહત્ત્વ હવે કેવી ભયજનક પરિસ્થિતિ પેદા કરી રહ્યું છે. અમેરિકા, રશિયા અને ચીન જેવી મહાસત્તાઓની આવી દખલગીરીથી હિંદી મહાસાગરના કિનારાના ૪૦ દેશો માટે ચિંતા પ્રકટાવી રહી છે.

મહાસાગરોમાંના ટાપુઓ લાંબી સફરે જતાં વિમાનો માટે બળતણ ભરવા માટેના તથા વિમાની મથક તરીકે પણ ખૂબ જ અનુકૂળ થઈ પડ્યા છે. એશિયા અને ઉત્તર અમેરિકા વચ્ચે પૅસિફિક મહાસાગરમાં આવેલા હવાઈ ટાપુઓ હવાઈમથક તેમ જ જહાજી બંદર અને તેમના માટે જોઈતા બળતણના કેન્દ્ર તરીકે ખૂબ જ અગત્યનું સ્થાન ધરાવે છે. બીજી બાજુ ઑસ્ટ્રેલિયા માટે કેન્ટોન, ફિજી ને સામોઆ પણ મહત્ત્વના બની રહે છે. હિંદી મહાસાગરમાં શ્રીલંકા પણ વિમાની મથક અને જહાજી બંદર તરીકે તેમ જ બળતણ કેન્દ્ર તરીકે વિશ્વના મોટા ભાગના દેશો માટે ઉપયોગી પુરવાર થયું છે. એવી જ રીતે ઉત્તર અમેરિકા અને યુરોપ માટે બર્મ્યુડા ને એઝોર્સ ટાપુઓ હવાઈ બંદર, બળતણ-કેન્દ્ર તથા લશ્કરી વ્યૂહ તેમ જ રાજકીય દૃષ્ટિએ ખૂબ જ મહત્ત્વના ગણી શકાય તેવા ટાપુ છે. પોર્ટુગલની પશ્ચિમે ઍટલાંટિકમાં ૧૪૪૮ કિલોમીટર દૂર એઝોર્સ દ્વીપસમૂહ પરથી તો ઉત્તર અમેરિકા અને યુરોપ ખંડ વચ્ચેના સંદેશાવ્યવહારનાં દોરડાં પસાર થતાં હોવાથી તે બહુ જ ઉપયોગી બન્યો છે.

મુખ્ય ભૂ-ખંડ ભાંગીને જે ઉપખંડીય ટાપુઓ બન્યા છે તેની પ્રાણી-સૃષ્ટિ તથા વનસ્પતિમાં સામ્ય જોવા મળે છે. ઑસ્ટ્રેલિયા ખંડમાં હાલમાં કાંગારુ, વામ્બટ, કઓલા, પ્લૅટીપસ અને બીજાં કેટલાંક ઘણા જૂના સમયનાં પ્રાણીઓ છે, જે એક સમયે એશિયા ખંડમાં પણ હતાં, પણ તેમનો સંપૂર્ણ રીતે નાશ થતાં હાલ એશિયા ખંડમાં એમની હસ્તી રહી નથી. બીજી બાજુ હવાઈ અને ન્યૂ ગિની ટાપુઓ પર હાલમાં જે પ્રાણીઓ છે તે ત્યાંનાં મૂળ વતની નથી. ત્યાંનો સામાન્ય ઉંદર પણ પોલિનેશિયનનો દ્વારા લઈ જવાયો હતો. તો વળી, મહાસાગરના કેટલાક છૂટાછવાયા ટાપુ પ્રાણી અને વનસ્પતિથી એક સમયે હર્યાભર્યા હતા, પણ માનવ-વસ્તીનું દબાણ વધતાં એ પ્રાણીઓ અને વનસ્પતિમાં ઘટાડો થઈ ગયો છે, જ્યારે કેટલાક ટાપુઓ પર કાળબળે એ નાશ પામ્યાં હોય તેમ જણાય છે.


ટાપુઓ પર માનવ વસ્તી પક્ષીઓ માટે શત્રુ બની જાય છે. પરિણામે પક્ષીઓને વતન બદલવાની જરૂર પડે છે. હાલમાં ન્યૂ ઝીલૅન્ડમાં જોવા મળતું પક્ષી મોઆ બીજા કોઈ ટાપુ પરથી સ્થળાંતર કરીને આવ્યું છે. તેવી જ રીતે ઑસ્ટ્રેલિયાનાં એમુ અને કૅસોવિર, મુરીટિયસનું ડોડો અને માડાગાસ્કરનાં ડીનોરનિસ માનવત્રાસ અસહ્ય થતાં અન્ય ટાપુઓ પરથી સ્થળાંતર કરીને ત્યાં આવ્યાં હોવાનું મનાય છે.

કેટલાક ટાપુઓ માણસ માટે જ અકારા બન્યા છે. ભારતમાં બ્રિટિશ શાસન દરમિયાન બંગાળાના ઉપસાગરમાં આવેલા આંદામાન-નિકોબાર ટાપુઓ પર જન્મટીપની સજા પામેલા કેદીઓને રાખવામાં આવતા હતા. દક્ષિણ ઍટલાંટિકમાં સેંટ હેલિના ટાપુ પણ નેપોલિયને ત્યાં ભોગવેલી કેદના કારણે જાણીતો બની ગયો છે.

દક્ષિણ અમેરિકાની પશ્ચિમે પૅસિફિકમાં આવેલા ગાલાપેગોસ ટાપુઓમાં પણ લાવાના કાળા ખડકો વચ્ચે ઈક્વેડોરના કેદીઓ માટે જેલ બનાવાઈ હતી. આ જ ગાલાપેગોસ ટાપુમાં ચાર્લ્સ ડાર્વિને ત્યાંના પક્ષી-પ્રાણીઓનાં નિરીક્ષણો કરી પોતાના 'ઉત્ક્રાંતિના સિદ્ધાંત' લખવા માટેની મહત્ત્વની સામગ્રી એકઠી કરી હતી. હવે તો ઈક્વેડોરની સરકારે આ ટાપુને 'નૅશનલ પાર્ક' તરીકે જાહેર કર્યો છે અને દર વર્ષે સંખ્યાબંધ પ્રવાસીઓ ત્યાં જાય છે.

હવાઈ અને લાયસન ટાપુઓમાં જમીન પર માળો કરતાં પક્ષીઓનાં પીંછાં અને ચામડી મેળવવા માટે શિકારીઓ તેમનો નાશ કરતા રહ્યા છે. આ રીતે અનેક ટાપુઓ પરની પ્રાણી-પક્ષી અને વનસ્પતિની સમૃદ્ધિને માણસે નામશેષ કરી નાખી છે.

ગાલાપેગોસ ટાપુઓની જીવસૃષ્ટિ પણ જાણવા જેવી છે. દક્ષિણ અમેરિકાના પશ્ચિમ કિનારે જ્યાં પૅસિફિકમાં હમ્બોલ્ટનો ઠંડો પ્રવાહ વહે છે ત્યાં આ ટાપુઓ આવેલા છે. આ ટાપુ પર દક્ષિણ ધ્રુવપ્રદેશનાં પૅંગ્વિન પક્ષીઓ પણ રહે છે. બીજાં હજારો પક્ષીઓ આ ટાપુ પર નિવાસ કરે છે. એના કિનારા પાસે વહેતા હમ્બોલ્ટના ઠંડા પ્રવાહમાં કલ્પના પણ ન કરી શકાય તેટલા સાગરજીવ જોવા મળે છે. અનેક જાતનાં દરિયાઈ પક્ષીઓ આ જીવસૃષ્ટિ પર નભે છે. સામાન્ય રીતે દરિયાઈ પક્ષીઓ વધુ પ્રમાણમાં ખાઉધરાં હોય છે. ખૂબ ખાઇને આ પક્ષીઓ કાંઠા પર મબલખ પ્રમાણમાં જે હગાર કરે છે તેમાંથી ફૉસ્ફરસ અને નાઇટ્રોજન



આમ તો પૃથ્વી પર નાનામોટા ૪૫,૦૦૦ જેટલા ટાપુઓ છે, અને એમાંના ૨૦,૦૦૦ જેટલા તો એકલા પૅસિફિક મહાસાગરમાં જ છે, જ્યારે બાકીના બીજા ઍટલાંટિક, હિંદી તેમ જ આર્કટિક મહાસાગરમાં છે. આમાં યે ઈન્ડોનેશિયાના ટાપુ-વિસ્તારમાં ૧૩,૬૬૭ ટાપુઓ છે, જેમાંના ૭૬૦૦ ટાપુઓને તો હજી નામ પણ અપાયાં નથી. આવા નાના નકશામાં તો ઘણાખરા ટાપુઓ દર્શાવવા પણ અશક્ય છે, છતાં અહીં કેટલાક જાણીતા ટાપુઓનાં સ્થાન બતાવ્યાં છે. નકશામાં આપેલા અંક પ્રમાણે તેમનાં નામ : (૧) હવાઈ, (૨) ગાલાપૅગોસ, (૩) વેસ્ટ ઇંડીઝ, (૪) બર્મ્યુડા, (૫) ન્યૂ ફાઉન્ડલૅન્ડ, (૬) ગ્રીનલૅન્ડ, (૭) આઈસલૅન્ડ, (૮) યુનાઇટેડ કિંગડમ, (૯) આયર્લૅન્ડ, (૧૦) એઝોર્સ, (૧૧) કેપવર્દે, (૧૨) બેહરિન, (૧૩) માલાગાસી (માડાગાસ્કર), (૧૪) મોરીશિયસ, (૧૫) લક્ષદ્વીપ અને માલદીવ, (૧૬) શ્રીલંકા, (૧૭) આંદામાન-નિકોબાર, (૧૮) ઈન્ડોનેશિયાનો ટાપુસમૂહ, (૧૯) ફિલિપાઈન્સનો સમૂહ, (૨૦) હૉંગકૉંગ, (૨૧) સિંગાપોર, (૨૨) જાપાન, (૨૩) ટાસ્માનિયા, (૨૪) ન્યૂઝીલૅન્ડ અને (૨૫) સાયપ્રસ. અહીં તો માત્ર આટલા જ ટાપુઓ બતાવ્યા છે, પણ સમય કાઢીને ક્યારેક શાળામાં ચાલતા ઍટલાસ કે મોટા નકશાઓ લઇને તેમાં ટાપુઓ ખોળવા પ્રયત્ન કરવા જેવો છે. સમય પસાર થવા સાથે જ્ઞાન ને ગમ્મત બંને મળશે. આ પણ એક વિકસાવવા જેવો વ્યાસંગ છે.

યુક્ત ઉત્તમ ખાતર તૈયાર થાય છે. પેરૂ દેશના લોકો આ ખાતર વડે મબલખ પાક ઉતારે છે, એટલું જ નહિ પરંતુ તેની પરદેશ પણ નિકાસ થાય છે.

દક્ષિણ ગોળાર્ધમાં કેટલાક ટાપુઓ શિકાર માટે જાણીતા બન્યા છે. કેટલાક દરિયાઈ જીવો પ્રજનન તેમ જ સૂર્યસ્નાન માટે જમીન પર આવે છે, અને ત્યારે તેમનો શિકાર કરવામાં આવે છે. ભૂ-ખંડના કિનારે તેમ જ ટાપુવાળા વિસ્તારમાં જ્યાં ખંડીય છાજલીનું પ્રમાણ વધુ હોય, તેમ જ જ્યાં આગળ ઠંડો પ્રવાહ વહેતો હોય ત્યાં મબલખ પ્રમાણમાં માછલાં ઘસડાઈ આવે છે. કૅનૅડાના પૂર્વ કિનારે ન્યૂફાઉન્ડલૅન્ડ ટાપુ આવો જ છે. ત્યાં ઉત્તરમાંથી આવતા લૅબ્રૅડોરના ઠંડા પ્રવાહમાં મચ્છીમારીનો ઘણો વિકાસ થયો છે.

સમુદ્રના કેટલાક ટાપુઓ પર જોવા મળતી વનસ્પતિ, માણસ, પક્ષીઓ કે ભરતીના પ્રવાહો દ્વારા ત્યાં પહોંચી છે. પૅસિફિક મહાસાગરના ઉષ્ણકટિબંધના વિસ્તારમાં આવેલા ટાપુઓ પર પાન્ડુનસ અને નાળિયેરીનાં ઝાડ જોવા મળે છે તે ભૂતકાળમાં પોલિનેશિયન લોકો દ્વારા ઉગાડવામાં આવ્યાં હતાં. ઑસ્ટ્રેલિયાનાં યુકૅલિપ્ટસ અને નોરફોક વૃક્ષો તથા બાઈસલૅન્ડ પરનાં પાઈન બીજા ટાપુઓ પરથી આવ્યાં છે. ઉષ્ણ કટિબંધના ટાપુઓ પર થતા પાક ડાંગર, ચા, શેરડી, કેળાં, શણ, કૉફી, નાળિયેર વગેરે બીજા દેશોમાંથી આવ્યાં છે. ક્યુબા, હવાઈ, મોરેશિયસ ટાપુઓ તો શેરડી ને ખાંડ ઉત્પાદનમાં દુનિયાભરમાં મોખરે છે. શ્રીલંકા ચાના ઉત્પાદનમાં આગળપડતું સ્થાન ધરાવે છે. બીજી બાજુ દક્ષિણ અમેરિકાની દક્ષિણમાં આવેલો ફૉકલૅન્ડ ટાપુ ભૌગોલિક પ્રતિકૂળતાને કારણે આજે પણ ફક્ત ઘાસ જ ઊગતું હોવાથી 'વૃક્ષ વિનાનો' ટાપુ છે. અગાઉ બિલકુલ તંદુરસ્ત હવામાન ધરાવતા કેટલાક ટાપુઓમાં બહારથી આવી વસેલા માણસોએ અનેક રોગચાળા પણ ફેલાવ્યા છે.

માનવ-વસવાટ માટે ભૌગોલિક અનુકૂળતાવાળા ટાપુઓમાં વસ્તી ઝડપથી ગીચ બનતી રહી છે. ઈન્ડોનેશિયા, જાપાન, બ્રિટન વગેરે તો 'દેશ' છે તેથી ત્યાં વધુ વસ્તી હોવી સ્વાભાવિક છે, પણ તે સિવાયના કેટલાક નાના ટાપુઓ પર પણ વસ્તીનું દબાણ હદ ઉપરાંત વધી ગયું છે. નીચેના કોઠા પરથી તેનો થોડો ખયાલ આવશે :

ટાપુનું નામ	ક્ષેત્રફળ (ચો. કિ.માં)	કુલ વસ્તી	દર ચો. કી.એ વસ્તીની ગીચતા
બર્મ્યુડા	૫,૨૬૧	૫૪,૦૦૦	૧,૦૦૦
હૉંગકૉંગ	૧,૦૪૬	૪૪,૦૦,૦૦૦	૩,૭૭૫
સિંગાપોર	૫૮૬	૨૩,૦૦,૦૦૦	૧૨,૮૦૩
વર્જિન આઇલૅન્ડ	૩૪૪	૯૬,૦૦૦	૨૦૦
બાહરિન	૩૨,૦૦૦	૬૬,૦૦૦	૩૩૭
માલાગાસી	૫,૮૬,૪૮૬	૯૧,૦૦,૦૦૦	૧૧૫
ગ્રીનલૅન્ડ	૨૨,૯૮,૦૦૦	૫૦,૦૦૦	૦૦૧

(અનુસંધાન પૃષ્ઠ ૩૮૦)

એક કાળે દક્ષિણના અજાણ્યા સાગરો ખેડતા સાહસિક નાવિકોને ઈસુના વધ-સ્તંભના આકારનું દક્ષિણનું સ્વસ્તિક તારામંડળ દિશાસૂચન ને સલામતીનું આશ્વાસન આપતું. ઑસ્ટ્રેલિયાના રાષ્ટ્રધ્વજમાં આ તારામંડળ પણ સ્થાન પામ્યું છે. સ્વસ્તિકની બાજુમાં જ પુરાણકથિત જય-વિજયના નામના બે તેજસ્વી તારા છે. એથી ઑસ્ટ્રેલિયાને જયવિજયનો પ્રદેશ ગણી આ પ્રવાસલેખમાં તેનો પરિચય પામીએ.



પ્રદેશે જય-વિજયના

લેખક · પ્રો. ડૉ. રમણલાલ ચી. શાહ

ઈ. ૧૯૭૭ના સપ્ટેમ્બર માસમાં એટલે કે સં. ૨૦૩૩માં શ્રી મુંબાઈ જૈન યુવક સંઘ તરફથી દર સાલની પેઠે પર્યુષણ વ્યાખ્યાનમાળા યોજાઈ હતી. એ અરસામાં જ શ્રી ઉમાશંકર જોષીને મુંબાઈ આવવાનું થએલું. વ્યાખ્યાનમાળામાં વ્યાખ્યાન આપવા માટે અગાઉ દર વર્ષે અમે તેમને લખતા, પણ પાર્લમેન્ટની બેઠક ચાલુ હોવાને કારણે તેમને અનુકૂળતા રહેતી નહિ. આ વખતે તેઓ મુંબાઈમાં હતા એટલે મેં ફોન કર્યો, 'સંવત્સરીને દિવસે આપ વ્યાખ્યાનમાળાનું પ્રમુખસ્થાન સ્વીકારો'.

તેમને બહુ અનુકૂળ નહોતું, પણ અમારા આગ્રહને લીધે છેવટે તેમણે એ નિમંત્રણ સ્વીકાર્યું. પછી ઉમેર્યું, 'રમણભાઈ તમારે ઑસ્ટ્રેલિયા જવું છે? અમે તમને ઑસ્ટ્રેલિયા મોકલવાનું નક્કી કર્યું છે.'

'વાહ! કેવી રીતે?'

'ઑસ્ટ્રેલિયામાં પી. ઈ. એન.ની આંતરરાષ્ટ્રીય કૉંગ્રેસ યોજાવાની છે એ તો ખબર છે ને? એ અંગે ગઈ કાલે પી. ઈ. એન.ની સમિતિની બેઠક મળી હતી અને તેમાં ભારતના પ્રતિનિધિ તરીકે તમને મોકલવાનું અમે નક્કી કર્યું છે. જશો ને?'

'હા, જરૂર. પ્રવાસનો મને શૉખ છે અને ઑસ્ટ્રેલિયા મેં જોયું નથી.' મેં એમનો આભાર માન્યો. મારા હર્ષનો પાર ન રહ્યો.

થોડા દિવસ પછી પી. ઈ. એન.ના ઑલ ઇંડિયા સેન્ટર તરફથી મૅડમ સોફિયા વાડિયાનો પત્ર આવ્યો કે ઑસ્ટ્રેલિયાની આંતરરાષ્ટ્રીય પી. ઈ. એન. કૉંગ્રેસમાં ભારતીય પ્રતિનિધિ તરીકે મારે જવાનું છે.

હું મૅડમ વાડિયાને મળ્યો. એમને હું સારી રીતે જાણતો હતો, એમનાં વ્યાખ્યાનો પણ સાંભળ્યાં હતાં, પરંતુ રૂબરૂ મળવાનો આ પહેલો પ્રસંગ હતો. આનંદ વ્યક્ત કરતાં એમણે કહ્યું: 'ઉમાશંકર જોષીએ તમારો પરિચય મને આપ્યો છે. તમારે માટે સમય ઘણો ઓછો છે. છતાં તમે કૉંગ્રેસ માટે સારી તૈયારી કરો. અને તેમાં ભારતની સારી છાપ પાડો. એ માટે મારી તમને હાર્દિક શુભેચ્છા.'

મૅડમ સોફિયા એક જાજ્વલ્યમાન સન્નારી છે. ભારતીય સાડી, તેજસ્વી મુખમુદ્રા અને કપાળમાં ચાંદલો એવા એમના વ્યક્તિત્વથી એમને મળનાર પ્રથમ દૃષ્ટિએ જ પ્રભાવિત થયા વિના રહે નહિ. ભારતનાં તેઓ નામાંકિત થીઓસૉફિસ્ટ અને વિદ્વાન લેખિકા છે. અંગ્રેજીમાં એમની વક્તૃત્વ છટા અસાધારણ. પારી(સ)ની સૉર્બોન યુનિવર્સિટી, ન્યૂ યૉર્કની કૉલંબિયા યુનિવર્સિટી અને લંડનની સ્કૂલ ઑવ ઓરિએન્ટલ સ્ટડીઝમાં એમણે વિદ્યાભ્યાસ કર્યો છે. પહેલા વિશ્વયુદ્ધ પછી, ઈ. ૧૯૨૦ થી ૧૯૨૯ સુધી યુરોપ અને અમેરિકામાં તેઓ રહેલાં. આથી પૌરસ્ત્ય અને પાશ્ચાત્ય ઉભયના સંસ્કાર અને જીવનપ્રણાલિનો સુભગ સમન્વય એમનામાં જોવા મળે છે. ભારતમાં આવીને તેમણે ૧૯૩૦માં 'ધી આર્યન પાથ'નું તંત્રીપદ સંભાળ્યું. ૧૯૩૩માં પી. ઈ. એન.ના અખિલ ભારતીય કેન્દ્રની સ્થાપના કરી અને 'ધી ઇંડિયન પી. ઈ. એન.' નામનું સામયિક ચાલુ કર્યું. ત્યાર પછી એમણે પોતાની પ્રવૃત્તિઓને વિવિધ ક્ષેત્રે વિકસાવી. વિવિધ પ્રકારની રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પરિષદોમાં ભાગ લીધો. આજે પણ લગભગ એંસી જેટલી ઉંમરે તેઓ એટલી જ તાજગીથી અનેકવિધ પ્રવૃત્તિઓમાં સક્રિય રસ લે છે.

પી. ઈ. એન.ની આંતરરાષ્ટ્રીય કૉંગ્રેસનું નિમંત્રણ મળ્યા પછી મૅડમ વાડિયાને મારે ત્રણચાર વાર મળવાનું થયું. તેઓ ગમે તેટલાં કાર્યરત હોય પરંતુ હું જાઉં એટલે કામ બાજુ પર મૂકી મુક્ત મનથી વાતો કરે. તેમની પાસે મેં મારા માટે અપાર વાત્સલ્યનો અનુભવ કર્યો. વિદેશ જવા માટે જે સરકારી વિધિ કરવી પડે છે તેમાં પણ બધો જ સહકાર આપવા માટે એમણે ખાતરી આપી.

આંતરરાષ્ટ્રીય કૉંગ્રેસમાં ભાગ લેવા માટે સરકારની પરવાનગી ને વિદેશી હૂંડિયામણની આવશ્યકતા રહે છે. પરંતુ આપણાં સરકારી તંત્રોમાં ઉચ્ચ કક્ષાએ પણ સંતોષજનક કાર્યક્ષમતાનો અનુભવ સીધી રીતે તો કોઈક ભાગ્યશાળીને જ થાય. કેટલાક ધક્કા ખાધા છતાં કાગળિયાં આગળ ચાલે જ નહિ. છેવટે નક્કી કર્યું કે ઉચ્ચ અધિકારીને સીધા મળ્યા વગર સમયસર કૉંગ્રેસમાં પહોંચી શકાશે નહિ. રીઝર્વ બૅંકમાં તેમને મળ્યો. તેમણે પણ પી. ઈ. એન. વિષે જાતજાતની લેખિત માહિતીની માગણી કરી. મેં કહ્યું: 'આ બધી માહિતી મેળવી આપતાં પંદરેક દિવસ નીકળી જાય. એ માટે આટલા વખત સુધી તમે મને કશું જણાવ્યું નથી. હવે છેલ્લી ઘડીએ તમે એ માગો છો તો એનો અર્થ એક જ થાય કે મારે આ આંતરરાષ્ટ્રીય કૉન્ગ્રેસમાં ભાગ લેવા જવું નહિ'.

'પણ આ બધી માહિતી અમારે અમારા રેકૉર્ડ પર રાખવી જરૂરી છે.'

'પી. ઈ. એન. કૉન્ગ્રેસમાં વર્ષોથી પ્રતિનિધિઓ ભાગ લેવા જાય છે. તમારા રેકૉર્ડ પર એક પણ વાર આ બધી માહિતી આવી નથી? આ બાબતમાં તમારી પોતાની સત્તા વાપરીને તમે પોતે કોઈ નિર્ણય ન લઈ શકો? હું માનું છું કે તમે જે ઉચ્ચ સ્થાને છો તે સ્થાનની અપેક્ષાએ સરકારે તમને તમારો પોતાનો નિર્ણય લેવાની કંઈક સત્તા તો આપી જ હશે.' મારા પ્રશ્નથી જાણે કે તેમનો અહમ્ ઘવાયો હોય તેમ

લાગ્યું. પોતાની પાસે કંઈ સત્તા નથી એમ તો કેમ કહી શકે? મેં ઈરાદાપૂર્વક જ તેમ કહ્યું હતું. તેમણે ભારપૂર્વક કહ્યું: 'અમને સત્તા છે જ. પરંતુ જો આ બધી વિધિ અમે ન કરીએ તો સરકાર અમને કેટલીક વખત લાચાર કરી મૂકે છે.'

'એટલા માટે તમે અમારા જેવા માણસોને લાચાર કરો છો. એક મહિનામાં તમારી ઑફિસમાં હું બતે દસ વાર ધક્કા ખાઈ ગયો છું. આંતરરાષ્ટ્રીય કૉન્ફરસમાં ભાગ લેનાર વ્યક્તિઓને જો આ રીતે તમારી ઑફિસમાં સમય બગાડયા કરવો પડે તો તમને નથી લાગતું કે એ કૉન્ફરન્સમાં તેઓની કામગીરી ઉપર અસર પડે? તમારે સમજીને જ આ વસ્તુનો ઝટ નિકાલ કરવો જોઈએ.' શાંતિ અને નમ્રતાપૂર્વક મેં કહ્યું.

મારા કહેવાની તેમના ઉપર કંઈક સારી અસર થઈ. તેઓ બોલ્યા: 'ભલે, બપોરે ત્રણ વાગ્યે તમે આવો. સીધા મને જ મળજો. વિદેશી હૂંડિયામણ અને પરવાનગી બધું જ હું તૈયાર રાખીશ'.

બપોરે ત્રણ વાગ્યે હું તેમની ઑફિસમાં પહોંચ્યો. બધું જ તૈયાર હતુ. મેં તેમનો આભાર માન્યો.

જે કામમાં હજુ બીજા દસ-પંદર દિવસ તેઓ કાઢી નાખત તે કામ પોતાની સત્તા વાપરીને તેમણે ત્રણ ચાર કલાકમાં પતાવી આપ્યું. તુમારશાહીને આપણી સરકારે કરેલા પ્રેમથી બહેકાવી છે!'

ઑસ્ટ્રેલિયા જવાનું નિશ્ચિત થયું એટલે મારા એક ગાઢ સ્નેહી ને પરમ મિત્ર શ્રી મહેન્દ્રભાઈ મહેતા અને તેમનાં પત્ની આશાબહેનને વાત કરી. તેમને ખૂબ આનંદ થયો. મહેન્દ્રભાઈ મુંબાઈના એક અગ્રગણ્ય હીરાના વેપારી અને ઉદ્યોગપતિ છે. તેમનો હીરાની નિકાસનો બહુ મોટો વેપાર છે. દુનિયાના ઘણા દેશોમાં ઘણી વ્યક્તિઓ સાથે તેમનો સંપર્ક છે. અત્યાર સુધીમાં તેમણે સવાસોથી વધુ વાર યુરોપની સફર કરી હશે. તેમણે કહ્યુ: 'સિડની જાઓ છો તો રસ્તામાં ફીજી જરૂર ઊતરજો. મારા મિત્ર યોગેશ જોગિયા ત્યાં રહે છે. તેઓ જરૂર–તમને સારી રીતે રાખશે અને બધે ફેરવશે. યોગેશના પિતા કાનજીભાઈ ફિજીમાં રહે છે. તમારે ઑસ્ટ્રેલિયાથી ફિજી અને ન્યૂ ઝીલૅન્ડ જવું હોય તો ત્યાં કાનજીભાઈ જોગિયા છે અને બીજા પણ આપણા ઘણા મિત્રો છે'.

સાંજ સુધીમાં તો મહેન્દ્રભાઇએ ઑસ્ટ્રેલિયામાં યોગેશ જોગિયા સાથે ટેલિફોન પર વાતચીત પણ કરી લીધી. ફીજી ઊતરવા માટે અને ફિજી જવા માટે યોગેશે પણ આગ્રહપૂર્વક કહેવડાવ્યું.

તે સમયે શ્રી કપૂરભાઈ ચંદેરિયા મુંબાઈમાં હતા. કપૂરભાઈ એટલે આંતરરાષ્ટ્રીય ઉદ્યોગો ધરાવનાર ચંદેરિયા પરિવારના એક સભ્ય. ઑસ્ટ્રેલિયા જવાની ખબર પડી એટલે એમણે કહ્યુ કે 'સીડનીમાં તો અમારા દારેસલામના એક મિત્ર શ્રી સમશેર કાનજી રહે છે. લંડન જઇને હું દેવચંદભાઈ ચંદેરિયાને કહું છું કે તેઓ સમશેર કાનજીને જણાવે.'

દેવચંદભાઈ એટલે ચંદેરિયા પરિવારની વડીલ વ્યક્તિ. લંડનમાં જૈન ધર્મ વિશે વ્યાખ્યાનો આપવા માટે અમને નિમંત્રણ આપનાર ચંદેરિયા ફાઉન્ડેશનના મુખ્ય સૂત્રધાર. તેઓ ત્યારે લંડનમાં હતા. લંડનથી એમણે તરત ઑસ્ટ્રેલિયામાં સમશેર કાનજીનો સંપર્ક સાધ્યો ને મારા ઑસ્ટ્રેલિયાના પ્રવાસની વિગતો જણાવી.

વિદેશ જવામાં ત્યાંની થોડીક વ્યક્તિઓનો સંપર્ક હોય તો રાહત રહે છે. એટલે આ બધી સગવડો થતાં ધરપત વળી. મેં પ્રવાસની પૂર્વ તૈયારીઓ કરી લીધી. કૉંગ્રેસમાં વાંચવા માટેનો લેખ પણ તૈયાર થઈ ગયો, જો કે તે માટેની સમયમર્યાદા પૂરી થઈ ગયા પછી તો મને નિમંત્રણ મળ્યું હતુ, એટલે મારો લેખ સ્વીકારાશે કે નહિ તે અનિશ્ચિત હતું. અંતે વડીલો, મિત્રો ને સગાંસ્નેહીઓની શુભેચ્છાઓ સાથે મેં પ્રયાણ કર્યું.

પ્રયાણ

ઑસ્ટ્રેલિયા જવા માટે કૅન્ટાસ એર લાઈન્સનું જમ્બો–૭૪૭ વિમાન રાતના સાડા બારે ઊપડવાનું હતું. સાન્તાક્રુઝ વિમાન મથકે પહોંચ્યો ત્યારે જે કેટલાંક પરિચિત સ્વજનો મળ્યાં તેમાં એક હતી બેન ક્ષમા. અમારા સ્નેહી વડીલ શ્રી ગણપતભાઈ ઝવેરીનાં પુત્રવધૂ. મને જોતાં જ એણે કહ્યુ: 'ઑસ્ટ્રેલિયા જાઓ છો? આ મારી બહેન ઝરણા પણ ઑસ્ટ્રેલિયા જાય છે.' એણે ઝરણાંનો પરિચય કરાવ્યો. કાઉન્ટ૨ પર સામાન આપી કસ્ટમ્સનો વિધિ પતાવી હું લૉન્જમાં જઈ બેઠો. થોડી વારમાં ઝરણાંબેન પણ આવ્યાં. હાથમાં ઘણો બધો સામાન હતો. અહીંથી દરેક વખતે તેઓ પોતાના ઘરની સજાવટ માટે ભારતીય કલાકારીગીરીની વસ્તુઓ ઑસ્ટ્રેલિયા લઈ જાય છે જેથી વિદેશમાં પણ ઘરનું વાતાવરણ ભારતીય લાગ્યા કરે.

સમય થતાં અમારા વિમાનના ઉડ્ડયનની જાહેરાત થઈ. હું વિમાનમાં ગયો. ઝરણાંબેનની બેઠક મારી બેઠકથી ઘણે દૂર હતી. તેઓ મેલબોર્ન જઈ રહ્યાં હતાં. હું પર્થ ઊતરી જવાનો હતો. ઝરણાંબેનની બાજુમાં એક બેઠક ખાલી હતી, ને મારી બાજુમાં બે. પરંતુ બેઠક બદલી આપવાની એર હોસ્ટેસે ના કહી, કારણ કે થોડી જ વારમાં જમણ પીરસાવાનું હતું. ઝરણાંબેન કહે: 'જુઓને આ લોકો, મને મુંબાઈમાં કહે કે વિમાનની બધી જ બેઠક ભરાઈ ગઈ છે અને અહીં તો કેટલી બધી ખાલી છે!' મેં કહ્યું: 'મારું નામ તો તેઓએ વેઇટિંગ લિસ્ટ પર મૂક્યું હતું અને ત્રણ દિવસ પહેલાં મને જગ્યા આપી.'

ઝરણાંબેન બોલવામાં બહુ ચબરાક હતાં. આખાબોલાં પણ ખરાં. તરત એમણે સ્ટુઅર્ડને બોલાવી પૂછ્યું: 'પ્લેનમાં કેટલાં પૅસેન્જર્સ છે?'

'એકસો એકયાસી.' તપાસ કરીને એણે કહ્યુ.

'પણ અમને તો કહેવામાં આવ્યું કે પ્લૅન ફુલ છે, અને અહીં તો અરધા મુસાફરો પણ નથી.'

'કદાચ કાર્ગોને કારણે ઓછાં લેવાનાં હશે.'

પરંતુ એનો એ ખુલાસો અમારા ગળે ઊતર્યો નહિ. મેં ઝરણાંબહેનને કહ્યું કે કેટલીક વાર કોઈ મોટા ગ્રૂપનું રીઝર્વેશન છેલ્લી ઘડીએ રદ થાય તો આમ થાય છે. વળી, હમણાં હમણાં કૉમ્પ્યુટર ઉપર આ બધું નક્કી થતું હોવાને કારણે કેટલીક વાર ગરબડ પણ થવાનો સંભવ રહે છે. લંડનમાં મેં એક મુરબ્બી પાસેથી સાંભળ્યું હતું કે લંડનથી નાઇરોબી જતી ફ્લાઈટ ચાર દિવસ સુધી સાવ ખાલી ગઈ હતી. તપાસ કરતાં વિમાન કંપનીને જણાયું હતુ કે કૉમ્પ્યુટર ઉપર એ ફ્લાઈટ NILને બદલે FULL બતાવતી હતી. ક્યારેક કૉમ્પ્યુટરને કારણે પણ છબરડા થાય છે.

કૅન્ટાસનો સ્ટાફ ઑસ્ટ્રેલિયન હતો. ઑસ્ટ્રેલિયાના લોકો જે અંગ્રેજી બોલે છે તે બહુ ઝડપી અને થોડા ઉચ્ચારભેદવાળુ હોય છે. તેઓના કોઈ કોઈ શબ્દો જલદી પકડાતા નથી. પરંતુ ઝરણાંબેન સાતેક વરસથી ઑસ્ટ્રેલિયા રહે છે તેથી તેઓ તેમની ભાષા તરત સમજી જતાં. ઝરણાંબેને કહ્યુ: 'જમવાનું પીરસાય ત્યાં સુધી તમે મારી બાજુની બેઠકમાં બેસો તો વાંધો નહિ.' હું બેઠો. ત્યાં તો માઈક ઉપર કૅપ્ટને ઍનાઉન્સ કર્યું: 'ડૉ. આર. સી. શાહ કોણ છે? તેઓ એર હોસ્ટેસનો સંપર્ક સાધે.'

હું ચમક્યો. આટલા બધા મુસાફરોમાં મારું જ નામ કેમ બોલાયું હશે? બધાંને પોતાની બેઠક પર બેસવા માટે કહ્યુ છે અને મારી બેઠક ઉપર હું નથી એટલે તો કદાચ નહિ હોય? હું મારી બેઠક ઉપર પાછો ગયો. એર હોસ્ટેસને કહ્યુ: 'હું ડૉ. આર. સી. શાહ છું.' એણે કહ્યુ: 'ઓ. કે., બેસો.' પણ તે બીજું કાંઈ બોલી નહિ અને ચાલી ગઈ. તરત જમવાનું આવ્યું. મારે માટે શાકાહારી જમવાનું હતું. જમીને હું ઝરણાંબેન પાસે ગયો. મેં કહ્યુ: 'કૅપ્ટને મારું નામ શા માટે ઍનાઉન્સ કર્યું તે કંઈ ખબર પડી નહિ. હું તપાસ કરું છું.' ત્યાં તો ઝરણાબેન એરહોસ્ટેસને હુકમ કર્યો: 'ડૉ. શાહનું નામ કૅપ્ટને શા માટે ઍનાઉન્સ કર્યું છે તે જરા જઇને પૂછી આવો.' એર હોસ્ટેસે આવીને કહ્યુ: (અનુસંધાન પૃ. ૩૯૬)

ડિટેક્ટિવ ફેલુદા અને એની સત્યાન્વેષી શક્તિનો પરિચય આપતી સત્યજિત રાયની એક રહસ્યકથા

બાદશાહી અંગૂઠી

(ગતાંકથી ચાલુ)

અનુવાદક · સુકન્યા ઝવેરી

બીજે દિવસે સવારે બાપુજી અને ધીરુકાકા બંને જણે કહ્યું કે હવે કંઈ વધારે ધમાલ થાય એવું લાગતું નથી. વીંટીની તપાસનું કામ પોલીસને સોંપી દીધું છે ને ઈન્સ્પેક્ટર ગરગરીએ તપાસ આરંભી દીધી છે. પોલીસ જો વીંટી શોધી કાઢે તો ફેલુદાને ટક્કર મારી દે, અને ફેલુદાને એથી રંજ થાય જ. એટલે મેં મનોમન પ્રાર્થના કરવા માંડી કે પોલીસ પોતાના આ કાર્યમાં સફળ ન થાય તો સારું. વીંટીની શોધનો યશ ફેલુદાને મળે એવી મારી ઇચ્છા હતી.

બાપુજી કહે: 'આજે મારે તમને અહીંની બીજી કેટલીક જગ્યા બતાવી દેવાનો વિચાર છે.' બપોરે જમ્યા પછી નીકળવાનું વિચાર્યું.

અમે જમી રહ્યા ત્યાં જ વનવિહારીબાબુ આવી ચડયા. કહે: 'તમારે ત્યાં ધોળે દહાડે ધાડ પડી એ સાંભળી દોડયો આવ્યો. એકાદ સારો હાઉન્ડ પાળો તો આવું ન થાય. સાધુબાવાનો ઉદ્દેશ સાધુ હતો કે અસાધુ એ સમજતાં એક વેલ ટ્રેઈન્ડ હાઉન્ડને કેવળ પાંચ જ સેકન્ડ લાગત. ખેર, ચોર નાસી ગયા પછી હવે બુદ્ધિ ચલાવવાનો કંઈ લાભ નથી.'

વનવિહારીબાબુ પોતાની સાથે પાન બંધાવી લાવેલા. એ ધરતાં બોલ્યા: 'તમે જમી લીધું છે ને? તો હવે લખનૌનાં આ બેસ્ટ પાન ખાઓ. એક માત્ર બનારસ સિવાય આવાં પાન બીજે ક્યાંય મળતાં નથી. લો, ટેસ્ટ કરી જુઓ.'

મને થયું કે જો તેઓ વધુ રોકાશે તો અમારું બહાર જવાનું ટળશે. પણ એમણે જ પૂછ્યું: 'ઘરમાં જ રહેવાના છો કે બહાર ફરવા જવાના છો?'

'ઇચ્છા છે કે આ બંનેને કંઈક બતાવીએ.' બાપુજીએ કહ્યું, 'ઈમામબાડા સિવાય હજી બીજું કંઈ જોયું નથી.'

'રેસિડન્સી નથી જોઈ?' સજ્જને મને જ પૂછ્યું, અને મેં ના પાડતાં એમણે કહ્યું: 'ચાલો મારા જેવો ગાઈડ નહિ મળે. મ્યુટિની વિષે મને થરો નૉલેજ (સંપૂર્ણ જ્ઞાન) છે.' પછી ધીરુકાકા ભણી વળીને બોલ્યા: 'મને માત્ર એક જ વસ્તુ જાણવાનું કુતૂહલ છે. અંગૂઠી ક્યાંથી ગઈ? તિજોરીમાં રાખી હતી?'

'મારે ત્યાં તિજોરી નથી. ગોદરેજનો સ્ટીલનો કબાટ છે તેમાં રાખેલી. એની ચાવી પણ મારી પાસે જ હતી. પણ ચોરે કદાચ બનાવટી ચાવી લગાડી કબાટ ખોલ્યો હશે.'

'સાંભળ્યું છે કે એ માત્ર અંગૂઠી જ લઈ ગયો છે, બૉક્સ રહેવા દીધું છે.'

'હા.'

વેરી સ્ટ્રેન્જ! ડબ્બી ખાનામાં જ હતી? તમે ખાનું તો બરાબર તપાસ્યું હતું ને?'

'ખૂણેખૂણો તપાસ્યો હતો.'

'પણ એક કામ કરી શકો. કબાટના હૅન્ડલ અને ખાલી બૉક્સ વગેરે પરનાં ફિંગર પ્રિન્ટ્સની તપાસ—'

ફિંગરપ્રિન્ટ્સમાં લગભગ બધી છાપ મારી આંગળીઓની જ હશે. એથી ફાયદો થાય એમ લાગતું નથી. અને પડી હશે તો યે અમે અંગૂઠી શોધતા હતા ત્યારે અમારાથી જ એ ભૂંસાઈ પણ ગઈ હશે.'

માથું ધુણાવતાં વનવિહારીબાબુ બોલ્યા: 'પ્યારેલાલ પણ કમાલ માણસ હતા. અંગૂઠીનો વીમો પણ નહોતો ઉતરાવ્યો. અને જેને એ આપી ગયા એ પણ એવા જ આદમી. ખેર, હાડકાંના ડૉક્ટરને હાડોહાડ સજા થઈ ગઈ આવી ગફલતની.'

આ વખતે અમને ટાંગામાં જવા ન મળ્યું. વનવિહારીબાબુની મોટરગાડીમાં જ બધા બેસી ગયા. ફેલુદા અને હું આગળ ડ્રાઈવરની બાજુમાં બેઠા. ફુલાઈવ રોડ પરથી પસાર થતા હતા ત્યારે અમને બંનેને ઉદ્દેશીને વનવિહારીબાબુએ પૂછ્યું: 'અહીં આવીને આવા રહસ્યમય બનાવ સાથે સંકળાઈ જશો એવી કલ્પના યે નહિ હોય તમને.'

મેં માથું હલાવી ના પાડી. ફેલુદાએ માત્ર મોં મલકાવ્યું. પણ બાપુજીએ જવાબ આપ્યો: 'ફેલુનાં નસીબ પાધરાં છે. એને આવી બધી ભેદી વાતોમાં ઈન્ટરેસ્ટ છે. એને ડિટેક્ટિવગીરીનો શૉખ છે.'

'અચ્છા!' નવાઈ પામતાં વનવિહારીબાબુ બોલ્યા: 'બ્રેઈનની કસરત માટે એ ખૂબ સારી બાબત છે. વારુ, ફેલુબાબુ, આ કિસ્સામાં કંઈ ઉકેલ મળ્યો કે નહિ?'

'હજી તો શરૂઆત થઈ છે.' ફેલુદાએ ઉત્તર આપ્યો.

'જો કે તમે કયા રહસ્યનો વિચાર કરતા હશો એ તો જાણતો નથી, પણ મારા માટે તો બધું જ રહસ્યમય છે.'

'એટલે?' ધીરુકાકાએ પૂછ્યું.

'એટલે કે, જુઓને, સાધુબાવાએ ગોદરેજ કબાટને કઈ રીતે ખોલ્યો? એ પછી ઘરમાં નોકરચાકરો હાજર હોવા છતાં એ ચોરી કરવાની હિંમત કઈ રીતે કરી શક્યો? અને તે પણ છેક તમારા બેડરૂમ સુધી ઘૂસી જઈને? વળી એક બીજો પણ સંદેહ જાગે છે.'

'કઈ બાબતનો?' ધીરુકાકાએ પૂછ્યું.

'એ જ કે શ્રીવાસ્તવને સાચે જ પ્યારેલાલે અંગૂઠી ભેટ આપી હતી કે પછી શ્રીવાસ્તવે એ બીજી કોઈ રીતે—' ધીરુકાકા એમને અટકાવતાં બોલી ઊઠયા: 'શું મો'શાય, તમને શું શ્રીવાસ્તવ પર પણ શક છે?'

'શક તો દરેક પર કરવો જ પડે. મારા પર, તમારા પર પણ. કેમ ખરુંને, ફેલુબાબુ?'

'બરાબર કહ્યું.' ફેલુદાએ જવાબ આપ્યો. 'અને જે દિવસે સંન્યાસી આપણા ઘેર આવ્યો તે દિવસે શ્રીવાસ્તવ પણ આવ્યા હતા, એ જ સાંજે. પછી આપણે ન મળ્યા એટલે એ વનવિહારીબાબુને ઘેર ગયા.'

'એક્ઝૅક્ટલી!' વનવિહારીબાબુ જાણે ઉત્તેજિત બની ગયા.

આ વખતે બાપુજી બોલી ઊઠયા: 'પણ શ્રીવાસ્તવે જો કોઈ અસદ્ ઉપાયથી અંગૂઠી મેળવી હોય તો પછી આપણે ત્યાં એ શા માટે મૂકી જાય? ને પાછી પોતે જ શા માટે ચોરી કરે?'

'ન સમજાયું?' વનવિહારીબાબુએ ખડખડાટ હસતાં પૂછ્યું: 'એ તો સરળતાથી સમજી શકાય તેમ છે. શ્રીવાસ્તવની પાછળ ખરેખર કોઈ ડાકુ પડયો હશે. પોતે ડરપોક આદમી એટલે અંગૂઠી તમારે ત્યાં મૂકી ગયા. બીજી બાજુ લોભ પણ ખરો, એથી પાછી પોતે જ એ ચોરી લીધી. પેલા ચોરને પણ છેતર્યો અને અંગૂઠી સલામત રાખી, એક કાંકરે બે પક્ષી માર્યાં.' આ બધી વાતો સાંભળતાં મારું મગજ ગોટાળે ચડવા લાગ્યું. શ્રીવાસ્તવ જેવા સાલસ સજ્જન માણસ ચોર હોઈ શકે? શું ફેલુદા પણ આવું જ કંઈ ધારતા હશે કે પછી વનવિહારીબાબુના પ્રથમ વાક્યથી એને યે શ્રીવાસ્તવ પર શક પડવા માંડયો હશે?'

વનવિહારીબાબુએ વાત આગળ ચલાવી: 'શ્રીવાસ્તવ સીધા સરળ આદમી છે. હું એમના પર શક નથી કરતો. પણ તમે યે વિચારી જુઓને,

લખનૌ એવું તે કેવું મોટું શહેર છે કે અહીં માત્ર હાડકાંના રોગની દવા કરનાર આવડો મોટો બંગલો, બગીચો, ગાડી, ફર્નિચર વગેરે બધું વસાવી શકે. આ જરા વિચિત્ર નથી લાગતું?'

'બાપીકી મિલ્કત હોઈ શકે.' ધીરુકાકાએ કહ્યું.

'એનો બાપ તો અલાહાબાદ પોસ્ટ ઑફિસમાં સાધારણ કારકુન હતો.'

એકાએક ફેલુદાએ એક આડો સવાલ કર્યો: 'તમને ક્યારેય કોઈ જાનવર કરડ્યું હતું, વનવિહારીબાબુ?' 'નો, નેવર.'

'તો પછી તમારા જમણા કાંડા પર એ શાનું નિશાન છે?'

'ઓહ! વાહ, વાહ. તું તો બડો ચાલાક નીકળ્યો. કારણ આ નિશાન પર હમેશાં મારી બાંય ઢંકાએલી હોય છે, પણ તેં એ પકડી પાડ્યું. હા, આ નિશાન ફેન્સિંગમાં મને વાગેલું તેનું છે. ફેન્સિંગ એટલે શું એ તો જાણે છે ને?' ફેલુદા તો શું, મને ય ખબર હતી કે એક જાતની લાંબી પાતળી તલવારની પટ્ટાબાજીની રમતને ફેન્સિંગ કહે છે.

રેસિડન્સી સામે જ જોવા જેવી જગ્યા છે. પ્રથમ તો એ બહુ જ રળિયામણું સ્થાન છે. ચારે તરફ મોટાં વૃક્ષોની વચ્ચે મ્યુટિનીના સમયના ગોરા સાહેબોના છૂટાછવાયા બંગલાઓના ખંડેર અવશેષો કોઈ અજબ પ્રભાવ ઉપજાવે છે. લખનૌના વાંદરાઓ વિષે બહુ સાંભળેલું, પણ ધીંગામસ્તી કરતાં એનાં ટોળાં અહીં પહેલી વાર જોયાં.

રસ્તા પરના છોકરાઓ ગિલોલથી એમના પર નિશાન તાકી એમને રંજાડતા હતા. વનવિહારીબાબુએ એમને બહુ ધમકાવ્યા ને દૂર હાંકી કાઢ્યા. પછી અમને કહે: 'કોઈ પણ જીવ-જંતુ-જાનવરને રંજાડે એ મારાથી જરા યે નથી સહેવાતું. આપણા દેશમાં પ્રાણીઓ પ્રત્યે બહુ ખરાબ વ્યવહાર જ જોવા મળે છે.'

ઇતિહાસમાં ૧૮૫૭ના સિપાહી-વિદ્રોહની વાતો વાંચી હતી. રેસિડેન્સી જોતાં એમાંની ઘણી આંખો સમક્ષ ખડી થવા લાગી. એક મોટા બંગલાના ખંડિયેરમાં અમે ઘૂમી રહ્યા હતા. વનવિહારીબાબુ એ બધું બતાવતાં મ્યુટિનીની વાતો કરતા જતા હતા: 'સિપાહીઓની એ બગાવતના સમયમાં લખનૌમાં નવાબોનું રાજ હતું. બ્રિટિશોનું સૈન્ય અહીં આ સ્થળે રહેતું. સર હેન્રી લૉરેન્સ એનો સેનાપતિ હતો. બળવો જાગ્યો ત્યારે શહેરમાં રહેતા બધા ગોરા સાહેબોએ પોતાનાં બાલબચ્ચાં સાથે અહીં હૉસ્પિટલના મકાનમાં આશરો લીધેલો. સર હેન્રી થોડા દિવસો સુધી તો ખૂબ લડ્યા પણ અંતે હાર થયા અને એ પછી તો સિપાહીઓએ અહીં જે દશા કરી તે આ બિસ્માર ઈમારતો પરથી સમજી શકાય તેમ છે. સર કૉલિન કૅમ્પબેલ જો કુમક લઈ આવી પહોંચ્યો ન હોત તો આથી ય બૂરી હાલત સરજાત. આ જુઓ, ગોરાઓનો બિલિયર્ડ-રૂમ. સિપાઇઓની તોપોએ ને ગોળીઓએ એના કેવા હાલ કરી મૂક્યા છે?'

બાપુજી અને ધીરુકાકાએ તો આ બધું અગાઉ જોએલું હતું એટલે તેઓ બંને બહાર મેદાનમાં ફરતા હતા. વનવિહારીબાબુની વાતો સાંભળતાં અમે બે જ જણ બ્રિટિશોના સમયની પાતળી છતાં મજબૂત ઈંટોથી બાંધેલી ઈમારતોનાં ખંડિયેરોમાં ફરતા હતા. એવામાં એકાએક એક દીવાલના બાકોરામાં થઇને સડસડાટ ફેલુદાના કાન સાથે ઘસાઇને સામેની ભીંતે અથડાઇને કોઈ ચીજ ભોંય પર પડી. નીચા વળી જોયું તો એ એક ટચૂકડો પથ્થર હતો. બીજી જ પળે વનવિહારીબાબુએ ફેલુદાને એક આંચકા સાથે પોતાના ભણી ખેંચી લીધો અને બરાબર એ જ ક્ષણે એક બીજો પથ્થર સણસણતો આવી સામી દીવાલે અથડાઇને પડ્યો. આટલા જોરદાર ઘા ગિલોલ વિના શક્ય નહોતા જ, અને સ્પષ્ટ લાગતું હતું કે એ બરાબર નિશાન તાકીને જ ફેંકાયા હતા. જો એમાંનો એકાદ પણ અમારામાંથી કોઇને વાગ્યો હોત તો જરૂર લોહીની ફૂટ થાત યા આંખ ફૂટત. પણ ઉંમર થવા છતાં વનવિહારીબાબુએ અજબ સ્ફૂર્તિ દાખવી. એક સપાટે તેઓ દીવાલમાંના પેલા બાકોરામાંથી બહાર ઘાસ પર કૂદી પડ્યા. ફેલુદા અને હું પણ એમની પાછળ એક કૂદકે બહાર નીકળ્યા. જોયું તો જે દિશામાંથી પથ્થરો આવેલા એ તરફ ઠીકઠીક દૂરથી લાલ ફેઝ ટોપી અને કાળો કોટ પહેરેલો એક દાઢીવાળો આદમી નાસી જતો દેખાયો. એક પળ પણ ગુમાવ્યા વિના ફેલુદા તેના ભણી દોડ્યો. હું પણ તેની પાછળ જવા પગ ઉપાડતો જ હતો ત્યાં વનવિહારીબાબુએ મને રોકતાં કહ્યું: 'તું હજી નાનો છે તપેશ. તારે આ બધી ઝંઝટમાં પડવું બરાબર નથી.' થોડી વાર પછી ફેલુદા પાછા ફર્યા. વનવિહારીબાબુએ પૂછ્યું: 'પકડાયો?'

'ના, બહુ ડિસ્ટન્સ હતું ને? હું એને આંબું તે પહેલાં તો એ એક કાળી સ્ટૅન્ડર્ડ ગાડીમાં બેસી નાસી ગયો.'

'સ્કાઉન્ડ્રલ (બદમાશ)!' વનવિહારીબાબુ બોલી ઊઠ્યા. પછી અમારી બંનેની પીઠ પર હાથ મૂકી કહ્યું: 'ચાલો, હવે અહીં રોકાવું ઠીક નથી.'

જરા આગળ ગયા ત્યાં બાપુજી અને ધીરુકાકા મળ્યા. બાપુજીએ તુરત પૂછ્યું: 'કેમ ફેલુ, આટલો બધો કેમ હાંફે છે?'

વનવિહારીબાબુએ જ જવાબ આપ્યો: 'મને લાગે છે કે એ હવે વધુ ડિટેક્ટિવગીરી ન કરે એમાં જ સલામતી છે. લાગે છે કે કોઈ ગુંડો એની પાછળ પડ્યો છે.' બાપુજી અને કાકા તો પછી બધી વાત સાંભળીને ડઘાઈ જ ગયા. અંતે વનવિહારીબાબુએ હસીને કહ્યું: 'તમે ગભરાશો નહિ. હું તો મજાક કરતો હતો. અસલમાં એ પથરા મને મારવા માટે જ ફેંકાયા હતા. મેં પેલા છોકરાઓને તતડાવ્યા હતા ને, એનો એમણે બદલો વાળ્યો હશે.' ને પછી ફેલુદાને ઉદ્દેશીને કહ્યું: 'છતાં ય કહી રાખું ફેલુબાબુ, કે તું હજી નાનો જ છો. આવા અજાણ્યા પારકા પ્રદેશમાં ક્યાંક ફસાઈ જઈશ તો હેરાન થઈ જઈશ. આજથી હવે ચેતીને ચાલજે.'

ફેલુદા ચૂપ જ રહ્યા. ગાડી તરફ જતાં અમે બંને જરા પાછળ હતા. તક ઝડપીને મેં ફેલુદાને ધીરા અવાજે પૂછ્યું: 'પથ્થર તમને માર્યો હતો કે એમને?' દાંત કચકચાવતાં ફેલુદાએ કહ્યું: 'એમને માર્યો હોત તો શું એ ચૂપચાપ જોઈ રહેત? અરે, હોહા મચાવીને આ રેસિડેન્સીની થોડીઘણી બાકી રહી ગએલી ઇંટો યે ખેરવી નાખી હોત એમણે.'

'મને પણ એવું જ લાગે છે.'

'પણ એક ચીજ જડી છે. પેલો આદમી નાસ્યો ત્યારે પડી ગઈ હશે.'

'એમ! શું છે એ વસ્તુ?'

ફેલુદાએ ખિસ્સામાંથી એક કાળી ચીજ કાઢીને આડો હાથ રાખી મને બતાવી. જોયું તો એ એક બનાવટી મૂછ હતી. હજી યે એના પર સૂકી લાહી લાગેલી હતી. એને પાછી ખિસ્સામાં મૂકતાં ફેલુદાએ કહ્યું: 'પથ્થરો મારા પર જ તાકવામાં આવ્યા હતા, અને આ સજ્જન પણ એ બરાબર જાણતા જ હતા.' 'તો પછી બોલ્યા કેમ નહિ?'

'કદાચ મને નર્વસ કરવા નહિ ઇચ્છતા હોય. અથવા તો...' પણ એણે એ વાક્ય અધૂરું જ છોડી દીધું, અને જરા રહીને ચપટી વગાડી બોલ્યા: 'કેસ હવે જામવા માંડ્યો છે, તોપસે. તું હવે પછી મને જરાય ડિસ્ટર્બ કરતો નહિ.' અને ત્યાર પછી બાકીના આખા દિવસ દરમિયાન એણે મારી સાથે કંઈ જ વાત કરી નહિ. મોટે ભાગે એણે બગીચામાં આંટા જ માર્યા કર્યા. વચ્ચે એણે પોતાની બ્લ્યૂ ડાયરીમાં કંઈ નોંધો પણ કરી. એ જ્યારે બગીચામાં ટહેલતા હતા ત્યારે એક વાર છાનામાના મેં પેલી ડાયરી ખોલીને નજર નાખી, પણ એમાંનો એકેય અક્ષર હું વાંચી શક્યો નહિ. કારણ એ નોંધ કોઈ અજાણી લિપિમાં જ લખાએલી હતી

ટાંગામાં બેસતાં ફેલુદાએ ટાંગાવાળાને કહ્યું: 'હઝરતગંજ તરફ લે ચલો.' 'એ વળી કઈ જગ્યા છે?' મેં પૂછ્યું.

'અહીંનું ચોરંગી. નવાબી અમલની ચીજો ઉપરાંત પણ શહેરમાં બીજી ઘણી વસ્તુઓ જોવા જેવી છે. આજે થોડી દુકાનો ફરીએ ને જોઇએ.'

ગઈ કાલે રેસિડેન્સીથી પાછા ફરતાં અમે વનવિહારીબાબુને ઘેર કૉફી પીવા રોકાયા હતા. એ તક ઝડપી લઇને અમે એમનાં પ્રાણીઓને ફરી એક વાર જોઈ લીધાં. એ હાઈના, એ રૅટલ સ્નેક, એ કરોળિયો ને પેલી રાની બિલાડી તથા ઝેરીલો વીંછી. એમની ભયંકરતા હજી યે આંખ સામે તરવરતી હતી.

કૉફી પીતાં પીતાં ફેલુદાએ એક બંધ બારણું બતાવતાં પૂછયું : 'તે દિવસે અમે આવ્યા ત્યારે આ બારણાને તાળું મારેલું હતું અને આજે ય હજી એ બંધ જ છે.'

'હા, એ એક એકસ્ટ્રા રૂમ છે. વનવિહારીબાબુએ ખુલાસો કરતાં કહ્યુ : 'આવ્યો ત્યારથી જ એને તાળું લગાડી રાખ્યુ છે. ખુલ્લો રાખીએ તો સફાઈની ઝંઝટ રહેને ?'

'તો પછી તાળું ચોક્કસ બદલ્યું હશે. આ તાળું એટલું જૂનું નથી લાગતું.'

આ સાંભળી વનવિહારીબાબુ જરા ખમચી તો ગયા જ, પણ હસતું મોં રાખી વેધક નજરે ફેલુદા તરફ તાકતા બોલ્યા : 'હા, એ ખરું છે. અગાઉનું તાળું તદ્દન કટાઈ ગએલું એટલે બદલી નાખવું પડ્યું.'

એટલામાં બાપુજીએ વાત બદલી. કહે : 'અમારો વિચાર છે કે આ થોડા દિવસોમાં હરિદ્વાર અને લક્ષ્મણઝૂલા જઈ આવીએ.'

વનવિહારીબાબુએ પાઈપ સળગાવી. એક લાંબો કસ મારી તીવ્ર ગંધવાળો ધુમાડો છોડતાં એ બોલ્યા : 'અચ્છા, એ પણ સારો આઇડિયા છે. ક્યારે જવાના છો ? જો પરમ દિવસે જવાનું રાખો તો હું પણ તમારી સાથે આવું. મારે એક બાર ફૂટ લાંબા અજગરને જોવા એ તરફ જવાનું જ છે.' અને જરા રહીને પછી ઉમેર્યુ : 'અને ફેલુબાબુએ જે રીતે ડિટેક્ટિવગીરી શરૂ કરી છે એ જોતાં થોડા દિવસ એ પણ આ શહેર છોડી ક્યાંક જઈ આવે તો કદાચ એ બધાને માટે ઠીક રહેશે.'

'મારાથી તો હમણાં બહાર નીકળાય તેમ નથી, પણ તમે બધા જરૂર જઈ આવો. ફેલુ અને તપેશ છેક કલકત્તાથી અહીં સુધી આવ્યા છે તો હરિદ્વાર ને લક્ષ્મણઝૂલા પણ નજીક હોવા છતાં જોયા વિના પાછા જાય તો મને ય એનો રંજ રહેશે, ધીરુકાકાએ કહ્યુ.

વનવિહારીબાબુ કહે : 'હું સાથે હોઈશ તો તમને સગવડ રહેશે. મારા એક ઓળખીતાની ધર્મશાળા છે ત્યાં ઊતરી શકાશે અને હરિદ્વારથી લક્ષ્મણઝૂલા જવા માટે ગાડીની વ્યવસ્થા પણ હું કરાવી શકીશ. હવે તમે જ ડિસાઈડ કરો.'

અને પછી ત્રીજે દિવસે શુક્રવારે અમારે ઊપડવાનું નક્કી થયું. બે દિવસ પહેલાં જો વનવિહારીબાબુએ કહ્યુ હોત કે તેઓ પણ અમારી સાથે આવશે તો મને એ ગમ્યુ હોત, પણ કાલે સાંજે રેસિડેન્સીના બનાવ પછી મને એ માણસ માટે એક જાતનો સંદેહ જાગ્યો છે. પરંતુ ફેલુદાને એ અંગે કંઈ વાંધો હોય તેમ લાગ્યું નહિ, એટલે મેં પણ મારા મનને જવા માટે તૈયાર કરી દીધું.

અને આજ સવારે ફેલુદાએ હઝરતગંજ જવાનું નક્કી કર્યું ને અમે ટાંગો કરીને નીકળ્યા. કહે છે કે હઝરતગંજમાં બધું મળે છે. ત્યાં અવનવી ચીજો જોવા ઉપરાંત, ફેલુદાને દાઢી કરવાની બ્લેડ પણ ખરીદવી હતી. ગઈ કાલથી જ ફેલુદા ગંભીર બની ગયા હતા. પેલી અંગૂઠી વિષે તો એક હરફ એમણે ઉચ્ચાર્યો નહોતો. આજે જ્યારે એ નાવા ગયા ત્યારે ફરી મેં એમની પેલી ડાયરી ઉથલાવી હતી. એમાં કોઈ કોઈ અક્ષર અંગ્રેજી જેવા લાગતા હતા ખરા, પણ બાકીનાની મને કંઈ સમજ પડી નહિ.

ટાંગામાં જતાં જતાં હું વધુ વાર સુધી મારું કુતૂહલ રોકી ન શક્યો ને મેં ફેલુદાને એમની ગૂઢ લિપિ વિષે પૂછી જ નાખ્યું. પ્રથમ તો પરવાનગી વિના મેં ડાયરી જોઈ એ બદલ એ ગુસ્સે થયા. 'એ તેં બહુ ખોટું કામ કર્યું. એ બદલ તને ક્રિમિનલ જેવો જ ગણવો જોઇએ.' પણ પછી જરા નરમ પડી કહે : 'તારે એ વાંચવાની કોશિશ કરવી નકામી છે, કારણ કે એ લિપિ તારાથી નહિ ઉકેલી શકાય.'

'કઈ લિપિ છે એ ?'

'ગ્રીક- આલ્ફા, બીટા, ગામા, ડેલ્ટા, પાઈ, ઉપસાઈલન વગેરે અક્ષરો તો મૅથેમૅટિક્સમાં શીખ્યો જ હતો, અને બાકીના ગ્રીક ડિક્શનરીમાંથી શીખી લીધા. પણ મારી નોંધમાં લિપિ જ ગ્રીક છે, બાકી તો અંગ્રેજી જ છે. આ રીતે મેં મારી ખાસ સાંકેતિક ભાષા બનાવી લીધી છે. એટલે કોઇને હાથ મારી એ નોટબુક ચડી જાય તો યે એમાંની નોંધ એનાથી ઊકલે નહિ.'

'અચ્છા, તો લખનૌની જોડણી શી થાય ગ્રીકમાં?'

'લેમડા, ઉપસાઈલન, કાપા, નિપુ, ઓમક્રન, ઉપસાઈલન'. અંગ્રેજીના સી અને ડબ્લ્યુ ગ્રીકમાં નથી એટલે સ્પેલિંગ થશે એલ યુ કે એન ઓ યુ જેવો.'

'અને કલકત્તાનો સ્પેલિંગ'?'

'કાપા આલ્ફા લેમડા કાપા ઉપસાઈલન ટાઉ ટાઉ આલ્ફા.'

'બસ બસ, બહુ થયું. બે સ્પેલિંગ શીખવામાં જ ગ્રીકનો પીરિયડ પૂરો !'

ચોરંગી કહીએ તો વધુપડતું લાગે, પણ હઝરતગંજની દુકાનો પણ જોવા જેવી તો હતી જ. ટાંગાનું ભાડુ ચૂકવી દઈ અમે બંને પગપાળા જ ત્યાં ઘૂમવા લાગ્યા. એક મોટી દુકાન જોઈ મેં કહ્યુ : 'આ મોટો જનરલ સ્ટોર લાગે છે, ફેલુદા. અહીંથી બ્લૅડ મળી રહેશે.'

'થોભી જા. પહેલાં એક બીજું કામ પતાવી લઉં'. કહી ફેલુદાએ આગળ પગ ઉપાડયા. થોડે દૂર એક દુકાન જોઈ ફેલુદા એ તરફ વળ્યા. દુકાન પર લાલ સાઈન બોર્ડમાં સોનેરી અક્ષરે લખ્યું હતું : મલકાણી ઍન્ડ કં., ઍન્ટિક ઍન્ડ ક્યૂરીઓ ડીલર્સ'. બહારના કાચમાંથી જ દેખાતું હતું કે ત્યાં જૂના જમાનાની અવનવી ચીજો વેચાતી હતી. અંદર જતાં તો એવી ચીજોનો ખડકલો જ નજરે પડયો. વીતી ગએલા જમાનાનાં ઘરેણાં, ઘડિયાળો, બત્તીનાં ઝુમ્મરો, છબિઓ, રાચરચીલું, ગાલીચા વગેરે કંઈ અજબગજબ જૂની ત્યાં ઠાંસી હતી.

પાકટ વાળ અને સોનેરી ફ્રેઈમનાં ચશ્માંવાળા પીઢ દુકાનદારે અમને આવકાર્યા. ફેલુદાએ પૂછ્યું : 'તમારી પાસે બાદશાહોના જમાનાના અલંકારો છે?'

'અલંકારો તો નથી, પણ મુઘલ સમયનાં ઢાલ-તલવારો, જામો બખ્તર વગેરે છે. બતાવું ?'

દરમિયાન ફેલુદાએ કાચનું એક અત્તરદાન હાથમાં લઈ જોતાં જોતાં કહ્યુ : 'પ્યારેલાલ પાસે મુઘલ સમયના થોડાં ઘરેણાં જોયાં હતાં. એ તો તમારા એક મોટા ગ્રાહક હશે.'

'મોટા ગ્રાહક ? કયા પ્યારેલાલની આપ વાત કરો છો ?' લાગ્યું કે દુકાનદાર પ્યારેલાલને પહેચાનતા નહિ હોય.

'કેમ, હમણાં થોડા સમય પર ગુજરી ગયા તે પ્યારેલાલ શેઠ.'

'મારી પાસેથી તો કોઈ પ્યારેલાલે કંઈ ખરીદ્યાનો ખયાલ નથી. ને મારી દુકાન જેટલી મોટી દુકાન અહીં બીજી કોઈ નથી.'

'આઈ સી ! તો પછી જ્યારે તેઓ કલકત્તામાં હતા ત્યારે ખરીદ્યાં હશે.'

'બનવાજોગ છે.'

'અચ્છા, અહીં તમારા બીજા કોઈ મોટા ગ્રાહક છે ?'

મલકાનીનું મોં જોઈ લાગ્યું કે મોટા કહી શકાય એવા કોઈ સ્થાનિક ગ્રાહક હશે નહિ. એણે કહ્યું, 'પરદેશી ટૂરિસ્ટો ક્યારેક આવી ચડે છે. તેઓ ક્વચિત્ સારાં દામ આપીને કંઈ ખરીદી જાય છે. બાકી અહીંના ગ્રાહકોમાં એક મિ. મહેતા છે એ વળી ક્યારેક કંઈક લઈ જાય છે. એક મિ. પેસ્તનજી પણ મારા જૂના ગ્રાહક છે. હમણાં જ થોડા દિવસ પહેલાં ત્રણ હજારની એક કાર્પેટ લઈ ગયા. અસલ ઈરાનની ચીજ હતી.'

અચાનક ફેલુદાએ હાથીદાંતની નૌકા તરફ ધ્યાન દોરતાં પૂછ્યું: 'આ તો બંગાળની ચીજ છે, ખરું?' 'હા, મુર્શિદાબાદની.'

'જોયું તોપસે? કેવો સરસ બજરો બનાવ્યો છે!'

અને ખરેખર, હાથીદાંતમાં કોરીને બનાવેલી આટલી સુંદર નૌકા મેં ક્યારેય જોઈ નહોતી. બજરાની છત પર બાંધેલા શમિયાણાની નીચે હુક્કો ગગડાવતા નવાબ અને એના દરબારીઓ નર્તકીનાં નાચગાન જોતા બેઠા હતા. એક માણસ સુકાન સંભાળતો હતો. બરકંદાજ સિપાઇઓ પણ હતા. આટલા ટચૂકડા કદમાં એ બધાં પાત્રો અને શોભા-શોભન બધું પર્ફેક્ટ હતું. 'આ ક્યાંથી મળ્યો.'

'આ મિ. સરકાર વેચી ગયા હતા.' 'કોણ મિ. સરકાર?'

'મિ. વી. બી. સરકાર. બાદશાહનગરમાં રહે છે. ક્યારેક કંઈ કંઈ ખરીદી જાય છે. એમની પાસે યે સારો સંગ્રહ છે.'

'અચ્છા! થૅંક યુ. તમને તકલીફ આપી. પણ તમારી દુકાન ખૂબ ગમી. ગુડ ડે.' 'ગુડ ડે, સર.'

બહાર આવી ફેલુદા બોલ્યા: 'તો એમ વાત છે! વનવિહારી સરકારની આવી દુકાનોમાં આવ-જા છે ખરી. મતલબ કે એમને પ્રાચીન ચીજોમાં રસ છે. જો કે મને પહેલેથી જ સંદેહ તો હતો જ.'

'પણ, એ તો કહેતા હતા ને કે એમને આવી ચીજોમાં ઈન્ટરેસ્ટ નથી?'

'ઈન્ટરેસ્ટ ન હોય તો નંગ જોઇને કોઈ કહી શકે કે એ ખરાં છે કે ખોટાં?'

મલકાની ઍન્ડ કં.ની સામે 'એમ્પાયર બુક સ્ટૉલ' હતો. હરિદ્વાર-લક્ષ્મણઝૂલા જવું છે તો ત્યાંને વિષે એકાદ ચોપડી ખરીદવા માટે ફેલુદાએ મને ત્યાં દોર્યો. અંદર પ્રવેશતાં જ જોયું તો પ્યારેલાલનો પુત્ર મહાવીર પણ ત્યાં પુસ્તકો ઉથલાવી રહ્યો હતો.

'ક્રિકેટનું પુસ્તક છે. વેરી ગુડ.' ફેલુદા એના હાથમાંના પુસ્તક પર નજર ફેરવતાં ધીમેથી બોલ્યા. અમારા તરફ પીઠ હોવાથી મહાવીરે અમને જોયા નહોતા. કાઉન્ટર પાસે જતાં મહાવીર સાંભળે તેમ ફેલુદાએ દુકાનદારને પૂછ્યું: 'નેવિલ કાર્ડસની કોઈ ચોપડી છે તમારી પાસે?'

શબ્દો કાને પડતાં જ મહાવીરે ફેલુદા ભણી જોયું. મને ખબર છે કે નેવિલ કાર્ડસે ક્રિકેટ વિષે બહુ સરસ પુસ્તકો લખ્યાં છે.

'કયું પુસ્તક જોઇએ છે?' 'સેન્ચરીઝ' છે?'

'ના જી, એ તો નથી. બીજું બતાવું?' હસતે ચહેરે મહાવીર ફેલુદા પાસે આવ્યો: 'તમને ક્રિકેટમાં ઈન્ટરેસ્ટ લાગે છે!'

'હા, તમને પણ હોય એવું લાગે છે.'

પોતાના હાથમાંનું પુસ્તક બતાવતાં મહાવીરે કહ્યું: 'આ બ્રૅડમૅનની આત્મકથાનો મેં ઑર્ડર આપેલો, તે લેવા આવ્યો છું.'

'ઓહો! મેં એ વાંચી છે. શું ટેરિફિક બુક છે!'

'તમને શું લાગે છે? રણજી ચડે કે બ્રૅડમૅન?' અને પછી બંને જણા ક્રિકેટની વાતોમાં ચડી ગયા. થોડી વાર પછી મહાવીરે કહ્યું: 'પાસે જ ક્વૉલિટી રેસ્ટોરાં છે. ચાલો ત્યાં બેસીને જરા ચા-પાણી લઇએ.'

ફેલુદાને કંઈ વાંધો નહોતો. અમે ત્રણ જણ રેસ્ટોરાંમાં ગયાં. તેમણે બંનેએ ચા અને મેં કોકાકોલાનો ઑર્ડર આપ્યો.

'તમે ક્રિકેટ રમો છો?' મહાવીરે પૂછ્યું.

'રમતો હતો. સ્લૉ સ્પિન બૉલ નાખતો. અગાઉ એક વાર અહીં લખનૌમાં પણ રમી ગયો છું. તમે પણ રમતા હશો'.

'હું દૂન સ્કૂલમાં ફર્સ્ટ ઇલેવનમાં રમ્યો છું. પિતાજી પણ સ્કૂલમાં હતા ત્યારે સરસ રમતા.' પણ પ્યારેલાલનો ઉલ્લેખ કરતાં જ એ ગંભીર બની ગયો. ફેલુદાએ ચાનો ઘૂંટ લેતાં પૂછ્યું: 'તમે અંગૂઠીની વાત તો જરૂર જાણતા હશો'.

'હા. ડૉક્ટર શ્રીવાસ્તવને ત્યાં ગયો હતો ત્યારે એમણે વાત કરેલી.'

'તમારા પિતાજી પાસે એ અંગૂઠી હતી અને એમણે એ ડૉક્ટરને આપી હતી એ તો તમે જાણતા હશો.'

ઘણા સમય પહેલાં પિતાજીએ મને કહેલું કે એમને ડૉ. શ્રીવાસ્તવે એમને સાજા કરવામાં ઘણી મહેનત ને કાળજી લીધેલી. એટલે તેઓ એમને કંઈ ભેટ આપવા ઇચ્છતા હતા. પણ એ શું આપવાના હતા એ તો પિતાજીના અવસાન બાદ ડૉક્ટરે કહ્યું ત્યારે જ જાણ્યું.' એ પછી અચાનક ફેલુદાને એણે પૂછ્યું, 'પણ તમે આ વાતમાં કેમ ઈન્ટરેસ્ટ લો છો?'

જરા હસીને ફેલુદા બોલ્યા: 'મને આવી બાબતનો શૉખ છે.'

ચાનો ઘૂંટ લેતાં મહાવીર જરા અન્યમનસ્ક થઈ ગયો. ફેલુદાએ પૂછ્યું: 'હવે તમારા ઘરમાં બીજું કોણ કોણ છે?'

'મારાં એક વૃદ્ધ ફઈબા છે અને બીજા નોકરચાકર.'

'નોકરો બધા જૂના છે?'

'બધા મારા જન્મ પહેલાંના છે. એટલે કે અમે કલકત્તા રહેતા ત્યારના. પ્રીતમસિંહ બૅરો તો પાંત્રીસ વર્ષથી અમારે ત્યાં છે.'

'પેલી અંગૂઠી જેવી બીજી કોઈ ચીજો તમારા પિતાજી પાસે હતી?'

'પિતાજીના એ શૉખની વાતો તો હું લગભગ ભૂલી જ ગયો હતો. બહુ સમય પહેલાંનો એ શૉખ. ત્યારે તો હું બહુ નાનો હતો. આ વખતે આવ્યો ત્યારે પિતાની તિજોરી ખોલી જોયું તો એમાં બાદશાહી જમાનાની બીજી કેટલીક ચીજો હતી. પણ અંગૂઠી જેટલી કિંમતી હોય એવી એકે ય ન લાગી'. પછી જરા ચૂપ રહી એણે ધીમા સ્વરે કહ્યું: 'પ્રીતમસિંહે મને એક અદ્ભુત વાત કરી'. ફેલુદા ચૂપ રહ્યો. મહાવીરે એના તરફ ઝૂકીને ચોપાસ નજર ફેરવી ધીમેથી કહ્યું: 'પિતાજીને જે દિવસે બીજો હાર્ટ ઍટેક આવ્યો તે દિવસે એટલે કે ઍટેક પહેલાં પ્રીતમે પિતાજીના ઓરડામાંથી એમની એક ચીસ સાંભળી હતી.'

'અચ્છા?' ફેલુદાએ હવે વધુ રસ દાખવ્યો.

'હા, પણ પ્રીતમસિંહને એમાં કંઈ નવાઈ લાગેલી નહિ. કારણ પિતાજીને ઘણી વાર કમરની પીડા થતી ત્યારે ઊઠબેસ કરતાં એમનાથી ચીસ પડાઈ જતી. પણ ત્યારે તેઓ કોઇને મદદ માટે બોલાવતા નહિ, એટલે પ્રીતમસિંહે માન્યું કે એવું જ કંઈ થયું હશે અને એમનાથી ચીસ પડાઈ ગઈ હશે. પણ હવે એને લાગે છે કે એનું એ માનવું ભૂલભરેલું હતું, કારણ આ ચીસ ખાસ્સી જોરમાં પડાઈ હતી એમ એ માને છે.'

'અચ્છા; એ દિવસે તમારા પિતાજીને મળવા કોઈ આવેલું કે નહિ એની તમને કદાચ ખબર નહિ હોય, પણ પ્રીતમસિંહને કંઈ યાદ છે?'

'મેં એને એ પૂછ્યું હતું. પણ એ ચોક્કસ રીતે કશું કહી શકતો નથી. સામાન્ય રીતે સવારના સમયમાં ક્યારેક કોઈ પિતાજીને મળવા આવી ચડતું, પણ તે દિવસે કોઈ આવ્યું હોય એવું પ્રીતમ કહી શકતો નથી. પિતાજીના રૂમમાં એ જ્યારે ગયો ત્યારે એમની હાલત બહુ ગંભીર હતી. એ વખતે રૂમમાં બીજું કોઈ હતું નહિ. પછી પ્રીતમે જ ફોન કરીને ડૉ. શ્રીવાસ્તવને બોલાવ્યા. જો કે પિતાજીના હાર્ટની ટ્રીટમેન્ટ તો ડૉ. ઍડામ કરતા હતા, પણ તેઓ તે દિવસે અલ્લાહાબાદમાં કોઈ કૉન્ફરન્સમાં ગએલા'.

'અને "સ્પાઈ" માટે તમારી શી ધારણા છે?'

'સ્પાઈ! મહાવીર આ સાંભળી ચમકી ગયો.


'ઓહ, તો તમને એ બાબત ખબર લાગતી નથી. તમારા પિતાજી શ્રીવાસ્તવને "સ્પાઇ" વિષે કંઈ કહેવા માગતા હતા, પણ તેઓ પૂરું બોલી શક્યા નહિ'.

'આ તો હું આજે જ જાણું છું.' માથું ધુણાવતાં મહાવીરે કહ્યું. 'પિતાજીને ગુપ્તચર સાથે કંઈ સબંધ હોય એ તો હું કલ્પી પણ નથી શકતો.'

શતરંજ : કૉમ્બિનેશન્સ . . . . સુરેશ મોદી

આ વખતે આપણે ભૂતપૂર્વ વિશ્વવિજેતા મિખાઈલ ટાલની રમતમાંનું એક કૉમ્બિનેશન જોઈએ. આકૃતિમાં આપેલી પરિસ્થિતિમાં કાળાનાં હાથી અને પ્યાદાના બદલામાં સફેદ પાસે ઊંટ અને ઘોડો છે. આમ, મહોરાંનું બળ બન્ને પક્ષે સરખુ જ છે, પણ પોતાનાં મહોરાં

Ludol



Tah

સફેદે રમવાનું

ની સ્થિતિનો લાભ લઈને સફેદ જીતે છે. પહેલી નજરે એમ લાગે છે કે ઘોડાનો ભોગ આપી ત્વરિત મ્હાત માટે કૉમ્બિનેશન શક્ય બનશે. 1N × Pch ? પછી 1..., QN7 અને વજીર રાજાને બચાવવા તેની નજીક આવી જાય છે.

1 N—K6!

આ ચાલથી 2Q-N7 વડે મ્હાતની ધમકી ઊભી થાય છે માટે ઘોડાને મારવો જ રહ્યો. 1..., Q × N પછી 2B-R6થી ફરી તે ધમકી ઊભી થાય છે અને 2..., R-KN1; 3 Q × Rથી મ્હાત થાય છે. માટે 1..., P × N; 2 R-Q7.

ફરી 3Q–N7 મ્હાતની ધમકી અને તેથી એક જવાબ: 2..., R-KN1; 3Q–R4.

હવે 4 Q × RP મ્હાતની ધમકી છે માટે 3..., R–N2; 4Q × BP.

હવે 5 Q × R મ્હાતની ધમકી ટાળવા, કાળો 4..., R-KN1, રમે તો 5B-Q6 પછી બહુ જ જલદી કાળો મ્હાત થાય છે માટે 4. Resigns. □

જાન્યુઆરી અંકથી શરૂ થતી સ્પર્ધા

અગાઉ જ્યારે જ્યારે આ વિભાગમાં સ્પર્ધા યોજવામાં આવી છે ત્યારે ત્યારે વાચકોએ તેમાં ઉત્સાહથી ભાગ લીધો છે. તેથી જાન્યુઆરી ૧૯૮૦ના અંકથી ફરી શતરંજની એક સ્પર્ધા યોજવા વિચાર્યું છે. આપણે છેલ્લે કૉમ્બિનેશન્સ અને તે પહેલાં ઘણો વખત fairy chess problemsનો અભ્યાસ કર્યો હતો. વાચકોએ એમાં કેટલો રસ લીધો હતો અને કેટલે અંશે તે સમજવામાં સફળતા મેળવી તેનું પણ આ સ્પર્ધાથી માપ નીકળશે. આવતા વર્ષ દરમિયાન બે કોયડા બબ્બે ચાલના, બે કોયડા ત્રણત્રણ ચાલના, બે કોયડા અંતના તબક્કાના અને રમતમાંના કૉમ્બિનેશન્સના બે કોયડા તથા ચાર જુદીજુદી જાતના Fairy કોયડા–આમ કુલ બાર કોયડા આપવામાં આવશે.

દરેકના સાચા અને પૂરા ઉકેલ માટે એક સરખા ગુણ રાખવામાં આવશે. દરેક કોયડાના ઉકેલ સાથે ઉકેલ મોકલનારનાં નામ તથા તેમણે મેળવેલા ગુણ પણ આપવામાં આવશે. પૂરા વર્ષ દરમિયાન પ્રસિદ્ધ થએલા બારેય કોયડામાં મેળવેલા કુલ ગુણ પરથી સ્પર્ધાના વિજેતા નક્કી કરવામાં આવશે. અને તેમાં પહેલાં ત્રણ સ્થાન મેળવનાર વાચકોને યોગ્ય ઈનામ આપવામાં આવશે. □

કોકાકોલા પૂરું કરી હજી હું સ્ટ્રૉ વાળતો જ હતો ત્યાં એક પહેલવાન ગંઠિયા જેવો આદમી અમારી બાજુના જ ટેબલ પર બેસી ચા પીતાંપીતાં અમને તાકી રહેલો તેના તરફ મારી નજર ગઈ. આંખ મળતાં જ એ ઊઠીને અમારી પાસે આવ્યો, અને ફેલુદા ભણી જોઈ બોલ્યો: 'નમસ્કાર. ઓળખાણ પડે છે?' 'હા હા. કેમ ન પડે?'

હવે મને યાદ આવી ગયું. આ માણસ તો વનવિહારીબાબુને ત્યાં જોએલો. એમનાં પ્રાણીઓની સારસંભાળ રાખનારો. એની ચિબુક પર ઍડહેસિવ ટેપ લગાડેલી હતી. દાઢી કરવા જતાં બ્લેડ વાગી ગઈ હશે.

ફેલુદાએ એને કહ્યું : 'આવો, બેસો. ઓળખાણ કરાવું. આ છે મહાવીર શેઠ, અને આ ગણેશ ગુહ.'

આ વખતે જરા બારીકાઈથી જોયું તો એ માણસની ગરદન પર નખોરિયાના જખમ જેવું નિશાન દેખાયું. જો કે એ ઘા જૂનો લાગતો હતો.

'તમારી દાઢીએ શું થયું?' ફેલુદાએ પૂછ્યું. પોતાના ટેબલ પરથી ચાનો કપ લઈ આવી અમારી પાસે બેસતાં એણે કહ્યું : 'એ વાત જ ન પૂછશો. આખું શરીર આટલા દિવસમાં ચીરફાડથી ખતમ નથી થઈ ગયું એ જ સદ્ભાગ્ય. મારે શાની નોકરી છે એ તો જાણો જ છો ને?'

'એ તો ખબર છે. પણ હું ધારતો હતો કે તમને આ કામમાં રસ હશે.'

'આ તો બધું પેટને ખાતર. એક જમાનામાં હું બિજુ સર્કસમાં વાઘનો ઈનચાર્જ હતો. પણ એ વાઘ તો અફીણ ખાઈને સુનમૂન પડી રહેતો. પણ વનવિહારીબાબુનાં આ જાનવરો પાસે તો એ દૂધ પીતાં બચ્ચાં જેવાં ગણાય. તે દિવસે પેલી જંગલી બિલાડીનાં નખોરિયાં સહેવાં પડેલાં અને આજે આ હાયનાના પંજાનો સપાટો ખાધો. હવે હદ થઈ ગઈ. આજે સવારે જ વનવિહારીબાબુને મારો પગાર ગણી આપવા કહી દીધું. હું તો આ નોકરી છોડી પાછો સર્કસમાં ચાલ્યો જઈશ. શેઠજીએ પણ મારો પગાર ગણી આપ્યો.'

'તમે એમની નોકરી છોડી દીધી?' ફેલુદાએ આશ્ચર્ય વ્યક્ત કર્યું. 'કાલે જ અમે વનવિહારીબાબુને ત્યાં જઈ આવ્યા.'

'મને ખબર છે. ઘણા લોકો આવે છે. પણ હું તો હવે એ મહોલ્લામાંય જવા નથી ઇચ્છતો. આ અહીંથી હવે સીધો સ્ટેશને જઈ હાવડા ઊપડી જઈશ. બસ ઘેર પહોંચી જાઉં એટલે નિરાંત જ નિરાંત.' ને પછી નીચા નમી એણે ફેલુદાને બહુ ધીરેથી કહ્યું : 'એક વાત કહેતો જાઉં. આ માણસ બહુ કામ પાડવા જેવો નથી.' 'કોણ, વનવિહારીબાબુ?'

'હા. પહેલાં એ બરાબર હતા, પણ હમણાં એક ચીજ આવી છે ત્યારથી એમનું મગજ બગડી ગયું છે.' 'કઈ વસ્તુ છે એ?'

'એ હવે નહિ કહું તો ય ચાલશે...' અને પોતાની ચાના પૈસા ટેબલ પર મૂકી એ એકદમ ઊભો થઈ ચાલ્યો ગયો. ફેલુદાએ મહાવીરને પૂછ્યું : 'તમે વનવિહારીબાબુનો પ્રાણીસંગ્રહ જોયો છે?'

'જવાની ઇચ્છા તો હતી, પણ હજી સુધી જવાયું નથી. પિતાજીને આવા શોખ પસંદ નહોતા. અરે, એકાદ વાંદો જુએ તો યે એમના હાર્ટના પલ્પિટેશન વધી જતા. પણ આ વખતે તો એ પ્રાણીઓ જોઈ આવીશ જ.'

પછી મહાવીરે બેરરને બોલાવ્યો. ફેલુદાએ બિલના પૈસા આપવા માંડ્યા, પણ મહાવીરે આપવા ન દીધા. બિલ ચૂકવી દઈ મહાવીરે સિગારેટનું પૅકેટ કાઢી ફેલુદા સામે ધર્યું. ચારમિનારનું પૅકેટ હતું એ.

'તમે અહીં કેટલું રોકાવાના છો?' મહાવીરે પૂછ્યું. 'શુક્રવારે બે એક દિવસ માટે હરિદ્વાર જવાના છીએ. પાછા આવ્યા બાદ આ મહિનો પૂરો થતાં સુધી અહીં જ રહીશું.' 'તમે બધા જ જાઓ છો?'

'ના. ધીરેનબાબુને કંઈ કામ હોઈ તેઓ અહીં જ રહેશે. અમે ત્રણ જઈશું. કદાચ વનવિહારીબાબુ સાથે આવશે. એમને લક્ષ્મણઝૂલા એક અજગર જોવા જવાનું છે.' રેસ્ટોરાંમાંથી બહાર નીકળતાં મહાવીરે કહ્યું : 'મારી પાસે ગાડી છે. તમને કહો ત્યાં પહોંચાડી દઉં.' (અનુ. પૃ. ૩૯૯)

અર્વાચીન ગુજરાતી સાહિત્યનો આસ્વાદ

લેખક : પ્રો. ડૉ. મધુસૂદન પારેખ

પ્રકરણ ૩ : અર્વાચીનોમાં આદ્ય દલપતરામ

ગુજરાતમાં ઈ. ૧૮૧૮માં અંગ્રેજી શાસન સ્થપાયું તે સાથે જ વાતાવરણમાં ઉત્સાહની અનેરી ઝલક વરતાવા માંડી. પ્રજાજીવનની કાળરાત્રિ પૂરી થઈ ને અર્વાચીનતાનું પ્રભાત પ્રકટ્યું. એ જ અરસામાં, ઈ. ૧૮૨૦ની ૨૧મી જાન્યુઆરીએ અર્વાચીન યુગના વૈતાલિક બનવાનું ભાગ્ય લઇને દલપતરામ વઢવાણમાં જન્મ્યા. એમના પિતા ડાહ્યાભાઈ વેદપાઠી હતા ને ડાહ્યાભાઈ વેદિયા તરીકે પ્રસિદ્ધ હતા. એમની ચાલીસ વર્ષની વયે, ત્રણ દીકરીઓ પછી અવતરેલો આ પુત્ર કુળમોંઘેરો હતો. દલપતરામે છ વર્ષની વયે વેદમંત્ર શીખવાની રઢ લીધી ત્યારે પિતાએ બાળહઠ સંતોષવા અનુષ્ટુપમાં વેદમંત્ર પણ રચ્યો ! પરંતુ ઉપનયન સંસ્કાર પછી પિતાએ જ્યારે સાચેસાચ વેદપાઠ શીખવવા માંડ્યો ત્યારે બાળક દલપતરામનો વેદરસ ઢોળાઈ ગયો. મંત્રોચ્ચારમાં શુદ્ધિના આગ્રહી—કઠોર આગ્રહી પિતા ને દલપતરામની તરંગી કવિપ્રકૃતિ, એ બેનો મેળ જામ્યો નહિ. પિતાના મહાક્રોધનો પ્રસાદ બાળ દલપતરામને જીવનભર સ્મરણમાં રહે તેવો મળ્યો–સ્વરોચ્ચારમાં ભૂલ પડવાથી તેમણે દીકરાને છૂટું તરભાણું મારીને ડાબા હાથના અંગૂઠાનું હાડકું ભાંગી નાખ્યું. દલપતરામની એ જનમખોડ રહી ગઈ દલપતરામે 'હૈયાની અંજલિમાં ઝીલાય એટલી વેદવિદ્યા ઝીલી.'

દલપતરામ કટકે કટકે પંડ્યાની નિશાળમાં અઢી વર્ષ જેટલું ભણ્યા. એ એમના જીવનના સુખી દિવસો હતા. પિતાની સાથે એ જ દિવસોમાં દલપતરામને સંઘમાં જવાનું મળ્યું. પદયાત્રામાં દલપતરામને અનાયાસે પ્રકૃતિના સૌંદર્યપાનનો લહાવો મળ્યો. અનધ્યાયના દિવસોમાં બાળકો ઉખાણાં છોડવાની રમતો રમતા. શામળ ભટ્ટની વાર્તાઓનું વઢવાણમાં ખાસું આકર્ષણ હતું. દલપતરામને શામળ શૈલીનો સ્વાદ બાળપણથી જ દાઢમાં રહી ગયો; ઉખાણાં રચવા-છોડવામાં પણ દલપતરામની ચતુરાઈ પંકાઈ હતી. તેમણે તેર-ચૌદ વર્ષની વયે તો શામળ શૈલીમાં બે પદ્યવાર્તાઓ દોહરા ચોપાઈમાં લખી નાખી હતી : 'કમળલોચની' અને 'હીરાદન્તી'. શામળની કવિતાના સંસ્કાર દલપત ચિત્ત પર ઓછેવત્તે અંશે જીવનભર રહ્યા. એ દિવસોમાં દલપતરામ 'હડૂલા' રચતા. કવિ નાનાલાલ હડૂલાનું સ્વરૂપ સમજાવતાં કહે છે કે 'હડૂલો એટલે હડુડુડુડુડુ કરતો છારેલો કાવ્યગોળો. એને ન હોય મોં કે ન હોય માથું. અન્ત્યાનુપ્રાસ મળે, પાદપૂર્તિ સચોટ સધાય, કલ્પનાને ધમધમ કરતી જગાડે એવી સાખી તે હડૂલો'. ('કવીશ્વર દલપતરામ' ભાગ–૧, ઈ. ૧૯૩૩, પૃ. ૯૧.) જૂના હડૂલા એ વખતે હતા. એને લક્ષમાં રાખી દલપતરામ નવા હડૂલા રચતા. એમના એ હડૂલામાં મોટી વયે પ્રકટ થનારી કવિતાનાં બીજ દેખાય છે :

> હીંગળાનો રંગ રાતો હોય, ને રૂશનાઇનો રંગ કાળો;
> ભોળો ભગત એમ ભણે જે વહુનો ભાઈ તે સાળો.
> છાયાં એટલાં છાપરાં ને માળ્યાં એટલાં ઘર;
> ભોળો ભગત તો એમ ભણે જે વાંઢા એટલા વર.

અનેક પરિસ્થિતિઓને એકસાથે પદ્યબંધમાં ગૂંથી લેવાની તેમની શક્તિનો પણ તેમના હડૂલામાં પરિચય મળે છે. એક વાર ચોમાસામાં એમનાં પત્ની મૂળીબા ઘંટીએ દળતાં હતાં, બહાર લોકો પાણી ખૂંદતા પસાર થતા હતા, છાપરા પર કાગડો દેખાતો હતો અને કિશોર દલપત ઓશરીમાં માંચીએ બેઠા હતા. આ ચારે ઘટનાઓને એક જ હડૂલામાં તેમણે સમાવી લીધી :

> સાગ ઉપર કાગ બેઠો, રથે બેઠાં રાણી;
> બન્દા બેઠા માચીએ, ને દુનિયા ડ્હોળે પાણી.

દલપતરામના ચિત્તને તરંગની—કલ્પનાની પાંખે ઉડ્ડયન કરવાં હતાં અને પિતા ડાહ્યા વેદિયા તેમને વેદોચ્ચારની શિસ્તમાં બાંધવા માગતા હતા. આ સંઘર્ષ કોઈક નિમિત્તે ભડકી ઊઠ્યો. દલપતરામ ઘર છોડીને ભાગ્યા. મામા એમને માંડ શોધીમનાવી લાવ્યા, પિતાના ક્રોધને કારણે છોકરો ગુમાવવાનો આવે એવા ભયથી દલપતરામનાં માતુશ્રી અમૃતબા દીકરાઓને લઇને મોસાળ જતાં રહ્યાં. એ અંટસ કાયમનો રહ્યો. મોસાળમાં તેર વર્ષની વયે દલપતરામનાં લગ્ન છ વર્ષનાં મૂળીબા સાથે થયાં. આ લગ્ન એમને ફળ્યું નહિ. થોડાં વર્ષો પછી કાશીબા સાથે તેમનું બીજું લગ્ન થયું. તે પણ બહુ નભ્યું નહિ અને દલપતરામે ત્રીજી વારનું લગ્ન રેવાબા સાથે કર્યું એ રેવાબાના પુત્ર તે નાનાલાલ, ગુજરાતના મહાન કવિ.

સ્વામીનારાયણ સંપ્રદાયનો પ્રભાવ

દલપતરામ મોસાળમાં હતા તે સમયે વેદશાસ્ત્ર પુરાણનો થોડોઘણો અભ્યાસ ઉત્સાહપૂર્વક તેમણે કર્યો. પિતાના ધાકથી વિદ્યાભ્યાસ



કવિ દલપતરામ
(એમની યુવાવસ્થાની એક રંગીન છબી આ અંકમાં અન્યત્ર આપી છે)

લઘુકથા

વેરતૃપ્તિ

પ્રા. ઈજ્જતકુમાર આર. ત્રિવેદી

ઠાકર આટલો વહેલો શાન્તાશેઠાણીનાં લેખાં લેશે તેની ઝમકુને કલ્પના ન હતી. રાતના બાર વાગ્યા હતા છતાં ડોસો-ડોસી તાગ જોવા જાગતાં હતાં.

'હજાર હાથવાળો કોઈને છોડતો નથી. વરસતા વરસાદમાં પાટાં મારીને અમને તગડ્યાં'તાં, તે ભોગવ્ય તેનો બદલો!' દાંતે બજર ઘસતી ઝમકુ દાંત ભીંસીને બોલતી'તી. જેરામ પણ દાઝ કાઢતાં બોલ્યો:

'વહુનો ખોળો ભરવો'તો એટલે આપણું ઝૂંપડું આંખમાં ખૂચ્યું અને તગડી મૂક્યાં'તાં તે ભોગવ તારા પાપનું ફળ! વહુને આઠમે મહિને વેણ ઊપડી છે, તો કયો કાકો બચાવે છે તે તો જોઈએ. મારો નાથ હાથમાં ગજ અને કાતર લઈને જ બેઠો છે તે કોઈને છોડતો નથી.' અને...દમના હુમલાથી જેરામ ટૂંટિયું વળી ગયો એટલે ઝમકુએ તેને સુવડાવી દીધો, અને ફરી પાછી—

'આ ગામમાં મારા સિવાય બીજી સુયાણી છે કોણ જે આડું થએલું છોકરું જણાવી શકે? ખૂબ કાલાવાલા કર્યા'તા કે માવતર, પડ્યાં રહેવા દો. પણ કાંઈ નહોતું સાંભળ્યું. ગરીબની હાય ખાધી'તી તે લે!' જેરામના પગ દાબતાં ઝમકુ બોલી.

'જોજે પાછી ઘેવલી થઈને દોડી ન જતી! આવો લાગ વારેવારે નથી આવતો.' જેરામે પાકું કર્યું અને તે ઊંઘી ગયો.

'જાય મારી બલારાત! હવે તો સવારે શેઠાણી પાસે ખરખરે નહિ જાઉં?' ઝમકુએ જોઈ લીધું કે જેરામ ડોસો સાચે જ ઊંઘી ગયો છે. ડોસો જાગી જાય તે પહેલાં પરોઢના પાંચ વાગ્યે શાન્તાશેઠાણીને ત્યાંથી બક્ષિશની રાહ જોયા વગર ઝડપથી ચાલી આવતી ઝમકુને જોઈને જેરામ ડોસો બોલ્યો: 'ઝમકુ, તેં ઠીક કર્યું હો. આપણાથી કાંઈ એવા થોડું થવાય?'

પ્રત્યે વિરાગી બનેલું ચિત્ત મામા પ્રેમાનંદના માર્ગદર્શન નીચે કેળવા માંડ્યું. અમૃતબા મોસાળેથી બાળકો સાથે પાછાં ફર્યાં પણ એમનો સંસાર તો અલગ જ રહ્યો. પુત્રના લગ્નપ્રસંગે પણ પિતા ડોકાયા નહોતા. અમૃતબા સંસારની અનેક વિટંબણાઓ વચ્ચે બાળકોને ઉછેરી રહ્યાં.

એ અરસામાં મૂળીમાં સ્વામીનારાયણના સાધુઓનો સમૈયો હતો. એ સાધુઓ પ્રત્યે પ્રજાનો અમુક વર્ગ ભય અને કુતૂહલથી નિહાળતો હતો. સ્વામી સહજાનંદ પોતાના તપોમય જીવનથી ને ધર્મસુધારણાના કાર્યથી ધીમેધીમે પ્રજાજીવનમાં પોતાનો પ્રભાવ પાડી રહ્યા હતા. સ્વામીનારાયણ સંપ્રદાયના સંસ્થાપક એ શ્રીજી મહારાજનાં વચનામૃતો અને એમની સદ્ધર્મ પ્રણાલિકાઓ લોકહૃદયમાં આકર્ષણ જમાવી રહી હતી. બ્રહ્માનંદ, પ્રેમાનંદ, મુક્તાનંદ, નિષ્કુળાનંદ, ભૂમાનંદ, દેવાનંદ, યોગાનંદ, મંજુકેશાનંદ જેવા આઠ સંત કવિઓથી સંપ્રદાય ઊજળો હતો.

પ્રેમાનંદ મામા સાથે કિશોર દલપતરામ પણ કુતુહલપૂર્વક મૂળીનો સમૈયો જોવા ગયા. સાધુઓની 'ભૂરકી'ની વાત તેમણે સાંભળી હતી. એમાં નહિ 'ફસાવાનો' તેમનો નિશ્ચય હતો. 'સ્વામીપન્થી થવું નથી' એવા નિશ્ચય સાથે દલપતરામ સમૈયામાં ગયા. સત્સંગ સભામાં, કીર્તનોમાં, હરિભક્તોના વૃંદમાં તે ફર્યા. ભૂમાનંદ સ્વામીને ચૌદ વર્ષના છોકરડાએ પ્રશ્ન પૂછ્યા. ભૂમાનંદ સ્વામીની ધીરગંભીર ને મધુર વાણીમાં ઉત્તરો સાંભળી દલપતરામ મુગ્ધ બની ગયા. એમને કાળજે ધર્મબાણ વાગ્યાં અને એ સ્વામી પાસે પંચવર્તમાનની સ્વામીનારાયણીય ધર્મદીક્ષા લઇને દલપતરામ વઢવાણ પાછા ફર્યા. એમના જીવનનો આ પહેલો ને મોટો વળાંક. ઈ. ૧૮૩૪ની સાલમાં આ ઘટના બની. પિતાને આ વાત સાંભળીને દીકરાએ ઈસ્લામ ધર્મ અંગીકાર્યો હોય એમ તેમને સજ્જડ આઘાત લાગ્યો. એમણે પોતાની યજ્ઞશાળામાંનો યજ્ઞકુંડ ખોદી નાખ્યો અને થોડા સમય પછી સંસાર ત્યજી સંન્યસ્ત દીક્ષા લઇને માધવાનંદ સ્વામી બની ગયા અને ૧૮૪૪માં નિર્વાણ પામ્યા.

દલપતરામના જીવન અને કવનમાં સ્વામીનારાયણ ધર્મ એક સમર્થ પરિબળ બની રહ્યો. એમની કવિતામાં નીતિ, સદાચાર અને ધર્મોપદેશનાં તત્ત્વો ઊપસી આવે છે તે એ સંપ્રદાયની પ્રબળ અસરનું પરિણામ છે. દીક્ષા લઇને ઘેર પાછા ફરેલા દલપતરામે શૃંગારરસની એમની બે કવિતા 'કમળલોચની' અને 'હીરાવન્તી'નો હોમ કરી દીધો. એમને આત્મપ્રતીતિ થઈ કે કવિતા કરતાં સદાચાર ને સદ્ધર્મ અધિક છે. સાહિત્ય કરતાં સંસાર મોટો છે ને કવિતાદેશે પાપ નહિ, પુણ્ય ચક્રવર્તી છે.

સ્વામીનારાયણધર્મી દીક્ષા લીધા પછી દલપતરામનો એ સંપ્રદાય સાથેનો સત્સંગ વધતો ચાલ્યો અને દેવાનંદ સ્વામી પાસે તેમણે પિંગળનો અભ્યાસ કરવા માંડ્યો. ભાષાભૂષણ નામનો અલંકારગ્રંથ પણ તે તેમની પાસે શીખ્યા. એ સમયે વ્રજભાષા તે રાજભાષા હતી, મંદિરોમાં પણ વ્રજભાષા હતી. રાજસ્થાનોમાં સન્માન પામવા વ્રજભાષામાં કવિતા રચવી આવશ્યક હતી. દલપતરામની કાવ્યરુચિ વ્રજભાષાનાં કાવ્યશાસ્ત્રોના આધારે ઘડાવા લાગી. અને એમની કાવ્યવિભાવના પણ એ ગ્રંથોએ જ ઘડી આપી. દલપતરામની કવિતામાં જે શબ્દચાતુરી, ઝડઝમક, શબ્દાર્થના અલંકાર ઈત્યાદિની વિપુલતા દેખાય છે તે વ્રજભાષાના કાવ્યગ્રંથોના અભ્યાસનું ફળ છે.

દલપતરામે સંપ્રદાયની છાયામાં કાવ્યાભ્યાસની સાથે શીઘ્ર કવિતા રચવાનો કસબ પણ કેળવવા માંડ્યો. તેજસ્વી સ્મરણશક્તિ, પ્રાસાનુપ્રાસ માટે વિશાળ શબ્દભંડોળ, અલંકારોની વિવિધતા ને વિપુલતા, છંદો પર પ્રભુત્વ, આ મૂડી તો એમની પાસે સંચિત હતી જ. દલપતરામની કવિત્વશક્તિથી પ્રસન્ન રહેતા સંપ્રદાયના આચાર્યશ્રીએ તેમને સંસ્કૃતના અભ્યાસ માટે અમદાવાદ સ્વામીનારાયણ મંદિરમાં રહેવાની વ્યવસ્થા કરી આપી. અમદાવાદમાં એમનો કાવ્યાભ્યાસ વિકસ્યો, પરંતુ સંસ્કૃતમાં તે ઊંડી ડૂબકી મારી શક્યા નહિ. અમદાવાદના વસવાટ દરમ્યાન તે અનેક કાવ્યરસિકોના સંપર્કમાં આવ્યા તેમાં એક નાગર ગૃહસ્થ સારાભાઈ ફારસી કવિતાના અભ્યાસી હતા; કવિજીવ હતા. તેમના પુત્ર ભોળાનાથને પિંગળ શીખવવાનું કાર્ય તેમને માથે આવ્યું ને ભોળાનાથ સારાભાઈ સાથેનો સ્નેહસંબંધ તેમના ભાગ્યને ઊઘાડનાર કૂંચી બની ગયો. ઍલેક્ઝાંડર ફૉર્બ્સ જ્યારે ગુજરાતમાં આસિસ્ટન્ટ સેશન્સ જજ તરીકે આવ્યા ત્યારે ગુજરાતી શીખવા માટે તેને કોઈ શિક્ષકની જરૂર હતી. થોડાક માણસો તેણે અજમાવી જોયા, પણ કંઈ અનુકૂળતા પડી નહિ. એ વખતે ફૉર્બ્સની ઇચ્છા જાણી ભોળાનાથે દલપતરામનું નામ સૂચવ્યું. દલપતરામ તો એ સમયે અમદાવાદથી પોતાને વતન વઢવાણ ચાલ્યા ગયા હતા. ફૉર્બ્સની સૂચનાથી ભોળાનાથે દલપતરામને તેડાવવા માટે ખાસ ખેપિયો દોડાવ્યો. દલપતરામ એ સમયે અઠ્ઠાવીસ વર્ષના, આર્થિક ભીંસ અનુભવતા કોઈ ઉદ્યમની શોધમાં હતા. ફૉર્બ્સના આમંત્રણે તેમને દ્વિધામાં નાખ્યા: અંગ્રેજી સાહેબ વળી આપણી કવિતા સમજશે?

'કચ્છાં ફિન્લાક અંગરેજ? કચ્છાં હું વિપ્ર આંહીનો?'

પણ અંતે એમણે લીમડી ધોળકા થઇને અમદાવાદની વાટ પકડી.

ઍલેક્ઝાન્ડર કિન્લૉક ફૉર્બ્સ

(૧૮૨૧-૧૮૬૫)

દલપતરામ અને ફૉર્બ્સ અમદાવાદમાં પહેલી વાર ચાંદા સૂરજના

મહેલમાં મળ્યા. એ ઘટના દલપતરામના જીવનમાં બીજો મહત્ત્વનો વળાંક હતો. સમગ્ર ગુજરાત માટે આ મુલાકાત અપૂર્વ ફલદાયી હતી. પ્રાચીન અને અર્વાચીન મૂલ્યોના સુયોગના પ્રતીકરૂપ આ મુલાકાત બની રહી. ઈ. ૧૮૪૮ની એ સાલ દલપતરામ માટે અને ગુજરાત માટે સ્મરણીય બની રહી.

ઍલેક્ઝાંડર કિન્લૉક ફૉર્બ્સ સ્કૉટલૅન્ડનો ઉમદા કુળનો સપૂત હતો. ઈ. ૧૮૪૬માં એ આસિસ્ટન્ટ જજ તરીકે અમદાવાદ આવ્યો. એની અભિરુચિ શિલ્પવિદ્યા માટે હતી. પરંતુ ભાગ્ય તેને સરકારી નોકરીમાં ખેંચી ગયું. અમદાવાદને જોતાં વાર અનાયાસે તેનામાં પ્રીતિ જાગી. ગુજરાતમાં શિલ્પસ્થાપત્યના ખંડિત અવશેષો જોતાં તેનામાં એ ઘાયલ આત્મા પ્રત્યે હમદર્દી જાગી. તેનામાં અંગ્રેજી પ્રજામાં દેખાતી અતડાઈ કે સત્તાધીશની તોછડાઈ નહોતી. ભારતમાં જે થોડાક પ્રજાહિતચિંતક અને પ્રજાવત્સલ સત્તાધીશો આવ્યા તેમાંના ફૉર્બ્સ એક હતા. કર્નલ ટાડે રાજસ્થાનની કીર્તિગાથા ઇતિહાસરૂપે રચી, ગ્રાન્ટ ડફે મહારાષ્ટ્રની વીરશ્રીને નવાજી, ફૉર્બ્સને ગુજરાતની કીર્તિકથા રચવાના કોડ થયા. ગુજરાતની પ્રજાના હૃદયતંતુ સાથે એનો તંતુ સંધાયો. આ સંસ્કારપ્રિય, સેવાભાવી અધિકારીને ગુજરાતી ભાષા શીખવવા માટે અને ગુજરાતી પ્રજાની પ્રકૃતિનો-સંસ્કૃતિનો પરિચય આપવા માટે ભાવના ને વ્યવહારનો સુયોગ દાખવનારા કવિ દલપતરામ મળી ગયા.

દલપતરામે સાહેબને વ્રજભાષામાં નારદના ટીખળની કવિતા સંભળાવી. દલપતરામની ઊંચી દર્શનીય દેહાકૃતિ, છંદ લલકારવાની એમની છટા, શબ્દોની ઘટા જામી જાય તેવો તેમનો મેઘનાદ—સાહેબ પ્રસન્ન થઈ ગયા! જીવનભર જળવાઈ રહેલી મૈત્રીનો બીજનિક્ષેપ આ પ્રથમ મુલાકાતમાં થયો. દલપતરામે આ ફૉર્બ્સને પછી ફાર્બસના નામથી કવિતામાં અમર કરી દીધા.

બંને વચ્ચે પગારવાર્તા ચાલી. ફાર્બસે વ્યવહારુ પ્રશ્ન પૂછ્યો: 'પગાર શું લેશો?' દલપતરામે કહ્યું: 'સાહેબ આપશે તે. અમે બે માણસ અને એક બાળકી છીએ. સો-સવાસોકનું ખર્ચ છે.'

ફાર્બસ તેમને ઠાવકાઈથી સમજાવતાં બોલ્યા: 'કવેશર, મારે તો મારા પગારમાંથી પગાર આપવાનો છે. મને જ આઠસોક રૂપિયા મળે છે. હું તો માસિક વીસ રૂપિયા આપી શકું.' દલપતરામે હરખાઈ ઊઠીને કહ્યું: 'વરસૂણિયો સવાસોનો પગાર કહ્યો હતો. આપ તો મને મહિને વીસ આપવા કહો છો. એ તો બમણો પગાર થયો.'

દલપતરામનો એ જ દિવસથી ચડતો પગાર થયો. ફાર્બસે પગાર ઉપરાંત દલપતરામને રાજદરબારોમાંથી અને શ્રીમંતો પાસેથી કવિતાના ઈનામ તરીકે રકમો—વર્ષાસનો ઈત્યાદિની પણ છૂટ આપી. જોકે દલપતરામના કેટલાક વડીલ જ્ઞાતિબંધુઓને 'જેના બાપના પગ ધોઇને પીએ તેનો દીકરો યવનનો ચાકર થયો ને વેદવાણી મૂકીને ભાટચારણને ધંધે ધાયો' તે માટે સખત આઘાત લાગ્યો હતો.

ફાર્બસના પ્રેર્યા દલપતરામ પ્રાચીન ઇતિહાસના અને રાસાઓના ગ્રંથો માટે ગુજરાતનાં ગામેગામ ઘૂમતા. ફાર્બસ દલપતે ગુજરાતના ખૂણેખાંચરે વસતા ભાટચારણોને કંઠેથી કથા ગીતો સાંભળવા ને ઉતારી લેવા માટે સાહસયાત્રા પણ કરી. ફાર્બસે પ્રાચીન ગુજરાતી સાહિત્ય બહાર આણવા કવિમેળા પણ યોજ્યા. ગુજરાતના કવિઓનું પહેલું સંમેલન ઈ. ૧૮૫૨માં ફાર્બસે ઈડરમાં યોજ્યું. આવા કાવ્યના કદરદાનને

'ફાર્બસ રૂપે ફેર, ભોજ પધાર્યો ભૂમિમાં!'

એવી અંજલિ કવિઓ આપે તો શી નવાઈ? ગુજરાતના પ્રાચીન સાહિત્યનો એક અંગ્રેજ કાવ્યરસિકને હાથે ઉદ્ધાર થતો જોઇને જ દલપતરામે એક કવિમુખે ઉમળકાનો ઉદ્ગાર કરાવ્યો છે:



▽ ઍલેક્ઝાંડર કિન્લૉક ફૉર્બ્સ અથવા ફાર્બસ સાહેબ. ગુજરાતી ભાષા અને સાહિત્યના ઉદ્ધાર ક્ષેત્રમાં નવજાગૃતિ આણવા સાથે તેમણે પ્રજાહિતમાં અનેક કાર્યો કર્યાં જે પોતાના ઇતિહાસ પ્રસિદ્ધ છે.

કુંથ્યા પુસ્તક કાપિને, એનો ન કરિશ અસ્ત;
ફરતો ફરતો ફારબસ, ગ્રાહક મળ્યો ગૃહસ્થ.

ફાર્બસ જૂની હસ્તપ્રતો માટે ગાંઠના ગોપીચંદન પણ કરતા. મહાકવિ ચંદ બારોટના 'પૃથુરાજ રાસો'ની હસ્તપ્રત મેળવવામાં ફાર્બસે એકસો દસ રૂપિયા તો માત્ર ટપાલખર્ચના ભોગવ્યા હતા. ફાર્બસ પર્યટન દરમિયાન દેવધરોમાં પણ જતા. એવાં સ્થળોમાં એ પોતાના બૂટ કાઢીને જ્યાં સુધી જવાનો બાધ ન હોય ત્યાં સુધી જ જતા. પગપાળા પ્રવાસ દરમ્યાન તે પોતાની પાસે નકશો, નાણાંની કોથળી, પિસ્તોલ ને લાકડી, આટલાં સાધનો રાખતા. લોકોની સાથે આત્મીયતાથી વર્તતા. કોઈ વાર પ્રસંગોપાત્ત ટીખળમજાક પણ કરી લેતા. એક પ્રસંગે તે પચાસરમાં વનરાજની મૂર્તિ જોતા હતા. ત્યાં હીરજી નામનો એક વૃદ્ધ ચારણ એ સાહેબની કીર્તિ સાંભળીને તેમને ભેટ ધરવા એક જૂની હસ્તપ્રત લઈ આવ્યો અને કહેવા લાગ્યો: 'એક વાર ગાયકવાડને અમારા વૃદ્ધે એક જૂનું સરસ પુસ્તક દેખાડ્યું હતું, તેથી સરકારે ખુશી થઈ એક ગામ બખશીશ આપ્યું છે; તો અંગ્રેજ તો મોટા રાજા છે, માટે અમને એથી કંઈ વધારે આશા છે.' ફાર્બસને રમૂજ પડી. એમણે દલપતરામને સૂચવ્યું: પેલી હનુમાન નાટકની વાત આ બારોટને સંભળાવો.—કે એક સમયે નાટકમાં હનુમાનનો વેશ આવ્યો. તેને એક માણસે કહ્યું કે 'ઓ હનુમાન બાપજી, તમે મને બાયડી મેળવી આપો તો હું તમને તેલસિંદૂર ચડાવીશ.' હનુમાને તરત કહ્યું: 'અલ્યા, તને પરણાવવા મારી પાસે સ્ત્રી હોત તો હું જ કુંવારો શા માટે રહેત?' અને ફાર્બસે બારોટને એ વાતનો મર્મ સમજાવતાં કહ્યું: 'ભાઈ, તમને ગામ આપવાની મારી શક્તિ હોત તો હું જ ચાકરી શા વાસ્તે કરત?'

ફાર્બસમાં સર્વધર્મ સમભાવનો મોટો ગુણ હતો. એક વાર સુરતમાં ફાર્બસ દલપતરામ પાસે અભ્યાસ કરતા હતા. દલપતરામના કપાળ પર સ્વામીનારાયણી તિલક ન જોતાં ફાર્બસના જીવને ખૂબ ઉચાટ થવા માંડ્યો. તેમણે દલપતરામને આ ઉચાટ જણાવ્યો. દલપતરામના ઉત્તરથી તેમને રાહત થઈ પરંતુ તેમણે કવિને કહ્યું: 'મારું નથી કહેવું કે તમે અમુક ધર્મ પાળો. પણ એક પગ ઠરાવીને બીજો ઉપાડજો. અતડા પડશો નહિ. પ્રજાને કેળવીને, સમુદાયને વાળીને, લોકને સાથે લઈ વધજો. નાસ્તિક થઈ જશો તો ફારબસને બટ્ટો લાગશે કે ફારબસની સંગતે દલપતરામ નાસ્તિક થયા.' ('કવીશ્વર દલપતરામ' ભાગ-૨ પૂર્વાર્ધ, ઈ. ૧૯૩૪, પૃ. ૧૧૩.)

ફાર્બસને પ્રજાકેળવણીમાં જીવંત રસ હતો. ગુજરાત સાથે તેની

આત્મીયતા બંધાઈ હતી. ગુજરાતની ગરવી ગાથાઓનો તેને ઇતિહાસ રચવો હતો. દલપતરામનો સહયોગ તેને ખૂબ અનુકૂળ આવ્યો. અને દલપતરામને પ્રજા શિક્ષણમાં પ્રેરનાર, ગુજરાતી ભાષાના ગૌરવ પ્રત્યે ધ્યાન દોરનાર ફાર્બસ હતા. બંને એકબીજાના પૂરક હતા. ગુજરાતના સાંસ્કૃતિક ઘડતરમાં આ મિત્રબેલડીનું પ્રદાન અતિ મહત્ત્વનું છે.

પ્રજાના ઉત્કર્ષ માટે, જ્ઞાનપ્રસાર માટે તેણે ઈ. ૧૮૪૮માં ગુજરાત વર્નાક્યુલર સોસાયટી સ્થાપી. એ સંસ્થા તરફથી ગુજરાતનું પહેલવહેલું 'વરતમાન' છાપું શરૂ થયું. દર બુધવારે તે પ્રકટ થતું હોવાથી 'બુધવારિયું' તરીકે લોકોમાં જાણીતું થયું. આ જ સંસ્થાના મુખપત્ર તરીકે ઈ. ૧૮૫૪-થી નિયમિત રીતે 'બુદ્ધિપ્રકાશ' સામયિક શરૂ થયું. ગુજરાતમાં એ સમયે નવજાગૃતિની વસંત બેઠી. પુસ્તકાલયોની સ્થાપના, કન્યાકેળવણી, હસ્તપ્રતોનો સંગ્રહ, શાળોપયોગી પુસ્તકોનું પ્રકાશન, ઈનામી નિબંધોની સ્પર્ધા—આવી અનેક પ્રવૃત્તિ દ્વારા ફાર્બસે દલપતરામના સહયોગથી સામાજિક અને શૈક્ષણિક પ્રવૃત્તિ આરંભી. ફાર્બસની શુભ ભાવનાનાં રૂડાં ફળ આજે ગુજરાત આસ્વાદી રહ્યું છે.

ઈ. ૧૮૫૦માં ફાર્બસની બદલી સૂરત થઈ. ત્યાં પણ તેનો વિદ્યારસિક જીવ લોકશિક્ષણમાં રત બની રહ્યો. સૂરતમાં તેમણે ઍન્ડ્રુઝ પુસ્તકાલય સ્થાપ્યું. ત્યાં પણ તેમણે ભારે લોકાદર ને ચાહના મેળવ્યાં. સૂરતમાં સરકાર સામે જકાતના કોઈક કાયદા અંગે પ્રજામાં છમકલું થયું ત્યારે દલપતરામને સાથે રાખીને ફાર્બસ સૂરતની શેરીઓમાં ફર્યા હતા અને પ્રજાને સંતોષ આપ્યો હતો. સૂરતમાં તેમણે 'સુરત સમાચાર' પણ શરૂ કર્યું હતું.

ઈ. ૧૮૫૪માં તે પોતાના વતન ઇંગ્લૅન્ડ ગયા અને ત્યાં ગુજરાતના ઇતિહાસનો ગ્રંથ 'રાસમાળા' (ઈ. ૧૮૫૬) અંગ્રેજીમાં પ્રકટ કર્યો. ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની સ્થાપના એ ફાર્બસનું પહેલું જીવંત સ્મારક ગણાય તો 'રાસમાળા' એ તેમનું બીજું સ્મારક ગણાય. 'રાસમાળા'માં માત્ર વિગતખચિત ઇતિહાસ જ નથી, તેમાં બૃહદ્ ગુજરાતની પ્રજાની અનેક ખાસિયતો, તેમનાં રીતરિવાજો, રાજકર્તાઓની વંશાવલિ, તેમનાં ચરિત્રો, હિંદુઓના તહેવારો, જ્ઞાતિઓ, દંતકથાઓ વગેરેનાં વર્ણનો છે. ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના આ સદીના મધ્ય ભાગના સેક્રેટરી સ્વ. હીરાલાલ ત્રિ. પારેખે નોંધ્યું છે તેમ '"રાસમાળા" રચીને એમણે ગુજરાતની કીમતી સેવા કરી છે અને તે વડે એમની કીર્તિ દેશપરદેશમાં પ્રસરેલી છે. જોકે નવી માહિતી અને સાધનસામગ્રી મળી આવતાં આજની દૃષ્ટિએ તે ઇતિહાસમાં અનેક ઊણપો, દોષો અને અપૂર્ણતા જણાશે, તો પણ જે પરિસ્થિતિમાં જે જૂજ લબ્ધ સાધનો પરથી, જે સમયે એમણે તે પુસ્તક તૈયાર કર્યું હતું તે લક્ષમાં લેવાય તો એનું મૂલ્ય બરોબર સમજાશે.' (ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનો ઇતિહાસ, ભાગ-૧, ઈ. ૧૯૩૨, પૃ. ૫૮) એ ગ્રંથમાં ફાર્બસ જ્યાં ફોટોગ્રાફ નથી મેળવી શક્યા ત્યાં તેમણે પોતે ચિત્રો આલેખ્યાં છે. શિલ્પવિદ્યાના ઉપાસકની ચિત્રકલાશક્તિનું પારખું એમાં મળે છે. બે ભાગ ને ચાર કાંડમાં આ ગ્રંથ પ્રગટ થયો છે. રણછોડભાઈ ઉદયરામે તેનું ગુજરાતી ભાષાંતર કર્યું છે.

ઈ. ૧૮૫૬માં ફાર્બસ ગુજરાતમાં પાછા આવ્યા અને સૂરતમાં પોતાનો હોદ્દો સંભાળ્યો. એ પછી તરત સત્તાવનનો સંગ્રામ ફાટી નીકળ્યો ત્યારે આ સૌજન્યશીલ, ઉદાર, પ્રજાહિતચિંતક ફાર્બસે જ ગુજરાતની પ્રજાને અંગ્રેજોના અત્યાચારોમાંથી ઉગારી લીધી હતી. તેમની સેવા અને કુનેહથી શાસક અને શાસિત બંને વર્ગ પ્રસન્ન હતા.

ફાર્બસ થોડો સમય કાઠિયાવાડમાં હોદ્દો ભોગવીને મુંબાઈ ગયા. ઈ. ૧૮૬૫ના એ સમયગાળામાં મુંબાઈ શેરસટ્ટાના ઉન્માદમાં નાચતું હતું. કવિ દલપતરામ પણ એ મોહનીમાં લપટાયા ને ખુવાર થયા. ફાર્બસ તે સમયે માંદગીને બિછાને હતા. તેમણે દલપતરામને આમાં નહિ પડવા માટે ખાસ ચેતવ્યા હતા. તેમ છતાં દલપતરામ જ્યારે અસહાય બનીને તેમની પાસે દોડી આવ્યા ત્યારે તેમણે ઉપાલંભનો એક અક્ષર પણ તેમને કહેવાને બદલે તેમની બાંય ઝાલીને તેમને ડૂબતા બચાવ્યા.

મુંબાઈમાં પણ ફાર્બસે સ્વાભાવિક રીતે જ સાહિત્યિક પ્રવૃત્તિ આરંભવા માટે પ્રયત્નો કરવા માંડ્યા. મનઃસુખરામ સૂર્યરામ ત્રિપાઠી જેવા સાક્ષર તેમને આ પ્રવૃત્તિ માટે મળી રહ્યા. ઈ. ૧૮૬૫માં ફાર્બસના નિવાસ-સ્થાને સાહિત્યરસિકોએ ભેગા મળીને 'ગુજરાતી સભા'ની સ્થાપના કરી. પરંતુ એ સ્વપ્નું સાકાર થતું જોવા તે જીવ્યા નહિ. ઈ. ૧૮૬૫ની ૩૧મી ઑગસ્ટે તે પૂનામાં મૃત્યુ પામ્યા. એમના અવસાન પછી 'ગુજરાતી સભા'ના કાર્યકરોએ ઓચિત્યપૂર્વક એ સભાનું નામ ફાર્બસની સ્મૃતિમાં 'ફાર્બસ ગુજરાતી સભા' રાખ્યું. એ સભાનું કાર્ય ઈ. ૧૯૦૩થી આરંભાયું અને ઈ. ૧૯૩૨માં એ સભાના સહાયક મંત્રી શ્રી અંબાલાલ જાનીના ઉત્સાહભર્યા પ્રયાસોથી 'શ્રી ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક' શરૂ થયું. આ સભા તરફથી સાહિત્ય, ઇતિહાસ, ધર્મ, વિજ્ઞાન અને સંશોધનના વિષયોમાં સંખ્યાબંધ પ્રકાશનો થયાં છે, થતાં રહ્યાં છે. ફાર્બસનાં પોતાનાં પુસ્તકો એ સભામાં જળવાયાં છે. આ સભા તરફથી વ્યાખ્યાનમાળાઓ યોજવાની પ્રવૃત્તિ પણ ચાલતી રહી છે. કવિ નર્મદાશંકર સભાના આરંભથી જ તેમાં સભ્ય તરીકે હતા.

ફાર્બસનાં જીવન અને કાર્યને કવિ દલપતરામે 'ફાર્બસ વિલાસ' અને 'ફાર્બસ વિરહ' દ્વારા અમર કર્યું છે. એમણે કાવ્યપંક્તિમાં યોગ્ય જ કહ્યું છે કે: 'ફાર્બસ સમ સાધન વિના નવ ઉદ્ધરત ગુજરાત.' (ચાલુ)

અનુસંધાન] **પ્રદેશે જય-વિજયના** [પૃ. ૩૮૭થી

'આખા પ્લેનમાં શાકાહારી ભોજન માટે ફક્ત ડૉ. શાહે જ સૂચના આપી છે, એટલે તેમને બદલે બીજા કોઈ માગનારને શાકાહારી ભોજન ન અપાઈ જાય તેની ખાતરી કરવા નામ ઍનાઉન્સ કરાયું હતું.'

ઝરણાંબેન સાથે વાત કરતાં જાણવા મળ્યું કે તેઓ મેલ્બોર્નના મિ. સ્પાઈક્સ નામના એક બૌદ્ધ ધર્મી સજ્જનના પરિચયમાં આવ્યાં છે. તેઓ ધ્યાનના વર્ગ પણ ચલાવે છે. ઝરણાંબેને પણ બૌદ્ધ ધર્મ અનુસરવાનું ચાલુ કર્યું છે. બૌદ્ધ ધર્મ વિષે તેમની સાથે કેટલીક ચર્ચા થઈ. મેં બૌદ્ધ ધર્મ વિષેની મારી પુસ્તિકા તેમને આપી. તેમને રસ પડ્યો. મને પૂછ્યું, 'તમે મેલ્બર્ન આવવાના છો?' મેં કહ્યું: 'હા, સિડનીની કૉન્ફરન્સ પછી ચારેક દિવસનો અમારો કાર્યક્રમ મેલ્બર્નનો છે.' એમણે કહ્યું: 'તો તમે મારે ત્યાં જ ઊતરજો. બૌદ્ધ ધર્મ વિષે ઘણી વાતો કરવી છે. શક્ય હશે તો મિ. સ્પાઈક્સને પણ આપણે મળીશું. મારે ત્યાં તમને ગુજરાતી રસોઈ પણ મળશે. ઑસ્ટ્રેલિયામાં શાકાહારી ભોજન માટે ઠીકઠીક તકલીફ છે. તમે મને સંદેશો મોકલાવજો, અમે તમને ઍર પોર્ટ પર લેવા આવીશું.' ઝરણાંબેનના નિમંત્રણથી ખૂબ આનંદ થયો. અજાણ્યા દેશમાં કોઈક પરિચિત વ્યક્તિઓને ત્યાં રહેવાનું કે તેમને મળવાનું થાય તો કેટલી હૂંફ રહે છે!

('કુમાર' અંક ૬૭૨)

અમારું વિમાન મુંબાઈથી સીધું પર્થ જતું હતું. લગભગ આઠ કલાકની સફર હતી. વચ્ચે ક્યાંય થોભવાનું ન હતું. રાતની મુસાફરીમાં આજુબાજુ ખાલી બેઠક હોય તો પગ જરા લાંબા કરીને સૂઈ પણ શકાય. મેં ઝરણાંબેનને કહ્યું: 'આપણે જ્યાં છીએ ત્યાં જ ઠીક છીએ. તમારી બાજુમાં ખાલી બેઠક છે ને મારી પાસેની બેઠક પણ ખાલી છે. રાતની સફરમાં મુસાફરો ખાલી બેઠક માટે પડાપડી કરતાં હોય છે. તમને ને મને અનાયાસે બાજુમાં ખાલી બેઠક મળી ગઈ છે. એથી સૂવામાં આરામ રહેશે.'

હું મારી બેઠક પર ગયો. બાજુની બંને ખાલી બેઠકોના હાથા ઊંચા કરી નાખ્યા એટલે ત્રણ બેઠકની એક સળંગ લાંબી બેઠક થઈ ગઈ. પ્રાર્થના કરી હું નિદ્રાધીન થયો.

(ચાલુ)

દુનિયાભરનું લોકપ્રિય પુષ્પ ગુલાબ

(પુષ્પમાળા-૧૦)

લેખક · શંકરદેવ વિદ્યાલંકાર

પોતાનાં રંગ-રૂપ, સુગંધ-સૌન્દર્ય અને અમુક ઔષધીય ગુણોના કારણે ગુલાબ દુનિયાભરમાં વિખ્યાત અને લોકપ્રિય પુષ્પ છે. અતિશોભિત ફૂલછોડમાં એની ગણના થાય છે. એનાં રૂપ-સુગંધ પર મુગ્ધ થઈ કવિઓએ એના પર સુંદર કાવ્યો રચ્યાં છે, તો ચિત્રકારોએ સંખ્યાબંધ ચિત્રોમાં એનું આલેખન કર્યું છે. 'પુષ્પોની રાણી' કહીને અંગ્રેજી ભાષાભાષીઓએ એને બહુ યોગ્ય રીતે બિરદાવ્યું છે. સંસ્કૃતમાં તેનાં તરુણી, રામતરુણી, શતપત્રી, શતદલા, લક્ષ્મીપુષ્પા, પાટલ, અતિ મંજુલા, સીમંતિકા વગેરે નામો મળે છે. 'રોઝેસી (Rosaceae) પરિવારની આ વનસ્પતિની સંખ્યાબંધ સંકર જાતો અત્યાર સુધીમાં પેદા થઈ છે, જે 'રોઝા'ના સામાન્ય નામે ઓળખાય છે. ઈ. ૧૯૪૦માં પ્રકટ થએલા 'મૉડર્ન રોઝી' નામક એક પુસ્તકમાં પુષ્પશાસ્ત્રી જે. હૉરેસ મર્ક ફાલૅન્ડે એના પાંચ હજાર પ્રકારો હોવાનો ઉલ્લેખ કરેલો છે. આ વર્ષના આરંભમાં જબલપુર (મધ્યપ્રદેશ)માં યોજાએલા અખિલ ભારતીય ગુલાબ-પ્રદર્શનની વિવરણ પત્રિકા પ્રમાણે દુનિયાભરમાં આજે ગુલાબના પંદર હજાર જેટલા પ્રકાર હોવાનું જાણવા મળે છે. જો કે ગુલાબની અસલ જાતો આટલી બધી નથી જ, પણ બાગબાનીના શોખીનો અને પુષ્પપ્રેમીઓએ એકબીજા પ્રકારોનું સંકરણ કરીકરીને એના આટલા બધા પ્રકારો વિકસાવ્યા છે. સમશીતોષ્ણ પ્રદેશોમાં કુદરતી રીતે એ ઊગે છે, જ્યારે એના કેટલાક પ્રકારો માટે તથા અન્ય પ્રદેશોમાં તેનો ઉછેર ખાસ માવજત માગી લે છે. પણ ગુલાબ એ દુનિયાભરમાં જાણીતું પુષ્પ છે. કેટલાક પ્રકારના ગુલાબના છોડ વેલાની માફક ફેલાય છે.

અનેકવિધ રંગ, ઓછી-વધુ સુગંધ, કરવતીના દાંતા જેવી કાંગરીવાળાં અણિયાળાં પાન અને ડાળખી પર કાંટા એ ગુલાબના છોડની જાણીતી લાક્ષણિકતાઓ છે. ગુલાબની કેટલીક જાતોને બારે માસ ફૂલ આવે છે, પણ એની અમુક અત્યંત સુવાસિત જાતોને વર્ષમાં એક જ વાર મોસમમાં ફૂલો આવે છે. શોભા ઉપરાંત અત્તર અને ગુલાબજળ બનાવવા માટે આ જાતના ગુલાબની બહોળી ખેતી થાય છે. કેટલાંક ગુલાબ કેવળ શોભા માટે જ યોગ્ય છે. એમાં સુગંધ પણ હોતી નથી. આ પ્રકારનાં ગુલાબ નાના બાગબગીચામાં વિશેષ જોવા મળે છે. સામાન્યતઃ ગુલાબનો છોડ ચારથી માંડી બારેક ફૂટ ઊંચો વધે છે, તો વેલાની માફક ઊગતી જાત વધુ વિસ્તરે છે. ગુલાબનાં ફળ બહુ નાનાં અને કઠણ હોય છે અને તેમાં એક બીજ હોય છે. મોટે ભાગે ગુલાબ કાપકલમથી યા આંખ ચડાવીને ઉગાડવામાં આવે છે.

ભારતમાં હિમાલયની ઘાટીઓમાં કાશ્મીરથી ભૂતાન સુધી પ્રાકૃતિક રૂપમાં ગુલાબ પુષ્કળ પ્રમાણમાં થાય છે. એ ગુલાબ ભારતીય ગુલાબ-રોઝા ઇન્ડિકા (Rosa Indica) ને બંગાલી ગુલાબ—રોઝા બૅંગાલીનાન્સિસ (Rosa Bengalinsis) નામે ઓળખાય છે. સામાન્યતઃ પશ્ચિમ ચીન અને હિમાલયથી માંડી ઈરાન, સીરિયા, કૉકેસસ પર્વત, એશિયા માઇનોર, તુર્કસ્તાન, બલ્ગેરિયા ને રૂમાનિયા સુધી પ્રચુર માત્રામાં ગુલાબ થાય છે.

ભારતમાં જેનું વ્યાપારિક દષ્ટિએ વિશેષ પ્રચલન છે તે ગુલાબ અરબ લોકો ઈરાનમાંથી સીરિયા અને છેક સ્પેઈન સુધી લઈ ગએલા. સીરિયાની રાજધાની દમાસ્કસ (ફારસીમાં 'દમિશ્ક')ના નામ પરથી એ



ગુલાબ રોઝા દમાસ્કેના (Rosa Damascena) કહેવાય છે. અસલમાં એ પર્શિયન ગુલાબ છે. મુઘલ બાદશાહો બાગબગીચાના વિશેષ શોખીન હતા. બાબરે બસરા બંદરના માર્ગે અસલી પર્શિયન ગુલાબને હિંદુસ્તાનમાં મંગાવેલા, એથી આ ગુલાબને 'બસરા-દમાસ્કેના' પણ કહે છે. આપણે તેને 'દેશી ગુલાબ'ના નામે ઓળખીએ છીએ. એની ઉત્તમ સુગંધના કારણે અત્તર બનાવવામાં એનો બહોળો ઉપયોગ થાય છે. ગુલકંદ બનાવવામાં પણ એ વપરાય છે.

ગુલાબનાં અત્તર તથા ગુલાબજળ વિષે બહુ જૂના સમયની નોંધો મળતી નથી. સોળમી સદીના અંત ભાગમાં રેવેનાના જેરોનિયો ટૉસીના લખાણમાંથી ગુલાબના અત્તર અંગેની પ્રથમ આધારભૂત નોંધ મળે છે. ગુલાબનું અત્તર કાઢવાની શરૂઆત ઈરાનમાં થએલી. હિંદુસ્તાનમાં નૂરજહાં-જહાંગીરના લગ્ન સમયે (૧૬૧૨માં) ગુલાબનું અત્તર બનાવવાનો પ્રથમ ખયાલ અકસ્માત ઉદ્‌ભવેલો ત્યારથી એની શરૂઆત થયાનું મનાય છે. યુરોપમાં ગુલાબનું અત્તર (Otto Rose) તુર્ક લોકોએ દાખલ કર્યું. પછી ગ્રીસ અને ઈટાલીમાં તથા ૧૯મી સદીમાં તો ઇંગ્લૅન્ડ સહિત યુરોપભરમાં એનો પ્રસાર થઈ ગયો. નેપોલિયનની રાણી જોસેફાઈનને ગુલાબ અત્યંત પ્રિય હતાં. પોતાના ઉદ્યાનમાં એણે ફ્રેંચ સામ્રાજ્યમાં બધી જ જાતનાં ગુલાબ ઉગાડાવ્યાં હતાં. એની એ ફૂલવાડીમાં ૧૮૧૦માં એણે ગુલાબોનું પ્રદર્શન પણ યોજેલું, જે આ પ્રકારનું પહેલું પ્રદર્શન હતું. એ વખતે જોસેફાઈનની ફૂલવાડીમાં ૨૧૨ પ્રકારનાં ગુલાબો હોવાનું જાણવા મળે છે.

સુંદરતા ઉપરાંત ગુલાબના છોડ આર્થિક તેમ જ ઔષધીય દષ્ટિએ ઉપયોગી હોઈ ઘણા દેશોમાં મોટા પાયે તેનું વાવેતર થાય છે. આમાં બલ્ગેરિયામાં થતું વાવેતર કદાચ દુનિયાભરમાં મોટું ગણાય છે. અરબસ્તાન અને તુર્કસ્તાનમાં પણ ગુલાબની બહોળી ખેતી થાય છે. ઈરાન, કાસ્પિયન સમુદ્રનો પ્રદેશ, એશિયા માઇનોર, દક્ષિણ આફ્રિકા વગેરેમાં પણ ગુલાબની ખેતી થાય છે. એક સમયમાં મુંબાઈનાં બજારોમાં ઈસ્તંબુલના ચાવી છાપ ગુલાબજળની બોલબાલા હતી

હિંદુસ્તાનમાં મુઘલ સમયમાં ગાઝીપુર ને આસપાસના પ્રદેશોમાં અત્તરને માટે ગુલાબનું બહોળું વાવેતર થતું હતું, અને પરદેશી અત્તરો આવતાં થયાં ત્યાં સુધી કનૌજ હિંદનો એ એક મોટો ઉદ્યોગ હતો. હજી યે અલીગઢ જિલ્લામાં સિકંદરપુર, હાથરસ વગેરે સ્થળે મોટા પાયા પર દેશી ગુલાબનું વાવેતર થાય છે. ફરૂખાબાદ ને કનોજમાં પણ તેની 'એડવર્ડ' નામની જાત ઉગાડવામાં આવે છે. ચંડીગઢમાં સોળ એકર જમીનમાં ભારતનું સૌથી મોટું ગુલાબ-ઉદ્યાન બનાવાયું છે. ગાઝીપુર જિલ્લો આજે યે ગુલાબના અત્તર તથા ગુલાબજળના ઉત્પાદન માટે જાણીતો છે.

આમ, ગુલાબ એક અતિ લોકપ્રિય પુષ્પ બની રહ્યું છે. દુનિયાભરના પુષ્પપ્રેમીઓમાં એ માનીતું છે. ઇંગ્લૅન્ડમાં તો ગુલાબ પ્રેમીઓની એક 'રોઝ સોસાએટી' પણ છે જેમાં લાખો સદસ્યો છે. ભારતમાં પણ આવું ગુલાબપ્રેમી મંડળ ઊભું થએલું છે. બાગબાનીના જાણકારોએ ગુલાબની અનેક નવી સંકર જાતો પેદા કરીને અને તેના અંગેના આગવા હક્ક રાખીને પોતાના શૉખને પોષવા સાથે કમાણી પણ કરી છે.

બહોળા વાવેતરમાં અન્ય ખેતપેદાશોની માફક ગુલાબ પણ આગવી માવજત માગી લે તે સ્વાભાવિક છે. કલમ રોપવી એટલે કે 'કટિંગ', જમીનમાં ડાળ દાબીને નવો છોડ ઉપજાવવો એટલે કે 'લેયરિંગ', આંખ ચડાવવી-'બડિંગ' અને ડાળ પર કલમ ચડાવવી એટલે કે ભેટકલમ કરીને ગુલાબના છોડનું પ્રવર્ધન-પ્રૉપેગેશન કરવામાં આવે છે. આ ઉપરાંત, પર્યાપ્ત હવા અને સૂર્યપ્રકાશ મળતો રહે તે માટે ગુલાબના છોડ પરની આડીઅવળી ને નબળી, બીમાર, સૂકી કે કમજોર ડાળોની કાટછાંટ પણ કરતા રહેવી પડે છે. સામાન્યતઃ જૂનના આરંભમાં અને ઑક્ટોબર-નવેમ્બરનો સમય કાટછાંટ-'પ્રુનિંગ' માટે યોગ્ય ગણાય છે.

વૃક્ષ કે વાડની છાયાથી દૂર સૂર્યપ્રકાશવાળા સ્થળે ક્યારાઓ કરીને વાવેલા ગુલાબના છોડ સારા થાય છે. સૂર્યપ્રકાશ પણ બપોર સુધીનો હોય એ વધુ અનુકૂળ છે. ક્યારાઓ પણ સારા નિતારવાળા જોઈએ. ભીની કે પાણીથી પચપચતી જમીન ગુલાબને માફક નથી આવતી. જમીન નિતારવાળી ન હોય તો ક્યારામાં તળિયે મધ્યમ કદની કાંકરી પાથરી તેના પર રેતીનો થર મૂકીને પછી તેની ઉપર એક ભાગ સારું સડી ગએલું ખાતર તથા બે ભાગ માટી ભેળવીને નાખવી હિતાવહ છે. આ રીતે તૈયાર થએલા ક્યારાને વરસાદના ગાળામાં બેસવા દેવો જોઈએ. ગુલાબ રોપતાં પહેલાં છોડ દીઠ બસો સવાબસો ગ્રામ હાડકાંનો ભૂકો અને સુપર ફૉસ્ફેટ પણ નાખવાથી તથા લગભગ અઢી ફૂટના અંતરે છોડ રોપવાથી એ સારો વિકાસ પામે છે. વાવ્યા પછી વધુપડતું પાણી ગુલાબના છોડનો વિકાસ રૂંધે છે.

આપણા દેશમાં શૉખથી ઉગાડાતાં ગુલાબોનું વૈવિધ્ય તો ઘણું બહોળું છે જ, પણ મુખ્યત્વે આટલી જાતો ઉગાડવામાં આવે છે :

૧) રોઝા દમાસ્કેના (Rosa Damascana): અંગ્રેજીમાં 'દમાસ્ક રોઝ' કે 'પર્શિયન રોઝ' નામે ઓળખાતી આ જાતને હિંદીમાં 'ચૈતી ગુલાબ' કહે છે. ગુલાબની આ અત્યંત સુવાસિત જાત હોઈ કેટલાક વનસ્પતિશાસ્ત્રીઓ એને ગુલાબની શ્રેષ્ઠ જાત ગણે છે. લાલ, ગુલાબી અને શ્વેત ફૂલવાળી આ જાત અત્તર ને ગુલાબજળ બનાવવા ઉપરાંત આયુર્વેદીય અને યુનાની ઔષધોમાં પ્રયોજાય છે. પશ્ચિમના દેશોમાં એનું બહોળું વાવેતર થાય છે.

૨) રોઝા સેન્ટિફૉલિયા (Rosa Centifolia): મૂળ આ ગુલાબ કૉકેસસ તરફનું વતની છે. અંગ્રેજીમાં એને 'કૅબિજ રોઝ' (Cabbage Rose) પણ કહે છે. સંસ્કૃતમાં 'શતપત્રી' નામે વર્ણવેલી ગુલાબની આ જાતમાં લાલ ને સફેદ પુષ્પો થાય છે. આપણે ત્યાં કાનપુર-જૌનપુર તરફ તેનું મોટું વાવેતર થાય છે. સુગંધ ને ગુણમાં એ રોઝા દમાસ્કેનાની બરોબરી કરે તેવી જાત હોઈ દેશી-વિલાયતી ઔષધોમાં પણ એનો બહોળો ઉપયોગ થાય છે.

૩) રોઝા ગૅલિકા (Rosa Gallica) : મધ્ય અને દક્ષિણ યુરોપ તથા પશ્ચિમ એશિયાનાં આ ગુલાબનાં ફૂલ ઘેરા લાલ રંગનાં થતાં હોઈ અંગ્રેજીમાં એને 'રેડ રોઝ' કહે છે. બારે માસ એનાં ફૂલો મળતાં હોઈ આપણે 'બારમાસી ગુલાબ' નામે પણ તેને ઓળખીએ છીએ. સુવાસમાં એ ઉપરની બે જાતો કરતાં ઊતરતી છે, પણ બહુ લોકપ્રિય છે. ઔષધો અને શરબત બનાવવામાં તેનો બહોળો ઉપયોગ થાય છે. ચીન, યુરોપ અને અમેરિકાનાં સંયુક્ત રાજ્યોમાં એનાં મોટાં વાવેતર થાય છે.

૪) રોઝા આલ્બા (Rosa Alba): એના મૂળ વતન વિષે નિશ્ચિત માહિતી મળતી નથી. પણ કેટલાક તેને કૉકેસસ ને અફઘાનિસ્તાનની જાત ગણે છે. કેટલાક એને સંકર જાત માને છે. એનાં ફૂલ સફેદ અને આછી સુગંધીવાળાં હોય છે. અંગ્રેજીમાં એ 'સ્નો વ્હાઈટ રોઝ' નામે ઓળખાય છે. હિંદીમાં તેને ગુલ સેવતી ને કૂઝા ગુલાબ (કુબ્જક) કહે છે. એનાં ફૂલ તાવમાં ઠંડક આપવામાં તથા હૃદયના ધબકારાની અનિયમિતતા શમાવવામાં ઉપયોગી મનાય છે.

૫) રોઝા ઇંડિકા (Rosa Indica) : આ જાત અસલ તો ચીનની, પણ ભારતમાં બહુ જૂના કાળથી ઉગાડાય છે. ચીનમાં એનાં ફળોનો ઉપયોગ જખમ અને ગૂમડાં પર લગાડવામાં થતો હોવાની નોંધ છે. એનાં ફૂલો શ્વેત, પીળાં, ગુલાબી અને આછા જાંબુડી રંગનાં હોય છે.

૬) રોઝા ઇગ્લેન્ટેરીઆ (Rosa Eglenteria): પીળાં અને સુગંધી ફૂલોવાળી આ જાત 'યલ્લો પર્શિયન રોઝ' નામે અંગ્રેજીમાં જાણીતી છે. અસલ તો એ યુરોપવાસી છે, પણ અફઘાનિસ્તાન એશિયા માઈનોર ને સાઇબીરીઆમાં પણ એ ઊગે છે. ઠંડા મુલકમાં થતી આ જાત આપણે ત્યાં કાશ્મીર અને ચંબા (હિમાચલ પ્રદેશ)માં જ ઉગાડાય છે.

૭) રોઝા જાઇગૅન્સીઆ (Rosa Gigansia): મણિપુર અને બ્રહ્મદેશના શાન પ્રદેશમાં ચારથી પાંચ હજાર ફૂટની ઊંચાઈવાળા ભાગમાં એના મોટા વેલા થાય છે. અંગ્રેજીમાં એ 'મનિપુરી વાઈલ્ડ ટીરોઝ' નામે ઓળખાય છે. આ ગુલાબનાં ફૂલ મોટાં, પીળાં ને સુગંધી હોય છે.

૮) રોઝા મસ્કેટા (Rosa Muschata) : આ ગુલાબની સુવાસ કસ્તૂરીની સુગંધને મળતી હોઈ અંગ્રેજીમાં એને 'મસ્ક રોઝ' કહે છે. હિમાલયમાં એ પુષ્કળ પ્રમાણમાં થાય છે ને ૧૧,૦૦૦ ફૂટની ઊંચાઈ સુધીના પ્રદેશમાં ઊગે છે. વસંત ઋતુમાં સીમલાની આજુબાજુના પ્રદેશમાં એ પુષ્કળ પ્રમાણમાં ખીલતાં હોઈ એની સુવાસથી વાતાવરણ મહેકી ઊઠે છે. અત્તર માટે આ ગુલાબનું પણ બહોળું વાવેતર થાય છે.

૯) રોઝા બર્બેનિકા (Rosa Bourbanica) યા બર્બન રોઝ : માડાગાસ્કર પાસે બર્બન બેટમાંથી એક ફ્રેન્ચ વનસ્પતિશાસ્ત્રીને ઈ. ૧૮૧૭માં મળી આવેલી આ જાતના સંકરણમાંથી ઈ. ૧૮૪૦માં 'એડવર્ડ' નામની એક નવી જાત પેદા કરવામાં આવી હતી, જે ઘણો વ્યાપક આદર પામી છે. ભારતમાં દિલ્હી, ઉત્તર પ્રદેશ અને અન્ય રાજ્યોમાં ગુલાબ પર આંખ ચડાવવા (budding) માટે એનો બહોળો ઉપયોગ થાય છે. અત્તર અને ગુલકંદ બનાવવા માટે એનું બહોળું વાવેતર થાય છે.

૧૦) હાઇબ્રિડ પર્પેચ્યુઅલ (Hybrid Perpetual) : ઈ. ૧૮૩૭માં લાફે નામના એક ફ્રેંચ ઉદ્યાનશાસ્ત્રીએ આ એક સંકર જાત ઉપજાવી હતી. ગરમી અને ઠંડી બંને ઋતુઓમાં ખીલતી આ 'સદાબહાર' જાત ઝડપથી વધે છે અને તેના પર ઘેરાં લાલ, ઘેરાં ગુલાબી, સિન્દુરી, ગુલાબી અને શ્વેત રંગનાં ફૂલો ખીલે છે.

૧૧) ટી રોઝ (Tea Rose): એની ચા જેવી સુગંધના કારણે એને આવું નામ અપાયું છે. ઝાંખાં પીળાં ફૂલોવાળી આ જાતમાં મોતિયા, ગુલાબી ને જોગિયા રંગની ઝાંય પણ જોવા મળે છે.

૧૨) નૉઇસેટી (Noisetti Rose) : એના શોધકના નામ પરથી

આ નામ પડ્યું છે. ટકાઉપણું, વેગીલો વિસ્તાર, કસ્તૂરી જેવી સુવાસ અને સદાબહારપણાને કારણે આ ગુલાબ પણ લોકપ્રિય બન્યાં છે. એના છોડ લતા જેવા હોય છે. પુષ્પો ઝૂમખાંવાળાં શ્વેત અને આછા પીળા રંગનાં હોય છે.

આ ઉપરાંત પણ બીજી સંખ્યાબંધ જાતનાં ગુલાબ આપણે ત્યાં થાય છે. પણ એનો ઉપયોગ બહુધા શોભનાર્થે જ છે. રૂપ, રંગ, સુગંધના બહોળા વૈવિધ્યવાળાં આ ગુલાબો વિવિધ જાતોના સંકરણથી નીપજેલાં છે.

શોભન ઉપરાંત, ગુલાબનું અત્તર, ગુલાબજળ, શરબત ને ગુલકંદ બનાવવામાં તથા બીજા ઔષધીય ઉપયોગમાં ગુલાબનો બહોળો વપરાસ હોઈ એનું વ્યાવસાયિક મહત્ત્વ પણ છે. એટલે સ્વાભાવિક રીતે જ બાગ-બગીચા ઉપરાંત એકરો લાંબા વિસ્તારમાં એની ખેતી પણ થાય છે. ગુલાબની ઉપયોગિતાના કેટલાક ઘરગથ્થુ પ્રયોગ પણ જોઈએ :

ગુલાબ શીતવીર્ય, ગ્રાહી, લઘુ, ત્રિદોષનાશક ને દાહશામક છે.

ગુલાબજળ : ચૈતી (વાસંતી) ગુલાબનાં તાજાં ફૂલોની પાંખડીઓને તેનાથી ચાર ઘણા પાણીમાં ઉકાળીને એની વરાળ ઠારીને મેળવેલું જળ તે ગુલાબજળ. ગુલાબનું અત્તર બનાવવામાં આ એક આડપેદાશ પણ છે. કેટલીક વાનગીઓ તથા તપખીરમાં સુગંધ ઉમેરવામાં વપરાવા ઉપરાંત આંખોની રતાશ, નેત્રદાહ, આંખમાંથી પાણી પડવું અને ખુજલીમાં ગુલાબજળ શાતા આપે છે. તાવમાં એનાં પોતાં પણ મૂકી શકાય છે.

ગુલાબનું શરબત : ગુલાબજળ અને ખડી સાકરની ચાસણી કરીને બનાવેલું શરબત ગરમીનાશક, મૃદુ વિરેચક, મસ્તક માટે શીતળ અને ઉદ્વેગશામક ગણાય છે.

ગુલકંદ : એ વિવિધરીતે બનાવાય છે. બજારુ ગુલકંદ મોટે ભાગે ગુલાબની સૂકી પાંખડીઓને ગુલાબજળમાં પલાળી ને પછી તેમાં સાકર ભેળવીને બનાવેલો હોય છે. પણ તાજાં ફૂલોની પાંખડી વાપરીને બનાવેલો ગુલકંદ જ ખરો ગુલકંદ ગણવો જોઈએ. એ બનાવવાની પણ વિવિધ રીતો છે.

ગુલકંદ આફતાબી : કાચની સ્વચ્છ બરણીમાં તાજા ગુલાબની પાંખડીઓનો થર પાથરી તેના ઉપર ખડી સાકરનો થર કરવો. આવા એક પછી એક થર ચડાવીને ભરેલી બરણીનું મોં સારી રીતે બંધ કરી એને એમાંની પાંખડી અને સાકર ગળીને એકરસ બની જાય એટલા દિવસ બરણીને તડકામાં રાખવી. આ ગુલકંદ દાહશામક, પિત્તશામક, વિરેચક, મસ્તકને શાંત રાખનાર હોવા ઉપરાંત વધુ કા રજઃસ્રાવમાં ગુણકારી છે.

ગુલકંદ આબી : ઉપરની રીતે જ ગુલાબની પાંખડી ને સાકરના થરથી પોણી બરણી ભરી, એનું મોં બંધ કરી તેને તડકાને બદલે એકવીસ દિવસ સુધી, બરણીમાં ન પેસે એ રીતે પાણીમાં ડુબાડી રાખવી. આ ગુલકંદમાં શીતળ અને સ્નિગ્ધ ગુણની વિશેષતા છે.

ગુલકંદ અસલી : આમાં તાજી પાંખડીઓ સાથે સાકરના બદલે મધ વપરાય છે. આ ગુલકંદમાં વિરેચનીય ને કફનિઃસારક ગુણ વિશેષ હોય છે.

ગુલરોગન : એક બરણીમાં પાંચ ભાગ તલનું તેલ અને ચાર ભાગ તાજાં ગુલાબની પાંખડી નાખીને પંદરેક દિવસ સુધી તડકામાં રાખ્યા પછી એ પાંખડી નિચોવીને કાઢેલું તેલ તે ગુલરોગન. એને ગાળીને ઉપયોગમાં લેવાય છે. ગુલરોગન મેધાવર્ધક, નિદ્રાપ્રદ, સોજા દૂર કરનાર ને પીડાશામક છે. સન્નિપાતમાં માથા પર તેનાં પોતાં પણ મુકાય છે.

મૃદુ વિરેચન માટે ગુલાબનો કવાથ પણ વપરાય છે. આ કવાથના કોગળા આમાશયના રસની તીવ્રતાથી થતા મુખપાકમાં તથા ગળાના સોજામાં ગુણકારી ગણાય છે. રાતભર ગુલાબની સૂકી પાંખડીને પાણીમાં પલાળી રાખીને બનાવાતું ગુલાબનું 'હિમ' પણ આવું જ ગુણકારી છે.

તુલસી ને લીલી ચાની જેમ ગુલાબની પાંખડી ઉમેરીને સુગંધી ને રુચિકર ચા પણ બનાવાય છે. ગુલાબની પાંખડી નાખવાથી ચાના અવગુણ દૂર થાય છે એમ પણ મનાય છે.

શ્વેત ગુલાબને સંસ્કૃતમાં 'કણિકા' કહે છે. તેમાં સુગંધ હોતી નથી પણ તે શીતળ, ગ્રાહી ને કામોદ્દીપક મનાય છે. રક્તદોષ ને ત્રિદોષમાં પણ એ ગુણકારી ગણાય છે.

પીળા ગુલાબને સંસ્કૃતમાં 'અતિ મંજુલા' કહે છે. 'જંગલી ગુલાબ' ને 'કૃષ્ણા' નામે પણ તે ઓળખાય છે. તે પણ શીતળ ને સારક ગણાય છે.

યુનાની મત પ્રમાણે ગુલાબનાં ફૂલ રક્તવર્ધક, મૃદુ વિરેચક, આફરો દૂર કરનાર, શરદી, શિરોવેદના, દંતવ્યથા, વાયુ પ્રણાલીના પ્રદાહ, કુક્કુર ખાંસી, ચક્ષુરોગ અને સંધિવાતમાં ગુણકારી ગણ્યાં છે. યકૃત, બવાસીર અને દમમાં પણ તેને હિતકારી ગણ્યાં છે

ઔષધોમાં બારમાસી ગુલાબ કરતાં વસંતમાં ખીલતાં ચૈતી ગુલાબ જ વધુ ગુણકારી ગણાય છે. □

કાવ્ય અને વાર્તા માટે બે પારિતોષિકો

સુરતના **ડૉ. ભાસ્કર ડી. આચાર્ય** તરફથી
એમનાં માતુશ્રી કસ્તૂરબેન આચાર્યના સ્મરણાર્થે
આ વિક્રમ સંવત ૨૦૩૬ના કાર્તિકથી આસો માસ દરમિયાન
'કુમાર'માં પ્રકટ થએલા શ્રેષ્ઠ કાવ્ય તથા શ્રેષ્ઠ વાર્તા માટે
રૂ. ૫૧/-નાં બે પારિતોષિકો અપાશે.
કવિ-લેખકોને આ માટે નિમંત્રણ છે.

અનુસંધાન] **બાદશાહી અંગૂઠી** [પૃ. ૩૯૨થી

ફેલુદાએ આભાર માની કહ્યું : 'ના, રહેવા દો. કલકત્તામાં તો હમેશાં મોટરમાં બેસવાનું થાય છે, અહીં આ ટાંગામાં ફરવાની મજા આવે છે.'

પછી છૂટા પડતી વખતે મહાવીરે ફેલુદાનો હાથ પોતાના હાથમાં લઈ ભાવથી કહ્યું : 'તમારી સાથે ઓળખાણ થઈ તેથી બહુ જ આનંદ થયો. એક વાત તમને કહી દઉં, જો મને ખબર પડશે કે પિતાજીનું મૃત્યુ સ્વાભાવિકરીતે નથી થયું, ને એના માટે કોઈ બીજું જવાબદાર છે તો એ અપરાધી ખૂનીને શોધી કાઢીને હું ચોક્કસ બદલો લઈશ જ. ભલે મારી ઉંમર ખાસ મોટી નથી, પણ હું ચાર વર્ષ મિલિટરી ઍકેડેમીમાં રહેલો છું. મારી પાસે રિવૉલ્વરનું લાયસન્સ પણ છે અને હું એક અચ્છો નિશાનબાજ છું.' ને પછી ગુડ બાય કહી એ છૂટો પડ્યો. રસ્તો ઓળંગી એ સામે પડેલી કાળી સ્ટાંડર્ડ ગાડીમાં બેઠો અને હુશ્ કરી ગાડી મારી મૂકી. એને જતો જોઈ રહેતાં ફેલુદા બોલી ઊઠ્યા, 'શાબાશ!'

મને લાગ્યું કે ફેલુદાએ કહેલું તેમ 'પેચમાં પેચ લડ્યા' એ ખોટું નહોતું. ફેલુદાએ હવે ટાંગાની શોધમાં ચારે બાજુ નજર ફેરવવા માંડી. મને સમજાઈ ગયું કે હવે ફેલુદાને માટે બ્લેડ ખરીદવાનું બહુ જરૂરી લાગતું નથી.

(ચાલુ)



સામાન્યતઃ તો બાળકની સાથે માતાની છબીઓ જ સવિશેષ જોવા મળે છે, પરંતુ બાળકને પિતા સાથે પણ એટલો જ ઘનિષ્ઠ પ્રેમસંબંધ હોય છે. છબીકાર મુકેશ જરીવાલાએ તેની યાદ આ છબી દ્વારા આપી છે. અને એથી જ આ છબીનું મહત્ત્વ છે. (બ્લૉક : 'કૅમેરા પિક્ટોરિયાલિસ્ટ્સ ઑવ બરોડા'ના સૌજન્યથી)

છબી-નિબંધ

ફોટોગ્રાફીમાં એક દસ્તાવેજી અભિગમ


જ્યોતિ ભટ્ટ

દોઢેક સદી પહેલાં લોકોના હાથમાં કૅમેરા મુકાયો ત્યારથી જ છબીકારોમાં બે મુખ્ય વલણો જોવા મળ્યાં છે: (૧) છબીને ચિત્ર—પેઇન્ટિંગ જેવા સ્વરૂપે રજૂ કરવાનું અને (૨) પોતાની સામેની વસ્તુ, વ્યક્તિ કે બની રહેલી ઘટનાને આગવી લાક્ષણિકતા ધરાવતી ક્ષણે છબી સ્વરૂપે કૅમેરા દ્વારા ઝડપી લેવાનું. પહેલા વલણમાં ચિત્ર અંગેના છબીકારના ખ્યાલ અને પૂર્વગ્રહો મહત્ત્વનો ભાગ ભજવે છે. આને લીધે જ એ પ્રકારની છબીઓમાં આયોજનનાં સ્વરૂપો તથા તેની સાથે સંકળાએલી વિવિધ બાબતો તરફ વધુ ધ્યાન અપાય છે. બીજા પ્રકારમાં વસ્તુ કે ઘટનાનું પોતાનું જ મહત્ત્વ હોઈ છબીકાર તેનો સ્પષ્ટ અને તાદશ ચિતાર રજૂ કરવાનો પ્રયત્ન કરે છે. આને લીધે છબીમાં આયોજનનાં સ્વરૂપ અંગે આગ્રહ રાખવાનું હમેશાં શક્ય કે જરૂરી રહેતું નથી. આ બન્ને પ્રકારો એકબીજાથી જુદા હોવા છતાં તેમાં ક્યારેક સમાનતા ને એકસાથે બન્ને હેતુઓ પાર પડેલા પણ જોવા મળે છે.

રઘુવીરસિંગના પુસ્તક સ્વરૂપે પ્રકાશિત પ્રખ્યાત છબી નિબંધ 'ગંગા'માં તથા સુરેન્દ્ર પટેલની કૈલાસયાત્રાની રંગીન છબીનોંધમાં ઉપર્યુક્ત સમન્વય જોવા મળે છે. ગંગાના ઉદ્‌ભવસ્થાનથી સમુદ્ર સંગમ સુધીના એકએક તબક્કાઓ રઘુવીરસિંગ ચારપાંચ વર્ષની સતત જહેમત દ્વારા ઝડપી શક્યા છે. પરંતુ એ નિબંધ ગંગાના વહેણનો ચિત્રિત નકશો બનીને અટકી રહેતો નથી. ગંગાને ભારતીય સમાજમાં માતાનું સ્થાન શા માટે મળ્યું છે તેનો ખ્યાલ આપતી, ગંગા તથા ભારતવાસીઓ સાથે સંબંધિત અનેક બાબતોનો અભ્યાસ કરીને તેમણે એ છબીઓ તૈયાર કરી છે. ભૌગોલિક પરિબળો, નૈસર્ગિક સૌંદર્ય, પ્રાચીન તથા અર્વાચીન સંસ્કૃતિ સાથેનો ગંગાનો સંબંધ, સામાજિક તથા ધાર્મિક જીવનમાં તેનું મહત્ત્વ ઉપરાંત ગંગાના મધુર ને રૌદ્ર સ્વરૂપો ઈ. વિવિધ પાસાંઓ તેમની છબીઓમાં રજૂ થાય છે. ગંગાવતરણની કથાને પણ મહાબલિપુરમના જાણીતા શિલ્પની છબી દ્વારા રજૂ કરી ભૂતકાળમાં ડોકિયું કરાવવા સાથે ભારતમાં દક્ષિણ છેડા સુધી ગંગાનું કેટલું મહત્ત્વ હતું તેનું અને એક સમૃદ્ધ કળાપ્રણાલીનું ભાન પણ આપણને કરાવી શક્યા છે.

સુરેન્દ્ર પટેલની છબીઓમાં અમદાવાદથી તેમણે પ્રવાસયાત્રા શરૂ કરેલી ત્યારથી કૈલાસદર્શન સુધીની મહત્ત્વની ક્ષણો તેમ જ વ્યક્તિઓ અને સ્થળોની સ્મૃતિ કાયમ રાખવાનો દસ્તાવેજી હેતુ જ મુખ્ય જણાય છે. પરંતુ તે હેતુ જાળવીને પણ હિમાલયની ભવ્યતા અને સૌન્દર્ય રજૂ કરવા સાથે આનંદ ને વિસ્મયની અનુભૂતિ કરાવતાં દશ્યચિત્રો તેમણે સર્જ્યાં છે.

બન્ને છબીકારોની છબીઓનો વિષય—હિમાલય અને ગંગા—પોતે જ સુન્દરતમ હોઈ તેનું



'કુમાર'ના ચાહક વાચકો અને સ્નેહી-મિત્રોએ આ વર્ષે જાતે કરી મોકલેલાં કલામય નૂતન વર્ષાભિનંદન પત્રોમાંની થોડી વાનગી: ડાબી બાજુ કલાકાર વાસુદેવ સ્માર્તે બનારસથી કરી મોકલેલું શુભ સંકેતોનું શોભન-આલેખન. મથાળે વચ્ચે: કલકત્તાના કલાકાર ઇન્દ્ર દુગડનું કમલપત્રોનું કલાત્મક રેખાંકન; તે પછી વરાડ (બારડોલી)નાં લક્ષ્મી બેન. ગામીતે માત્ર રંગબેરંગી ટપકાંઓથી રચેલું દૃશ્યાલેખન. (વચલી હારમાં અનુક્રમે) કલાકાર બલવંત જોષી (રાજકોટ)નું લોકઢબે પોતાની આગવી શૈલીમાં કરેલું ગોપનું ચિત્ર; છપાએલાં રંગીન ચિત્રના ટુકડા ચોડીને રાધનપુરથી ચિત્રકાર પરશુરામ મહેતાએ કરી મોકલેલું શોભન અને કલાકાર હકુ શાહ (અમદાવાદ)નું સરળ-સચોટ સુંદર રેખાંકન. (છેક નીચે અનુક્રમે) વિવિધ નૃત્યશૈલીનાં પોતે કરેલાં રેખાંકનોનો ફોટોપ્રિન્ટ લઇને અમદાવાદના ચિત્રકાર-ફોટોગ્રાફર વ્રજ મિસ્ત્રીએ બનાવેલું અભિનંદન પત્ર; પોરબંદરના ચિત્રકાર દેવજીભાઈ વાજાનું રેખાંકન; ગાંધીનગરથી કવિ હરિકૃષ્ણ પાઠકે કરી મોકલેલું રેખાંકન અને અમદાવાદનાં જ્યોતિ-સાધનાનું રેખાચિત્ર.

સૌંદર્ય પણ છબીકાર માટે દસ્તાવેજીકરણનો એક મુખ્ય હેતુ બની રહે તેમાં નવાઈ નથી. દૃશ્યકાવ્ય સમી સુંદર અને સચોટ છબીઓ તેઓ સફળ રીતે રજૂ કરી શક્યા તેમાં છબીકળાની ટેક્નિકનો તેમનો મહાવરો, સારાં અને યોગ્ય સાધનો તથા આયોજનની પૂરી સમજ જરૂર ભાગ ભજવે છે, પરંતુ તેના પ્રદર્શન કે અતિરેક વિનાની ઉપર્યુક્ત છબીઓમાં મુખ્યત્વે વિષયને સમગ્ર રીતે સમજવાની તથા વિશાળ દૃષ્ટિબિંદુથી મૂલવવાની તેમની સૂઝ મુખ્ય ભાગ ભજવે છે.

પુષ્કર કે તરણેતરના લોકમેળાઓમાં હવે છબીકારો પણ કીડિયારાંની જેમ ઊભરાવા લાગ્યા છે. તેઓ મોટા ભાગે તો ચિત્રવિચિત્ર વેશભૂષા કે રૂપાળી મુખાકૃતિ ધરાવતાં ગ્રામજનોની છબીઓ જ લેતા હોય છે. આવી છબીઓ એક કે અનેક લેવા છતાં તેમાં મેળાનો અલ્પાંશ જ રજૂ થાય છે. એટલે મુખ્યત્વે તો એમાં એકાદ બે બાબતોનું પુનરાવર્તન જ થયા કરતું જોવા મળે છે.

ગમે તેટલી સારી છબીની પણ અર્થઘટનની મર્યાદા હોય છે. આથી વધુ છબીઓને યોગ્ય ક્રમમાં ગોઠવી, સમૂહ સ્વરૂપે રજૂ કરી વિષયને સમગ્ર બાજુએથી આવરી લેવાની પ્રચલિત રીત છબી-નિબંધ નામે ઓળખાય છે. સામયિકોમાં તેમ જ પુસ્તક કે પ્રદર્શન સ્વરૂપે જોવા મળતા છબી-નિબંધોમાં પાંચેકથી પાંચસો

જેટલી છબીઓ રજૂ થતી હોય છે. એમાં ક્યારેક એક તો ક્યારેક વધુ છબીકારોની કૃતિઓ પણ હોય છે. દરેક છબી પોતે સુંદર મંતવ્ય ચિત્ર હોવા છતાં છબી નિબંધમાં વાક્યનું સ્થાન ભજવી સંપૂર્ણ મંતવ્ય રજૂ કરવામાં મદદ રૂપ બને છે.


સમયની મર્યાદામાં રહીને કામ કરતા ધંધાદારી સફળ છબીકારો કોઈ પણ વિષયની છબીઓ લેવાની જવાબદારી સ્વીકારે ત્યારે તે વિષય અંગે અગાઉથી જ શક્ય તેટલી માહિતી તેઓ મેળવી લેતા હોય છે. કામ સોંપનાર સામયિકના તંત્રી કે છબી વિક્રેતા દલાલ દ્વારા પણ જરૂરી માહિતી પૂરી પાડવામાં આવે છે જ્યારે પૃષ્ઠ-સંખ્યાની મર્યાદા નક્કી હોય ત્યારે જરૂરી છબીઓની સંખ્યા તેમ જ તેના પેટા વિષયોની યાદી પણ પહેલેથી જ તૈયાર કરી લેવાની પ્રથા છે. આને લીધે છબીકાર પોતાની જરૂરિયાત પર ધ્યાન કેન્દ્રિત કરી સમય ને સાધનની કરકસર કરીને લેઇતી છબીઓ મેળવી લે છે, ને નિરર્થક પુનરાવર્તન ટાળી શકે છે.

ધંધાદારી છબીકારોની કામ કરવાની આ શિસ્તબદ્ધ રીત તેમને માટે ઉપયોગી છે, તેથી પણ વધુ ઉપયોગી અવેતન છબીકારો માટે છે. છબીઓ લેતાં પહેલાં વિષય અંગે જરૂરી અભ્યાસ અને માહિતી મેળવ્યા બાદ એક વિષય સૂચિ તૈયાર કરીને તે પ્રમાણે છબી લેવાનો પ્રયત્ન કરવાથી સારું પરિણામ આવવા સંભવ છે. સૂચિ તૈયાર કરતી વખતે, છબીઓ દ્વારા વિષયની સંપૂર્ણપણે રજૂઆત થઈ શકે તે માટે ઘણા છબીકારો એવો આગ્રહ રાખે છે કે તેમની છબીઓ દ્વારા '5-W'ના જવાબ મળી રહે. અંગ્રેજી મૂળાક્ષર Wથી શરૂ થતા પાંચ શબ્દો 'WHO, WHAT, WHERE, WHEN અને WHY?' માટે 5 W એ સંજ્ઞા યોજાઈ છે. આને માટે આપણે '૫-क' એવી સંજ્ઞા યોજી શકીએ: क्यों, कहां, कब, कौन, क्या? વિષયના સંદર્ભમાં આ પ્રશ્નોનું મહત્ત્વ સમજી શકાય તેવું છે.

આ વરસે આંતરરાષ્ટ્રીય બાળવર્ષની ઉજવણીના ભાગ તરીકે 'શૈશવ' નામે એક છબી-પ્રદર્શન યોજેલું તેમાં ૨૫૦ છબીઓ દ્વારા બાળપણને રજૂ કરવા પ્રયત્ન કરેલો. તે માટે છબીઓ મંગાવતી વખતે એક સૂચિ છબીકારોને મોકલાઈ હતી. 'યુનેસ્કો' માટે જર્મનીના સ્ટર્ન સામયિકે તૈયાર કરેલા છબી, પ્રદર્શન 'જગતનાં બાળકો' પરથી મુખ્યત્વે ભારતીય પરિસ્થિતિને દૃષ્ટિ સમક્ષ રાખીને આ સૂચિ તૈયાર કરેલી. બાળકના જન્મથી આરંભી જે તે સમાજની રૂઢિ પ્રમાણે નામકરણ, મુંડન, ઉપનયન વગેરે વિધવિધ વિધિ-સંસ્કારોમાંથી પસાર થવા સાથે તેના ઉછેર, તોફાનમસ્તી, લાગણીઓની અભિવ્યક્તિ, શિક્ષણ, પ્રવૃત્તિઓ; પશુપંખી સાથેની રમતો એમ સંખ્યાબંધ બાબતો સાથે બાળકને સાંકળી શકાય ને આ દરેક બાબતોની છબીઓ લઈ શકાય. આવી અનેક બાબતોની આ સૂચિ મોકલવાનું પરિણામ અપેક્ષા પ્રમાણે ઘણું સારું આવ્યું. સૂચિ વાંચીને ઘણા છબીકારોએ એવી કૃતિઓ મોકલી કે જે તેઓએ અન્યથા મોકલી ન હોત. તેમજ ઘણાએ સૂચિ પ્રમાણે બાળકોના જીવનને સ્પર્શતી, પોતે ધ્યાનમાં ન લીધેલી બાબતોની છબીઓ નવેસરથી લેવાનું શરૂ કર્યું.

એ સૂચિના પરિણામ સ્વરૂપ આ અંકના મુખચિત્ર પાછળ આપેલી મધુકાન્ત તેલીની ક્રિકેટ રમતાં બાળકોની છબી ખૂબ જ ભાવવાહી બની શકી છે. તેઓ પોતે જ પોલીઓના ભોગ બનેલા બાળકના પિતા હોઈ, પિતાના હૃદયની વેદના ને અનુકંપા પણ એમની છબીમાં પ્રકટ થાય છે. પરિસ્થિતિની કરુણતા પર તેમણે ઢાંકપિછોડો કર્યો નથી. પરંતુ તેનાં રોદણાં રડવાને બદલે તેમાંથી રસ્તો શોધવાના (ક્રિકેટ રમતાં)બાળકોના પુરુષાર્થને બિરદાવતી તેમની આ છબીમાંથી છબીકારને પોતાને પણ હિંમત અને આશ્વાસન સાંપડ્યાં જ હશે. પ્રદર્શનના નિર્ણાયકોએ આ છબી જોતાંવેંત જ સર્વાનુમતે તેને પુરસ્કારને પાત્ર ઠરાવેલી. એક મરાઠી સામયિકે વર્ષોજૂની પોતાની પ્રથા તોડીને આ છબીને મુખપૃષ્ઠ ઉપર છાપેલી.

જગતભરના છબીકારોમાં ધંધાદારીઓની સંખ્યા એકાદ ટકો પણ નથી. બાકીના છબીકારોની છબીઓના વિષયમાં મુખ્ય સ્થાને તો (પોતાનાં ને અન્ય કુટુંબીઓનાં) બાળકો જ હોય છે. સંવેદનશીલ છબીકારો દ્વારા લેવાયેલી બાળકોની છબીઓમાં તેમનો અભિગમ બાળજીવનનાં સમગ્ર પાસાંઓને સમજવાનો તથા તેની વાસ્તવિકતાની નોંધ લેવાનો હોય છે. એમ કરવાનો એક હેતુ તેમને અયોગ્ય લાગતી બાબતો સામે છબી દ્વારા વિરોધ નોંધાવવાનો અને સમાજને સભાન કરવાનો પણ હોય છે. માબાપ કે કુટુંબીજન પોતાના બાળકની છબી લે ત્યારે તેમાં બાળકના જીવન વિકાસના માર્મિક તબક્કાઓની નોંધ રાખવાના હેતુ ઉપરાંત બાળક સાથેનો તેમનો લાડકોડભર્યો પ્રેમસંબંધ પણ વ્યક્ત થાય છે. આ સાથેની છબી તેનું દૃષ્ટાંત છે.



ટિકિટ-સંગ્રહ

આ આંતરરાષ્ટ્રીય બાલવર્ષની ભાવનાના પ્રસાર માટેનાં કાર્યોના એક ભાગ રૂપે ગઈ પહેલી ઑગસ્ટે જાપાને, આકાશમાં તરતાં કિશોર કિશોરીના ચિત્રવાળું બે ટપાલ-ટિકિટોનું એક ખાસ બહુરંગી મિનીએચર શીટ બહાર પાડ્યું છે. જાપાનનું આ પ્રકારનું આ પહેલું જ શીટ છે. આ શીટમાં ચિત્રકાર હિરોશી માનાબેએ આલેખેલું સમગ્ર ચિત્ર છે. જ્યારે તેમાંના કિશોર-કિશોરીની રજૂઆતવાળો ભાગ બે અલગઅલગ ટપાલ ટિકિટો તરીકે વાપરી શકાય તે રીતે પરફોરેટ કરેલી છે. આટલા ચિત્રાંશ સાથે અલગ અલગ ટિકિટો પણ જુદી બહાર પાડવામાં આવી છે.

‘ઉઘાડ’

અવલોકન : નલિન રાવળ

શ્રી ધીરુભાઈ પરીખ કવિતા તરફ વળે, પ્રમાણમાં મોડા વળે તે પહેલાં સાહિત્યિક નિબંધ, નવલિકા, નાટક, આદિ સ્વરૂપોમાં ગદ્યને સફળ રીતે ખેડી ચૂકેલા લેખક તરીકે પ્રતિષ્ઠા પામેલા છે. છેલ્લાં દસ વર્ષ દરમિયાન તેમણે જે રચનાઓ કરી તેમાંથી તારવીને ૮૭ જેટલી કૃતિઓને ‘ઉઘાડ’માં સમાવવામાં આવી છે. એમાં ગેય રચનાઓ પણ છે, પરંતુ અતિ જૂજ. મુખ્યત્વે આ છંદોબદ્ધ રચનાઓનો સંગ્રહ છે. શ્રી ધીરુભાઈનો આ પ્રથમ કાવ્યસંગ્રહ સહેજે આપણા આકર્ષણનું કારણ બને. કોઈ પણ કવિનો પહેલો સંગ્રહ તેની ત્રિવિધ શક્તિનો પરિચય આપવામાં સફળ રહે તો તે કોઈ પણ કાવ્યરસિક માટે આકર્ષણ ઊભું કરી શકે.

કાવ્ય-આકર્ષણનું મૂળ લયજન્ય આનંદમાં છે. અહીં એવી રચનાઓ છે જેમાં સાદ્યંત લયજન્ય આનંદનો સ્પર્શ છે. કવિની આ પ્રથમ શક્તિ તેની લયાન્વિત કવિદૃષ્ટિનો પરિચય આપે છે. ‘ઉઘાડ’ના કવિ પાસે લયાન્વિત કવિદૃષ્ટિ છે. કાવ્યમાં શબ્દ સતત અર્થની દિશામાં ગતિ કરી અંતે ચિત્તગમ્ય એવી સઘન માનવીય લાગણીને તાદૃશ કરી રહે છે. અહીં કવિવાણી કેટલીક રચનાઓમાં માનવીય લાગણીનો તાદૃશ ચિતાર આપી વિશેષ કાવ્યાર્થની દિશામાં ગતિ કરતા સંકેતને જન્માવવાનો પ્રયત્ન પણ કરી રહે છે. કવિની આ બીજી શક્તિ તેની અર્થપ્રીતિનો પરિચય આપે છે. ‘ઉઘાડ’ના કવિની અર્થપ્રીતિ સવિશેષ ઉલ્લેખનીય છે, કેમ કે અહીં એવી એક પણ કૃતિ નથી જેનું લક્ષ્ય ‘અર્થ’ ન હોય. પણ કાવ્યનું એકમાત્ર લક્ષ્ય નથી લય કે નથી અર્થ. આપણો પ્રશ્ન આ છે : અહીં પ્રસ્તુત સંગ્રહમાં કવિ સાંગોપાંગ સુંદર એવું કોઈ વિશિષ્ટ કાવ્યપરિમાણ સિદ્ધ કરી શક્યા છે?

છેલ્લા ત્રણેક દસકામાં માત્રામેળ છંદો કાવ્યમાધ્યમ અર્થે અનેક હાથે વધુ ને વધુ પલોટાતા આવ્યા છે. પરંપરિત હરિગીત કે ઝૂલણા કે કટાવ કે ઝૂલબંકી આદિ છંદોની ચાલ દ્વારા વાકછટાની અવનવીન ભંગિઓ સર્જવા પાછળ કવિનો જાણે-અજાણે પણ આશય કાવ્યમાં નાટ્યત્વ સિદ્ધ કરવાનો રહ્યો છે. કાવ્યસ્વરૂપ અંગેની આ પરંપરા ધીરુભાઈએ સ્વીકારી ‘ઉઘાડ’ની ઘણી બધી રચનાઓમાં તેની સ્થાપના સબળ ભૂમિકા ઉપર એટલે કે પોતીકા અવાજની ભૂમિકા ઉપર કરી છે. ગદ્યકાવ્યો પણ અહીં છે—બંને પ્રકારનાં : અમુક રચનાઓ ગદ્યકાવ્યો બની શકી છે, જ્યારે અમુક રચનાઓ ગદ્ય પાસે અટકી ગઈ છે. વૃત્તબદ્ધ રચનાઓ કેટલીક છે, જેમાં ચાર સૉનેટ છે અને ચારેયમાં કવિની છંદ પરની હથોટી તરત કળાઈ આવે છે. ‘સવારી’ સૉનેટનો દૃઢ પદબંધ તેમ જ નિસર્ગ રમણાને બહલાવતી કવિકલ્પનાનો વ્યાપ અહીં એક પછી એક આહ્લાદક ચિત્રો પ્રકટ કરી રહી, વ્યોમથી ભોમ લગી પ્રસરતી ચૈતન્યસ્વરૂપની સવારીને દૃશ્ય કરી રહે છે. કૃતિનો ઉઘાડ બળુકો છે :

> ધીરે ધીરે વટાવી ક્ષિતિજે પ્રસરતી
> વાયુભીની સવારે,
> ટોચે ટોચે સુનેરી તરુવર હસતાં
> મ્લાન જે અંધકારે;
> નીડે નીડે જગાવી કલરવ સ્તુતિ શી
> સ્વાગતે ભર્ગપુંજ,
> ડોલે ડોલે મજેથી ખગ–કુસુમ લચી
> વલ્લરી વ્યોમકુંજ.

સ્રગ્ધરાના ડોલનમાં વ્યોમકુંજમાં ડોલી રહેલી ખગકુસુમથી લચી વલ્લરીનું પ્રાસાદિક કલ્પન કવિની અમૂર્તને મૂર્ત કરવાની શક્તિનું દ્યોતક છે. પણ આ પ્રકારના નિસર્ગવર્ણનનું આલેખન કરતી એક સમૃદ્ધ કાવ્યપરંપરા અહીં દૃઢમૂલ થએલી છે, એટલે કોઈ સ્વતંત્ર ભૂમિકા ઉપર આ પ્રકારની રચનાઓ જવલ્લે જ વિકસતી જોવા મળશે. ઉક્ત કૃતિનો સ્રગ્ધરા પણ અન્ય કવિજનોએ ખેલવેલા સ્રગ્ધરાના લય-સંસ્કારોથી શબલિત થએલો છે.

ગીતોમાં માર્દવભરી ઊર્મિરમણાની અપેક્ષા રહે તે અહીં સંગૃહીત જૂજ ગીતોમાં નથી. ગીતની રેખાએ રેખાએ ફરી વળતો લયહિલ્લોલ કે નાજુક પારદર્શી હૃદયભાવની નકશી અહીં નથી. ‘કાંટો’ અને ‘પાણિયારે’ આ બે ગીતોમાં તળપદી બાનીનો લહેકો આબાદ ઝિલાયો છે. બંનેમાં સ્ત્રીનું હૃદય-વલણ પ્રકટ કરતી પંક્તિઓ ચોટવાળી બની આવી છે. ચાર ચાર પંક્તિના ત્રણ અંતરાવાળું ગીત ‘વિમાસણ’-આપણી ભક્તિગીતોની પરંપરાનું સ્મરણ કરાવે છે. સંતવાણીની સ્વચ્છ ગહન સરવાણી કવિએ આ ગીતમાં ઝીલી લીધી છે. આઘેરો ગરજતો સાયર અને વન વેરાયલ વાદળી, કામઠ અને કામઠેથી છૂટયાં તીર વન, રઝળતા ટહુકા અને ટહુકાનાં પંખીકંઠનાં બેસણાં—ત્રણે અંતરાના આ ભિન્નભિન્ન સંવાદી એકમોનો વિચ્છેદ કોઈ પરમ તત્ત્વમાં એકરૂપ થવાનો તલસાટ ધ્વનિત કરી રહે છે

ગદ્યકાવ્યોમાં ઉલ્લેખનીય રચનાઓ છે : ‘રાતે જ્યારે’, ‘ધડોધડ’, ‘પછી’, ‘જામ્યું છે સાચું જુદ્ધ’ અને ‘માણસને ઊગતી નથી ડાળીઓ’. પ્રત્યેક કૃતિમાં શબ્દોક્તિઓ યથાર્થ-કાવ્યોક્તિઓમાં પરિણમે છે. મનુષ્યના કેટલાક પ્રશ્નોનું અહીં મનુષ્યત્વના સંદર્ભમાં ચિંતન છે. આ ચિંતન સ્પષ્ટ, સુગ્રાહ્ય અને કાવ્યત્વને સાચવતા ગદ્યલય દ્વારા આવ્યું છે. અન્ય કાવ્યો—‘કેન્દ્રચ્યુતિ’, ‘વણઆથમ્યા યુગની વાત’, ‘ગાળ’, ‘ઘાર

શબ્દકથા : અંતકડી · પ્રતિમાલા

અંતકડીની રમત આપણે ત્યાં સારી રીતે પ્રચલિત છે. એક જણ કોઈ કવિતા કે ગીતની કડી બોલે, અને મંડળીનો બીજો જણ (કે પક્ષ) એ કડીના છેલ્લા અક્ષરથી શરૂ થતી બીજી કોઈ કડી બોલે. એ રીતે રમત આગળ ચાલે. કડીના અંત (એટલે કે અંતિમ અક્ષર)થી શરૂ થતી નવી કડી સામસામા પક્ષ રજૂ કરે તેવી રમત તે અંતકડી. આ માટે ‘અંત્યાક્ષરી’ એવું નામ પણ પ્રચલિત છે, અને તે તેના અર્થને અનુરૂપ છે. હિન્દીમાં પણ ‘અંત્યાક્ષરી’ છે, અને હિન્દીભાષી પ્રદેશમાં આ રમત પ્રચલિત છે. મરાઠીમાં તે ‘ભેંડી’ કહેવાય છે.

સદ્‌ગત વિદ્વાન ગોડેએ આ રમતના ઇતિહાસ વિષે એક લેખમાં માહિતી આપી છે. પ્રાચીન સમયમાં આ રમત ‘પ્રતિમાલા’ કે ‘અંત્યાક્ષરિકા’ નામે જાણીતી હતી. વાત્સ્યાયનના ‘કામસૂત્ર’માં આપેલી ચોસઠ કલાઓની યાદીમાં પ્રતિમાલાનો ઉલ્લેખ છે, અને ટીકાકાર યશોધરે તેનું સ્વરૂપ સમજાવીને તે માટે ‘અંત્યાક્ષરિકા’ એવો પર્યાય આપ્યો છે. પ્રતિમાલાનો ક્રીડા માટે અથવા સ્પર્ધા માટે ઉપયોગ થતો હોવાનું તેણે નોંધ્યું છે. ૧૨મી શતાબ્દી પહેલાંના સંસ્કૃત કોશ ‘હારાવલી’માં પણ પ્રતિમાલાની યશોધરના જેવી જ વ્યાખ્યા આપેલી છે. આમ લગભગ બે હજાર વરસથી આ રમતનું ચલણ છે.

આવી જ યુક્તિનો સંસ્કૃત કવિઓએ કાવ્યરચનામાં અલંકાર તરીકે કે ચાતુરી બતાવવા ઉપયોગ કર્યો છે. તેમાં આગળના શ્લોકના કે પંક્તિના છેલ્લા શબ્દથી પછીનો શ્લોક કે પંક્તિ શરૂ કરાય છે. ગદ્યમાં પણ પ્રાકૃત કવિઓએ પૂર્વ વાક્યનો અંતિમ શબ્દ પછીના વાક્યના આરંભે ફરીથી આવે એ રીતે કેટલાક વર્ણનખંડો રચેલા છે. આ યુક્તિ ‘શૃંખલા યમક’, ‘સંદષ્ટ યમક’ કે ‘કચી યમક’ એવા નામે જાણીતી છે.

હરિવલ્લભ ભાયાણી


ઇતિહાસ-પંડિત ડૉ. વાસુદેવ ઉપાધ્યાય

[૧૯૦૬-૧૯૭૯]


ઇતિહાસ, પુરાતત્ત્વ, સંસ્કૃતિ, સ્થાપત્યકલા અને નિષ્કવિદ્યા (Numismatics) વગેરેના લબ્ધપ્રતિષ્ઠ વિદ્વાન અને સુલેખક ડૉ. વાસુદેવ ઉપાધ્યાય ૩૦મી માર્ચ (૧૯૭૯)ને દિવસે અવસાન પામ્યા. ત્રણ ઉપાધ્યાય બંધુઓનું આ કુટુંબ હિંદી સાહિત્યજગતમાં પોતાના કૃતિત્વ માટે ખૂબ કીર્તિમન્ત બન્યું છે. સૌથી મોટા ડૉ. બલદેવ ઉપાધ્યાય સંસ્કૃત સાહિત્ય, ભારતીયદર્શન અને પુરાણ-વાઙ્મયના પ્રકાંડ પંડિત ને વિવેચક છે.

ડૉ. વાસુદેવ ઉપાધ્યાયનો જન્મ ૧૯૦૭માં ઉત્તર પ્રદેશના બલિયા જિલ્લામાં થયો હતો. એમનું શાળા અને મહાશાળાનું શિક્ષણ વિદ્યાનગરી કાશીમાં થયું. ઈ. ૧૯૩૩માં બનારસ હિન્દુ યુનિવર્સિટીમાંથી ઇતિહાસ અને ભારતીય સંસ્કૃતિનો વિષય લઇને એમ. એ. થયા. ત્યાર પછી પટણા વિશ્વવિદ્યાલયમાં ઇતિહાસ-મર્મજ્ઞ ડૉ. અનંત સદાશિવ આલ્તેકરના નિર્દેશનમાં ઇતિહાસમાં પીએચ. ડી.ની પદવી પ્રાપ્ત કરી. એમનું જીવન ઘણે ભાગે અધ્યાપનકર્મમાં જ વ્યતીત થયું. ઈ. ૧૯૫૦ થી ૧૯૭૦ સુધી તેઓ પટણા વિશ્વવિદ્યાલયમાં પ્રાચીન ઇતિહાસ અને સંસ્કૃતિના વ્યાખ્યાતા (લેક્ચરર) રહ્યા ને છેલ્લે ૧૯૭૦માં ત્યાંથી અધ્યેતા (રીડર) તરીકે કામ કરીને નિવૃત્ત થયા. આ ગાળા દરમિયાન એમણે ભારતીય ઇતિહાસ અને સંસ્કૃતિ વિષે એક ડઝનથી વધુ શોધપૂર્ણ, ગણનાપાત્ર ને પઠનીય ગ્રંથોનું પ્રકાશન કર્યું હતું. અઠ્ઠાવીસ વર્ષની ઉંમરે તો એમણે એમનો જાણીતો ગ્રંથ 'ગુપ્ત સામ્રાજ્ય કા ઇતિહાસ' લખ્યો હતો, જે ઉપર એમને હિન્દી સાહિત્ય સંમેલનનું સર્વશ્રેષ્ઠ 'મંગલાપ્રસાદ પારિતોષિક' મળેલું. ઇતિહાસ, સંસ્કૃતિ અને કલાના સ્વાધ્યાયપ્રેમી ગૃહસ્થો અને વિદ્યાર્થીઓએ એમણે રચેલા નીચેના ગ્રંથો વાંચવા અને વસાવવા જેવા છે.

૧) ગુપ્ત સામ્રાજ્ય કા ઇતિહાસ; ૨) વિજયનગર સામ્રાજ્ય કા ઇતિહાસ; ૩) પ્રાચીન ભારતીય મુદ્રાએં; ૪) પ્રાચીન ભારતીય અભિલેખ (શિલાલેખ, તામ્રલેખ વગેરે); ૫) પ્રાચીન ભારતીય મૂર્તિ વિજ્ઞાન; ૬) પ્રાચીન ભારતીય સ્તૂપ, ગુહા એવં મંદિર; ૭) ગુપ્ત-કાલીન અભિલેખ; ૮) પ્રાચીન ભારતીય અભિલેખોં કા અધ્યયન; ૯) પૂર્વ-મધ્ય કાલીન ભારત; ૧૦) Socio-Religious Conditions of Northern India; ૧૧) A Study of Hindu Criminology.



ડૉ. વાસુદેવ ઉપાધ્યાય



શ્રી અશોકજી

આ ગ્રંથો પૈકી અનેક ઉપર એમને વિવિધ વિદ્યાસંસ્થાઓ અને મંડળો તરફથી પુરસ્કારો મળ્યા છે. અનેક સાહિત્યસેવી અને સંસ્કાર પ્રતિષ્ઠાનો સાથે એમનો નિકટનો સંપર્ક હતો. એમના લઘુ બંધુ ડૉક્ટર કૃષ્ણદેવ ઉપાધ્યાય લોકસાહિત્યના પ્રતિષ્ઠિત મનીષી મનાય છે.

સન્નિષ્ઠ પત્રકાર અશોકજી

[૧૯૧૬-૧૯૭૯]

હિન્દી સાહિત્ય જગતમાં અશોકજીના પ્રિય નામથી વિખ્યાત અને લખનઉના હિંદી દૈનિક પત્ર 'સ્વતંત્ર ભારત'ના મુખ્ય તંત્રી તથા 'ઉત્તર પ્રદેશીય હિંદી સંસ્થાન'ના ઉપાધ્યક્ષ શ્રી અશોકજી ૧૮મી ઑગસ્ટ (૧૯૭૯)ને દિવસે દેવલોકવાસી થઈ ગયા. એમનો જન્મ ૧૨મી જુલાઈ ૧૯૧૬માં કાશીમાં થયો હતો. પ્રારંભિક શિક્ષણ કાશીમાં થયા પછી ૧૯૩૮માં અલ્લાહાબાદ યુનિવર્સિટીમાંથી ઇતિહાસ વિષય લઇને એમ. એ. થયા અને બનારસ હિન્દુ યુનિવર્સિટીના ઇતિહાસ વિભાગના અધ્યક્ષ પ્રો. અનંત સદાશિવ આલ્તેકરના નિર્દેશનમાં પ્રાચીન હિંદુ રાજ્યતંત્ર વિષય પર શોધકાર્ય કર્યું. થોડો સમય કાશીમાં અધ્યાપનકાર્ય કરી ૧૯૪૨માં 'ભારત છોડો' આંદોલન શરૂ થતાં તે છોડી દીધું અને પત્રકાર જગતમાં પ્રવેશ કર્યો. ઈ. ૧૯૪૩ થી ૪૭ સુધી કાશીના દૈનિક પત્ર 'સંસાર'ના અને માસિકપત્ર 'યુગધારા'ના તંત્રી રહ્યા.

તા. ૧૫ ઑગસ્ટ ૧૯૪૭માં ઉત્તર ભારતના જૂના અને જાણીતા અંગ્રેજી દૈનિક પત્ર 'પાયોનીયરે' પોતાનું હિંદી સંસ્કરણ 'સ્વતંત્ર ભારત' નામથી લખનઉથી શરૂ કર્યું અને અશોકજી તેના પ્રધાન તંત્રી બન્યા. ઈ. ૧૯૫૩ સુધી ત્યાં રહ્યા પછી તેઓ ભારત સરકારના માહિતી ખાતાના હિંદી વિભાગના મુખ્ય નિયામક નિમાયા ને ૧૯૭૨થી છેવટનાં બે વર્ષ સરકારી પ્રકાશન વિભાગના ઉપનિયામક રહ્યા. તે પદ પર કાર્ય કરતાં એમણે 'આધુનિક ભારતના નિર્માતાઓ'ની જીવનકથાઓ તૈયાર કરાવવાની સુંદર યોજના શરૂ કરી, જે હજુ સુધી સારી રીતે ચાલે છે.

પત્રકારત્વ ઉપરાંત તેઓએ શ્રી રજની કોઠારીનાં બહુ ચર્ચા પામેલાં પુસ્તકો 'ઇન્ડિયન પૉલિટિક્સ' અને 'ઇસ્લામ ઈન ઇંડિયા'નું હિંદી ભાષાંતર કર્યું. ઉપરાંત એમણે લખેલા નિબંધો પણ વાંચવા જેવા છે. 'નાગરી પ્રચારિણી સભા' (કાશી) અને 'હિંદી સાહિત્ય સંમેલન' (પ્રયાગ) સાથે તેઓ નિકટ સંપર્ક ધરાવતા હતા. પ્રગતિશીલ વિચારોના હિમાયતી હોવા છતાં તેઓ કોઈ વાદમાં પ્રતિબદ્ધ નહિ થતા. તેઓ સ્પષ્ટવાદી, પ્રભાવશાળી અને સાહસિક વક્તા હતા. સ્વતંત્ર પ્રકૃતિના અને સ્વાભિમાની હોવા સાથે તેઓ ખૂબ સહૃદય, સંવેદનશીલ અને પરદુઃખકાતર હતા. પત્રકારત્વની સ્વાધીનતા અને લેખનસ્વાતંત્ર્યના તેઓ સમર્થક હતા. ઈ. ૧૯૭૯ના પ્રારંભથી તેઓ 'સ્વતંત્ર ભારત સુમન' નામનું સુંદર હિંદી સાપ્તાહિક ચલાવતા હતા.

—શંકરદેવ વિદ્યાલંકાર

અંધારી રાત', 'આપવી હોય તો'—માં ક્યાંક ક્યાંક ઉદ્‌ગારોમાં કાવ્યત્વ ફરકી જાય છે પણ સળંગ ગદ્યલયનું કાવ્યલયમાં રૂપાંતર થતું નથી; જ્યારે 'ક્યાં સુધી' જેવી કૃતિ ગદ્યાત્મક છે.

સંગ્રહની સફળ રચનાઓ કટાવ, ઝૂલણા, ગુલબંકી આદિ માત્રામેળ છંદોમાં ઊતરી આવી છે. કટાવની ચાલ અહીં ઘણીબધી કૃતિઓમાં છે. કવિ વળીવળીને કટાવના લયને કાવ્યમાં પ્રયોજે છે. 'નગર'નો ઉપાડ સ્વયં નગરની ઉક્તિ છે!

હું નગર
નરી વિરૂપની કથા ?

નગર ઉક્તિમાંનો પ્રશ્નાર્થ કાવ્યના અંતે પુનઃ આવે છે.

હું નગર
નરી વિરૂપની કથા ?

પણ આ બે પ્રશ્નો વચ્ચે વિકસતું કાવ્ય માનવજીવનની રેખાઓને સ્પર્શતું જઈ નગરના અસ્તિત્વની વિધેયાત્મક બાજુને પુરસ્કારે છે. 'ચાડિયો', 'સ્મૃતિસંવેદન', 'સ્વગતોક્તિ', 'ચાડિયાની ચોકી' અને 'રખોપું'-આ બધાં કાવ્યોમાં કૃષિજીવનની સાથે જોડાએલા કેટલાક અધ્યાસો છે ને આ બધી રચનાઓની વાક્ભંગિઓમાં નાટ્યાત્મક વળાંક આવતા

રહે છે જે આહ્લાદક છે.

'પાછલી ચાંદની રાતમાં' અને 'વૈશાખ' આ બંને કૃતિઓમાં ઝુલણા પ્રયોજ્યો છે, પણ બંનેમાં એ છંદના બે જુદા ચહેરા ઊઘડી આવ્યા છે. સઘળે રેલાતી ચાંદનીનાં દૃશ્યો સાથે એકરૂપતા સાધતી વ્યક્તિ સ્વયં ચાંદનીમય બની રહે છે :

ચાંદની ઝીલતો હું ય તે ચાંદની,
ચાંદની ચાંદની
પાછલી ચાંદની રાતમાં!

'વૈશાખ'માં આ જ છંદનાં લયક્રમ સંચલનોથી વ્યાપ્ત ચિત્રોની પરંપરા આવે છે જે કૃતિનો સળંગ મિજાજ પ્રગટ કરી રહે છે. કવિ પાસે કલ્પનશક્તિના પરિપાકરૂપે સ્ફુટ થતું કાવ્યપરિમાણ નથી, તેમ છતાં તેમનાં કાવ્યો ઉક્ત નિર્દેશાએલા ગુણોને કારણે આપણને સહજ સ્પર્શી રહે છે. (કુમકુમ પ્રકાશન, ગાંધી રોડ, અમદાવાદ ૧, પૃ. ૧૩૨, રૂ. ૧૦.)

ત્રણ માહિતીસભર પુસ્તકો

ત્રણ જૂનાં પુસ્તકો હમણાં હાથ ચડયાં. ત્રણેનો વિષય એકબીજાથી તદ્દન ભિન્ન હોવા છતાં પોતપોતાના ક્ષેત્રમાં એ મહત્ત્વનાં છે, અને તે તે વિષયમાં રસ ધરાવતા વાચકોને ઘણી નવી માહિતી આપતાં હોઈ નોંધનીય છે.

પહેલું પુસ્તક છે 'ઊંડાણનો તાગ' આમેય આકાશદર્શન અને તારાઓની ઓળખથી આગળ ખગોળના વિષયમાં ઊંડો રસ આપણે ત્યાં વિશેષ પ્રમાણમાં પ્રસર્યો જણાતો નથી. એનું એક કારણ છે તે વિષેના રસપ્રદ અને માહિતી સભર ગુજરાતી પુસ્તકોની મર્યાદિત સંખ્યા. છતાં આ દિશામાં છોટુભાઈ સુથારનો ફાળો ઘણો મોટો છે. રસમય ગુજરાતી ભાષામાં ખગોળ વિષે એક અધિકારી લેખકની હેસિયતથી એમણે જે વિગતસભર સાહિત્ય આપ્યું છે તેમાંનું જ આ એક પુસ્તક છે. સૂર્ય, સંધતારકો, વિશ્વ રહસ્ય, આપણું તારાવિશ્વ તથા અન્ય તારાવિશ્વો, વિરાટ ને વામન તારાઓ, સ્ફોટક તારાએ ની શ્રી ને વિશ્રી વગેરે વિષે બાર જેટલાં પ્રકરણોમાં એમણે 'વાચકને ખગોળના ઊંડાણમાં લઈ જવાના ઉદ્દેશથી... ખગોળનાવિશાળ સાગરમાં જ્યાંજ્યાં ડૂબકીઓ મારવી ઇષ્ટ લાગી તેવા થોડાક પ્રદેશો અંગે નિરૂપણ' કર્યું છે. સામાન્ય વાચકને પણ ખગોળ વિષયક અનેક રસપ્રદ માહિતી આપતાં આ પ્રકરણોની સળંગ સૂત્રતાવાળી સંકલના અને તે સાથેનાં ચિત્રો પુસ્તકને વધુ રુચિકર બનાવે છે. (પૃ. ૧૪૦, પાકું પૂઠું. કિ. રૂ. ૧૫.)

'ભારતીય વીણા' એ પણ એક અભ્યાસયુક્ત પુસ્તક છે. ભારતનું આદિ વાદ્ય ગણાતી વીણાના ઇતિહાસથી માંડી તેના વિવિધ પ્રકાર, તેની રચનાની પરંપરા તથા તેનું રહસ્ય, તેના શ્રુતિ-સ્વરનો સિદ્ધાંત, વીણાવાદકમાં હોવાં જોઈતાં લક્ષણો, વાદનની વિવિધ ક્રિયાની સમજ વગેરેની વિસ્તૃત સમજ આપવા સાથે વિવિધ પ્રકારની વીણાના ચિત્રોથી આ એક માહિતીસભર અને આ વિષયના રસિકો માટે ઉપયોગી એવું પુસ્તક બન્યું છે. લેખક : રસિકલાલ એમ. પંડયા. (સંદર્ભસૂચિ સાથે ૨૪૩ પૃષ્ઠ, પાકું પૂઠું. કિ. રૂ ૩૧.)

આ બંને પુસ્તકો વડોદરા મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલયના પ્રાચ્ય વિદ્યામંદિરનાં પ્રકાશનો છે.

બ્રિજ : પાનાંની આ એક બહુ રસપ્રદ અને બુદ્ધિપ્રધાન રમત છે. પાનાંની અન્ય રમતોની સરખામણીમાં આ રમત મુખ્યત્વે બુદ્ધિચાતુર્ય પર વિશેષ આધારિત હોઈ તે અંગેના કેટલાક નિયમોની જાણકારી હોવી જરૂરી છે. પશ્ચિમના દેશોમાં તો આ રમત અંગે ઘણું સાહિત્ય પ્રાપ્ય છે, પણ ગુજરાતી ભાષામાં આ વિષે વિગતસભર પ્રકાશનો બહુ જ ઓછા પ્રમાણમાં ઉપલબ્ધ હોઈ ડૉ. ધીરુભાઈ ગુલાબભાઈ દેસાઈનું આ પુસ્તક બ્રિજમાં રસ ધરાવતા ને આ રમતમાં પ્રાવીણ્ય ઇચ્છતા પાનાંના રસિયાઓ માટે માહિતીસભર માર્ગદર્શન આપનાર એક ઉપયોગી પ્રકાશન બની રહે છે. (કાચું પૂઠું, પૃ. ૧૬૭, કિ. રૂ. ૪. પ્રકાશક : ડૉ. ધીરુભાઈ ગુલાબભાઈ દેસાઈ. હનુમાન ભાગડા, વલસાડ.)

આવકાર

આર. આર. શેઠની કંપની

અમદાવાદ-૧ અને મુંબાઈ-૨

મુખડા કયા દેખો દરપન મેં : લે. અમૃતલાલ યાજ્ઞિક. પૃ. ૨૭૬, પાકું, રૂ. ૨૦.

ટીલડી (પુનર્મુદ્રણ): અનુ. વિ. સ. ખાંડેકર. પૃ ૨૮૦, પાકું પૂઠું, રૂ. ૧૮.

શૂળી ઉપર સેજ અમારી (પુનર્મુદ્રણ): લે. વિઠ્ઠલ પંડયા. પૃ. ૩૪૪, પાકું પૂઠું, રૂ. ૨૨.

લોકપ્રિય પ્રકાશન

મુંબાઈ-૨

ભીનાં ચડાણ : લે. નાનાભાઈ જેબલિયા. પૃ. ૨૯૧, પાકું પૂઠું, રૂ. ૧૮-૭૫.

કાચો પારો : લે. હસમુખ શેઠ. પૃ. ૨૨૮, પાકું પૂઠું, રૂ. ૧૫.

બાસકસજ્જા : લે. આબિદ સૂરતી. પૃ. ૧૮૪, પાકું પૂઠું, રૂ. ૧૨.

રે અમે કોમળ કોમળ : લે. દિલીપ રાણપુરા. પૃ. ૨૬૩, પાકું પૂઠું, રૂ. ૧૭.

અન્ય પ્રકાશકોનાં

આરોગ્ય અને ઔષધ : લે. શોભન. પ્ર૦ આયુ પ્રકાશન, સ્પેક્ટ્રમ, બીજે માળે, અમદાવાદ. પૃ. ૨૪૭, કાચું પૂઠું, રૂ. ૧૫.

અંતરનાં ઝરણાં ભાગ ૧ (પુનર્મુદ્રણ): લે. વત્સલ વસાણી. પ્ર૦ અભિરુચિ પ્રકાશન, હરસિદ્ધ ચૅમ્બર્સ, અમદાવાદ-૧૪. પૃ. ૧૮૮, પાકું પૂઠું, રૂ. ૨૦.

પંચાંગ : પ્ર. સ. સા. વ. કાર્યાલય, ભદ્ર, અમદાવાદ ૧. પૃ. ૧૦૨, કાચું પૂઠું, રૂ. ૩.

કાચી માટીનાં ભીંતડાં : સ્વ. જયભિખ્ખુ પ્ર૦ ઉપર મુજબ પૃ. ૧૭૬, કાચું, રૂ ૪.

હરીનાં દ્વાર : લે. સ્વ. કરસનદાસ માણેક. પ્ર૦ ઉપર મુજબ. પૃ ૨૫૧, કાચું, રૂ. ૬-૫૦.

રમણલાલ દેસાઇ (પ. પુ. નં. ૪૯૯) : લે. દીપક મહેતા. પ્ર૦ પરિચય ટ્રસ્ટ, મુંબાઈ-૪૦૦૦૦૨. પૃ. ૩૨, કાચું પૂઠું, રૂ. ૦-૭૫.

આંતરરાષ્ટ્રીય કંપનીઓ (પ. પુ. નં. ૫૦૦): લે. આર. એસ. ભટ્ટ. પ્ર૦ ઉપર મુજબ. પૃ. ૩૨, કાચું પૂઠું, રૂ. ૦-૭૫.

અટકળ : લે. મનોજ ખંડેરિયા. પ્ર૦ વોરા પ્રકાશન, ગાંધી ચેમ્બર્સ, અમદાવાદ ૧. પૃ. ૧૩૪, કાચું પૂઠું, રૂ ૧૦.

ખડિંગ : લે. રમેશ પારેખ. પ્ર૦ ઉપર મુજબ. પૃ. ૧૬૮, કાચું પૂઠું, રૂ ૧૨-૫૦.

ગુજરાતી રંગભૂમિ સ્મારક ગ્રંથ : પ્ર૦ ગુજરાતી રંગભૂમિ સવાશતાબ્દી સમિતિ, સંચાલન કાર્યાલય, ઇન્ડિયન નેશનલ થિયેટર, મુંબઈ ૨૩, પૃ. ૨૦૨, પાકું પૂઠું, રૂ. ૩૦.

અષાઢનો એક દિવસ : અનુ૦ ભગવતીકુમાર શર્મા. પ્ર૦ ભાષાન્તરનિધિ, બળવંત ભવન, ભાવનગર પૃ. ૧૦૨, કાચું, રૂ. ૮.

ગૌડ પાદકારિકા : લે. પ્રા. અરવિંદ જોષી. પ્ર૦ ચુનીલાલ ગાંધી, વિદ્યાભવન, સાર્વજનિક એજ્યુ. સોસા. સૂરત. પૃ ૩૨૧, પાકું, રૂ ૩૦.

શ્રીમદ્ ભગવદ્‌ગીતા : (ગુજરાતી સમશ્લોકી) લે. કૃષ્ણકાન્ત પરીખ. પ્ર૦ પોતે, સ્ટર્લિંગ પાર્ક, બ્લૉક સી, મેમનગર, અમદાવાદ-૫૨. પૃ. ૯૪, કાચું પૂઠું, રૂ. ૭.

ડાયાબિટિસ : પ્ર૦ આરોગ્ય પ્રકાશન, કાળાનાળા ચોક, ભાવનગર. પૃ. ૬૪, કાચું, રૂ. ૨.

સહરામાં મૃગજળનો દરિયો : લે. 'અસર' સૂરતી. પ્ર૦ રવિમિલન, ૨ મધુવન સોસાયટી, નાનપુરા, સૂરત-૧. પૃ. ૬૪, કાચું, રૂ. ૪.

સુધારો

નવેમ્બર અંકમાં પૃ. ૩૬૧ પરની આવકારની નોંધમાં 'ભીનાશ' પુસ્તકનાં લેખિકાનું નામ 'મીના પરીખ'ને બદલે 'ગીતા પરીખ' વાંચવું.

પચ્ચીસ વર્ષ પહેલાં



ડિસેમ્બર ૧૯૫૩ · સળંગ અંક ૩૫૨

આપણામાં એક કહેવત છે: 'તીન, તેરા, ઓર આઠ, અઢારા: ૩, ૧૩, ૮ અને ૧૮ એ ચાર આંકડા અપશુકનિયાળ ગણાય છે. પણ એ બરાબર નથી. તે દર્શાવતો, આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં આવેલો સ્વ. રત્નમણિરાવ ભીમરાવનો રસમય લેખ ઉતારીએ:

'તીન, તેરા ઓર આઠ, અઢારા' એ આપણે ત્યાંનો અપશુકનને લગતો એક જાણીતો રૂઢિબોલ છે. તીન તેરા-આઠ-અઢારા એટલે ત્રણ, તેર, આઠ અને અઢારના આંકડા. આપણામાં કેટલાક આંકડા સાથે શુકન અને અપશુકન જોડવામાં આવ્યાં છે. દુનિયાના બધા દેશોની પ્રજા આંકડાનાં શુકન-અપશુકનમાં માને છે. એમાં વહેમ મુખ્ય ભાગ ભજવે છે. કેટલાક આંકડા શુભ અને કેટલાક અશુભ ગણાય છે. આંકડા ઉપરથી ભવિષ્ય કથન કરવાનું એક આખું શાસ્ત્ર યોજાયું છે. એને અંગ્રેજીમાં ન્યુમરૉલૉજી કહે છે. પરંતુ અહીં એ શાસ્ત્રની ચર્ચાને સ્થાન નથી. માત્ર એટલો ઉલ્લેખ કરવો જોઈએ કે એ અંકશાસ્ત્રે આંકડાના કેટલાક વહેમોને પુષ્ટિ આપી છે.

આજે આપણામાં સામાન્ય રીતે ૩, ૧૩, ૮ અને ૧૮ના આંકડાઓ અપશુકનિયાળ ગણાય છે. અંકશાસ્ત્રવાળાઓ તો ૧૮ના આંકડાને ખૂબ ખરાબ ગણે છે. ૩ના આંકડાને આપણી સામાન્ય જનતા ઘણા વહેમથી જુએ છે: ત્રણ જણા સાથે બહાર નીકળે તો શુભ ગણાતું નથી. 'ત્રણ ત્રેખળ અને હળ મેખળ' એ કહેવત ગુજરાતીમાં જાણીતી છે. દક્ષિણના લોકોમાં ત્રણ બ્રાહ્મણો સાથે નીકળતા નથી. એ કદાચ "ન ગચ્છેત્ બ્રાહ્મણ ત્રયમ્" એ સંસ્કૃત ઉક્તિ ઉપરથી થયું હશે. ૧૩નો આંકડો વળી પશ્ચિમના દેશોમાં ઘણો જ અપશુકનિયાળ ગણાય છે તે જાણીતી વાત છે. વહેમને સમર્થન મળે એવા દાખલા યે મળી રહે છે. એવા દાખલાની નોંધ બધા રાખે છે, પણ વહેમ ખોટો પડયાની નોંધ બહુ ઓછા રાખે છે. વહેમ તો આખરે વહેમ જ છે. તેરના વહેમના દાખલા તો અંગ્રેજોના સંપર્કમાં આવેલા ઘણા કહેશે. દક્ષિણમાં ત્રણ બ્રાહ્મણો સાથે જતાં બનેલો એક વહેમનો દાખલો મેં અનુભવેલો. એક બ્રાહ્મણ મિત્ર પોતાની મોટરગાડીમાં બીજા બ્રાહ્મણ મિત્રને રેલવે સ્ટેશને મૂકવા જતા હતા. હું પણ બહાર નીકળતો હતો. મને જોતાં ગાડી ઊભી રાખીને બેસાડી દીધો. પોતે મન વાળ્યું કે આપણે ત્રણ બ્રાહ્મણો છીએ, પણ ઘેરથી તો અમે બે જ નીકળેલા, એટલે વાંધો નહિ આવે. અમે ત્રણે પહેલા સ્ટેશને ગયા. ત્યાં ખબર મળી કે ગાડી એક મિનિટ પહેલાં જ ઊપડી ગઈ છે! પેલા મિત્ર બોલ્યા: 'જુઓ, ત્રણ બ્રાહ્મણો નીકળ્યા તેનું ફળ!' પછી એ મિત્ર ત્યાં જ ઊતરી પડયા. અમે બે આગળ ચાલ્યા અને એક દુકાન આગળ ગાડી ઊભી રાખી, ત્યાં તો ગાડીના એન્જિનમાંથી ધુમાડો નીકળતો જોયો. તપાસ કરતાં અંદર વીજળીના તાર અડવાથી બળતું હતુ. પેલા મિત્ર કહે: 'જુઓ, ત્રણ સાથે નીકળ્યા હતા તેનું ફળ બરાબર મળ્યુ! એન્જિન બળી જાત, પણ બચી ગયા.' મેં કહ્યું: 'બચી ગયા એ તો ઊલટું સારું ફળ મળ્યું!'

આઠના અંકનો વહેમ શાથી ઉત્પન્ન થયો તે સમજાય તેવું નથી. પરંતુ મને લાગે છે કે કદાચ જ્યોતિષમાં ત્રણ, છ, આઠ ને બારનાં સ્થાનો કુંડળીમાં સારાં ગણાતાં નથી તે ઉપરથી એ વહેમ ચાલુ થયો હશે. જ્યોતિષના કુંડળામાં આઠમું સ્થાન મૃત્યુસ્થાન ગણાય છે અને 'છ આઠ ને બાર'મા સ્થાનને 'ખાડો' ગણે છે. એક ગ્રહથી બીજો ગ્રહ આઠમા સ્થાને પડયો હોય તો, તે બીજા ગ્રહથી પહેલો ગ્રહ છઠ્ઠે આવે છે. એટલે એ બે ગ્રહોનું ષડાષ્ટક થયું કહેવાય છે, જે બહુ અશુભ ગણાય છે. એ 'ષડાષ્ટક' ઉપરથી જ આપણામા 'ખડાષ્ટક' શબ્દ પ્રચારમાં આવેલો છે. તેના અશુભ અર્થ સમાજમા ડોશીઓ પણ સમજે છે. લાગે છે કે આઠના અંકને અશુભ ગણવાનું કદાચ આ પરથી ચાલુ થયું હોય.

પરંતુ ઉપર્યુક્ત ચારે આંકડાઓમાં વહેમો મૂળ ભારતીય સંસ્કૃતિમાં નથી, પણ પરદેશથી આવ્યા હોય એમ લાગે છે. ઉપરનું મથાળું પણ એ જ સૂચવે છે. આપણા ફલજ્યોતિષ ઉપર પણ પરદેશની અસર છે એ જાણીતી વાત છે. જ્યોતિષના મોટા આચાર્યોમાં એ શાસ્ત્રના ઇતિહાસનો ઉલ્લેખ કરનાર યવનાચાર્ય છે. એ નામ જ કહી આપે છે કે પરદેશી અસર હોઈ શકે. પણ એ ચર્ચાને અહીં સ્થાન નથી.

આપણી આર્ય સંસ્કૃતિની પ્રાચીન પ્રણાલિકા પ્રમાણે જોઈએ તો આ ચારે અંકો—૩, ૧૩, ૮ અને ૧૮ શુભ શુકનિયાળ ગણાય છે. એમાં ૩ અને ૮નો વિચાર કરતાં પહેલાં ૧૩ અને ૧૮નો વિચાર કરી લઈએ. જોકે ૧૩ અને ૧૮ એ ૩ અને ૮માં દસ ઉમેરતાં થએલાં માત્ર વિસ્તૃત અંગો જ કહી શકાય. આપણામાં ધનતેરશનો દિવસ બહુ જ શુકનિયાળ મનાય છે અને 'વગર પૂછ્યું મુહૂર્ત' ગણાય છે. તેવો જ દિવસ અખાત્રીજનો પણ ગણાય છે. કાંઈ પણ શુભ મુહૂર્ત ન જોવું હોય તો એક કહેવત સમાજમાં ચાલુ છે કે 'પૂનમનો પડવો ને અમાસની બીજ, અણધાર્યું મુહુરત તે તેરશ ને ત્રીજ.' એમાં પડવો તે ધુળેટીનો, ને બીજ તે ભાઈબીજ; ત્રીજ તે અખ—અક્ષય તૃતીયા, ને તેરશ તે ધનતેરશ.

૧૮નો આંકડો તો કેવળ પરદેશીઓએ અને અંકશાસ્ત્રવાળાઓએ જ ખરાબ ગણાવ્યો લાગે છે; આપણામાં મૂળ એ ખરાબ નથી ગણાયો. આપણાં પુરાણો ૧૮, શ્રીમદ્ભગવદ્ ગીતાના અધ્યાય ૧૮, મહાભારતનાં પર્વો ૧૮, એ યુદ્ધ પણ ૧૮ દિવસ ચાલ્યું. ૧૮ ધાન્ય અને ૧૮ સ્મૃતિકારો, અઢારભુજા દેવી (જે લક્ષ્મીનું પણ સ્વરૂપ છે) ને ૧૮ વિદ્યા, એ બધાંનાં નામો સંસ્કૃત સાહિત્યમાં મળે છે. ૧૮ મહાદ્વીપો પૃથ્વી પર છે એમ તંત્રશાસ્ત્ર કહે છે. મૂળ ચાર વર્ણો ગણાય છે, છતાં ગુજરાતમાં 'અઢાર વર્ણ' ગણવાની પરંપરા છે અને તેનાં નામ પ્રાચીન સાહિત્યમાંથી મળે છે. આમ ૧૮નો આંકડો આપણામાં ખરાબ ગણાતો નથી.

હવે ત્રણ ને આઠના અંકનાં શુભ તત્ત્વોનો વિચાર કરીએ. એનાં શુભ તત્ત્વો તો વળી ઉપરના બે અંકો કરતાં પણ પ્રમાણમાં બહુ વધારે છે.

ત્રણના અંકનો વિચાર કરતાં પહેલાં એક વાતનો ખાસ વિચાર કરવો જોઈએ. સનાતન વેદ ધર્મમાંથી પૌરાણિક હિંદુધર્મ ઉત્પન્ન થયો ત્યારે એનો પાયો રચવામાં ત્રણના આંકડાએ સૌથી વધારે અગત્યનો ભાગ ભજવ્યો છે. આજે આપણે જેને 'હિંદુ ધર્મ' કહીએ છીએ તેનું મૂળ તો વેદમાં છે. પણ એ વેદના ધર્મથી જુદો પડે છે. આજના હિંદુ ધર્મનું—બ્રાહ્મણ ધર્મનું સ્વરૂપ પુરાણો પરથી સમજી શકાય છે. એ ધર્મનો પાયો આપણા પૂર્વજોએ બહુ જ બુદ્ધિપૂર્વક પ્રકૃતિનાં ત્રણ તત્ત્વો ઉપર રચ્યો છે. પરમાત્માની પ્રકૃતિનાં એમણે જ્ઞાન-વિજ્ઞાનની ખરી દૃષ્ટિથી 'સત્ત્વ, રજ અને તમ' એમ ત્રણ સ્વરૂપ યોજ્યાં. ઈશ્વરની સૃષ્ટિમાં એવી એક પણ વસ્તુ નથી કે જે આ ત્રિગુણથી બહાર હોય. એટલે સૌથી પહેલાં એમણે પરમાત્માના સગુણ સ્વરૂપનાં જ આ ત્રણ ગુણથી વ્યાપ્ત એવાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વરનાં ત્રણ રૂપ કલ્પ્યાં, અને આજના હિંદુધર્મના એ ત્રણ મહા દેવો થઈ ગયા. વેદના દેવો ગૌણ થઈ ગયા. આમ, ત્રણનો આંકડો આપણા ધર્મનો મહત્ત્વનો અંક થયો.

એ ત્રણનો અંક તો બીજી પણ મહત્ત્વની વસ્તુઓમાં યોજાયો છે. એ રીતે જોતાં ત્રિલોચન-ત્ર્યંબક (ત્રિ+અંબક) એ શિવ, આપણા ધર્મના મંત્રોનો મોટામાં મોટો બીજાક્ષર—ૐ

કાર તે ત્રિઅક્ષર કહેવાય છે. કાલનાં પણ ત્રણ સ્વરૂપ છે : ભૂત, ભવિષ્ય અને વર્તમાન. શિવનું શસ્ત્ર તે ત્રિશૂલ. ભૂમિતિની મહત્ત્વની આકૃતિ ત્રિકોણ. ગૃહસ્થની ત્રણ મુખ્ય સાધના તે ત્રિવર્ગ અથવા ત્રિગુણ : ધર્મ, અર્થ અને કામ. સત્ત્વ, રજ અને તમ એ પણ ત્રિગુણ જ કહેવાય છે. દુર્ગા અને માયાને ત્રિગુણા કહે છે. ભુવન અથવા લોક પણ ત્રણ : સ્વર્ગ, મૃત્યુ ને પાતાળ. ત્રિપાદ અથવા ત્રિવિક્રમ એ વિષ્ણુ. શરીરની મુખ્ય ધાતુઓ ત્રણ : વાત, પિત્ત ને કફ, અને એ ધાતુઓની વિષમતા એ ત્રિદોષ. ત્રણ મુખ્ય ઔષધિ : હરડાં, બહેડાં ને આમળાં એ ત્રિફળા. 'ત્રયી' એટલે ઋક, યજુસ અને સામ એ ત્રણ વેદો, ને એનો ધર્મ તે 'ત્રયીધર્મ'. ચોથો અથર્વવેદ તો પાછળથી ઉમેરાયો. કર્મકાંડમાં ઘણીખરી ક્રિયા ત્રણ વાર કરવાની હોય છે. એવં ત્રિ: એમ બોલે છે. ત્રણ વેદ જાણનાર ત્રિવિદ્ય કહેવાય છે. જે સ્ત્રીનાં પતિ અને સંતાન હયાત હોય તે પણ 'ત્રયી' કહેવાય છે.

આઠનો અંક પણ આપણામાં એ રીતે શુકનિયાળ ગણાતો હતો. પહેલું તો આપણામાં લગ્નપ્રસંગે વરવધૂને માટે જે આશીર્વાદના શ્લોકો બોલાય છે તેને મંગલાષ્ટક કહે છે. અનેક કાર્યક્ષેત્રોમાં અષ્ટાંગ—આઠ અંગ મુખ્ય ગણવામાં આવે છે. શરીરનાં, યોગનાં, ઔષધનાં, વૈદકનાં, રાજાની મંત્રસભાનાં, અદાલત વગેરેનાં આઠ અંગ ગણાય છે. રાજાને અષ્ટપ્રધાન હોય છે. વૈદકમાં અષ્ટવર્ગ જાણીતા છે. આ બધાં અષ્ટાંગોની સંસ્કૃતમાં વ્યાખ્યાઓ પણ આપેલી છે. શરીરનાં અંગોમાં 'સાષ્ટાંગ પ્રણિપાત' શબ્દ તો બહુ જાણીતો છે. સંસ્કૃતનું મુખ્ય વ્યાકરણ અષ્ટાધ્યાયી કહેવાય છે. ઋગ્વેદને મંડળો ઉપરાંત અષ્ટકોમાં પણ વહેંચ્યા છે. ભૌમિતિક આકૃતિઓમાં ત્રિકોણ જેટલું જ મહત્ત્વ અષ્ટકોણનું છે અને સ્થાપત્યમાં તો તેનું ખૂબ જ મહત્ત્વ છે. તારિણી દેવીઓ આઠ ગણાય છે અને તેનાં નામ મળી આવે છે. અઢારની પેઠે 'અષ્ટભુજા' પણ દેવી છે. કમલના પુષ્પનું રૂઢ સ્વરૂપ 'અષ્ટદલ'નું છે. દિશા આઠ છે અને તેના પાલક દેવો પણ આઠ છે, જેનાં નામ મળે છે. એમાં રહેલા હાથીઓ—દિગ્ગજો પણ આઠ છે તેનાં પણ નામો છે. યજ્ઞમાં મુખ્ય દ્રવ્યો અષ્ટ છે તેનાં નામ પણ છે. મુખ્ય ધાતુઓ આઠ ગણાય છે, તેમાં સુવર્ણ મુખ્ય છે, તેથી સુવર્ણને પોતાને અષ્ટાપદ કહે છે. કુબેરના નિવાસસ્થાન કૈલાસ પર્વતને 'અષ્ટપદ' કહે છે. કવિ જયદેવે જે સ્તુતિ ગાઈ પદ્માવતીને જીવતી કરી તેનું નામ ગીતગોવિંદમા અષ્ટપદી છે. ભગવાન શંકરને અષ્ટમૂર્તિ કહે છે, તે માટેનો કાલિદાસનો શાકુંતલનો મંગળનો શ્લોક જગપ્રસિદ્ધ છે. એમાં શિવનાં આઠ સ્વરૂપ સમજાવ્યાં છે. કાવ્યના અષ્ટરસ મુખ્ય છે. નવમો શાંતરસ તો પાછળથી ઉમેરાયો છે. શુકનની મુખ્ય શુભ વસ્તુઓને પણ અષ્ટમંગલ કહે છે, જેને લગતો શ્લોક મળે છે. આ તો માત્ર આઠનો અંક આપણા પ્રાચીન સાહિત્યમાં મુખ્ય મુખ્ય બાબતોમાં શુભ અર્થમાં વપરાયો છે તેનો ટૂંકો ઉલ્લેખ કર્યો છે. આઠનો અંક બીજા તો અનેક શુભ અર્થમાં યોજાયો છે, પરંતુ તે બહુ પ્રચલિત ન હોઈ લંબાણના ભયથી અહીં નથી ઉલ્લેખ્યો.

આ ઉપરથી જણાશે કે ત્રણ, આઠ, તેર ને અઢારના અંક અપશુકનિયાળ નથી પણ મંગલમય છે. એમને અમંગલસૂચક ગણવામાં આવ્યા તે વિદેશીઓના સંપર્ક પછી.

બીજા કેટલાક અંકનું મહત્ત્વ પણ આપણામાં ગણવામાં આવે છે. પણ તે આ ચાર અંકોના પ્રમાણમાં બહુ ઓછું છે. આઠના સંબંધીઓમાં ૧૬, ૩૨, ૪૦, ૪૮, ૫૬ અને ૬૪ને કોઈ કોઈ સમાજ મહત્ત્વના ગણે છે. પણ તેના ઉલ્લેખો ઓછા છે. સોળ વિદ્યાદેવી, સોળ કળા (ચંદ્રની) અને ષોડશોપચાર પૂજા એ જાણીતાં છે. ૩૨, ૪૦ ને ૪૮નું મહત્ત્વ કર્મકાંડમાં છે. ૫૬ લોકકથામાં આવે છે. ૬૪ કલાઓ, વિદ્યાઓ, ૬૪ જોગણીઓ વગેરે ગણાવાઈ છે. આમ આઠ ને આઠે ગુણતાં ૬૪ આવે ત્યાં એ અંક અટકે છે. જો કે ગુજરાતમાં ૮૪ના અંકનું પણ કાંઈક મહત્ત્વ કહેવાય છે : ૮૪ જ્ઞાતિઓ, ૮૪ ચૌટાં, ચોરાશી બંદરનો વાવટો, લક્ષ ચોરાશીના ફેરા વગેરે.

અંકના આ ઉલ્લેખોમાં એક રસમય વાતનો ઉલ્લેખ ખાસ મહત્ત્વનો ન હોવા છતાં પ્રસંગને અનુસરીને કરવા જેવો છે. આપણામાં મનાય છે કે ઋષિઓ ને મહા કવિઓનાં વાક્યોમાંથી પ્રયત્ન કર્યા વિના લખાએલા અણધાર્યા અર્થ નીકળે છે. એવા ઘણા દાખલા પ્રાચીન સાહિત્યમાંથી મળી આવે છે. શ્રીમદ્ ભગવદ્ ગીતાના કવિ ભગવાન વેદવ્યાસ ગણો કે બીજા કોઈ ગણો, પણ એ એક મહાન કવિ છે. ભગવાન્ શ્રીકૃષ્ણના મુખમાં અવતાર ક્યારે થાય છે તે વર્ણવતાં 'પરિત્રાણાય સાધૂનાં, વિનાશાય ચ દુષ્કૃતાં, ધર્મસંસ્થાપનાર્થાય સંભવામિ યુગેયુગે' એ શ્લોક મૂકેલો છે. એ શ્લોક કવિએ ગીતાના ચોથા અધ્યાયના આઠમા શ્લોક તરીકે મૂક્યો છે; બીજી બાજુ દસ અવતારોમાં કૃષ્ણાવતાર આઠમો અવતાર છે ને તે ત્રીજા યુગના અંતમાં અને ચોથા યુગની શરૂઆતમાં થયો છે. આમ અકસ્માત રીતે આ પ્રમાણે શ્રીકૃષ્ણના મુખમાં એમનો આઠમો અવતાર એટલે આઠમો શ્લોક ચોથા યુગમાં એટલે ચોથા અધ્યાયમાં મૂક્યો છે ! કેવો સુંદર યોગ! એટલે શાકુંતલના મંગલ પ્રમાણે અષ્ટમૂર્તિ ભગવાન શંકરને અને આઠમા અવતાર ભગવાન શ્રીકૃષ્ણને પ્રણમીને આંકડાનો આ લેખ સમાપ્ત કરીએ ! □

પ્રાચીનોક્ત કાળમાન

નામ	સમય-અવધિ	આધુનિક સમય-માપ
પ્રાતઃકાળ	સૂર્યોદયથી શરૂ કરીને પ્રથમ પાંચ ઘડીનો સમય	સૂર્યોદયથી શરૂ કરીને બે કલાકનો અથવા ૧૨૦ મિનિટનો સમય (૧ ઘડી=૨૪ મિનિટ થાય છે.)
સંગવકાળ	પ્રાતઃકાળની છઠ્ઠીથી ૧૦ ઘડીનો સમય. (કુલ પાંચ ઘડી)	પ્રાતઃકાળ પછીના બે કલાકનો સમય (સૂર્યોદય-ના ૨ થી ૪ કલાકનો સમય.)
પ્રાહ્ણકાળ	સંગવકાળ પછીનો અર્થાત્ ૧૧ થી ૧૫મી ઘડીનો સમય	સૂર્યોદય પછીના ૪ કલાક પછીનો ૪ થી ૬ કલાકનો (કુલ ૨ કલાક) સમય.
મધ્યં-દિનકાળ	પ્રાહ્ણકાળ પછીનો અર્થાત્ ૧૬ થી ૨૦ ઘડીનો સમય	સૂર્યોદય પછી ૬ કલાક વીત્યા પછીના બે કલાકનો સમય (૬ થી ૮ કલાક વચ્ચે.)
અપરાહ્ણકાળ	મધ્યં દિનકાળ પછીનો અર્થાત્ ૨૧ થી ૨૫ ઘડીનો સમય	સૂર્યોદય પછી ૮ કલાક વીત્યા પછીના બે કલાક-નો સમય (૮ થી ૧૦ કલાક વચ્ચે.)
સાયંકાળ	અપરાહ્ણકાળ પછીનો અર્થાત્ ૨૬ થી ૩૦ ઘડીનો સમય	સૂર્યોદય પછી ૧૦ કલાક વીત્યા પછીના બે કલાકનો સમય (૧૦ થી ૧૨ કલાક વચ્ચે.)
પ્રદોષકાળ	રાત્રિની પ્રથમ ચાર ઘડીનો સમય	સૂર્યાસ્ત પછીનો ૧ કલાક ૩૬ મિનિટનો સમય.
અર્ધરાત્રિકાળ	રાત્રિની ૫ થી ૧૪ ઘડીનો સમય	સૂર્યાસ્ત પછી ૧ કલાક ૩૬ મિનિટ વીત્યા પછીનો ૪ કલાકનો કાળ.

(નિરામય)

થી માંડી મોટાં શહેરોમા બધે જ પાન મળે જ છે, અને 'છપ્પન મસાલા' તથા જુદાજુદા નંબરની સંજ્ઞાથી ઓળખાતી સુગંધી તમાકુવાળાં પાનના વેપારીઓ શહેરોમાં માત્ર પોતાની આજીવિકા રળવા જેટલું નહિ, પણ ઘણું સારું કમાય છે.

શૉખીનોમાં પાનની અનેક જાત જાણીતી છે. સામાન્યતઃ આપણી તરફ અને દેશના અન્ય ભાગોમાં પણ કપૂરી પાન બહુ જાણીતાં છે. દક્ષિણમાં તામિલનાડુમાં સેલમ વિભાગમાં થતાં 'સેલમ' પાન કપૂરી પાનના નામે જાણીતાં છે. 'કર્પૂરી કોડી', 'કાલાર કોડી', 'વેલ્ટા કોડી' અને 'ચીતુ કોડી' એવી એની વિવિધ જાતો છે. આ જાતનાં પાન પાતળાં અને મધ્યમ કદનાં હોય છે. માંગ્લેપુર જિલ્લામાં 'ટાવેસી' જાતનાં નાનાં ઉત્તમ પ્રકારનાં પાન થાય છે. ચિતુર ને નેલોર જિલ્લાનાં 'કામેરી' નામનાં મોટા કદનાં તીખાશવાળાં પાન જાણીતાં છે. 'વેથાલાઇ' નામની એક જાતનું એ તરફ બહોળું વાવેતર થાય છે. આ પાન રંગે ઘેરાં અને ખરબચડાં હોય છે. 'માર' નામની મોટા કદની અને લાંબો સમય બગડે નહિ તેવી જાતની ઉત્તર પ્રદેશમાં મોટી માગ રહે છે.

કર્ણાટકમાં 'કુબાલા બેલી' નામની એક જાતનાં પાન મોટાં હોય છે. ત્યાંના શ્રમજીવી વર્ગમાં એ વધુ પ્રચલિત છે. 'કારી બેલી' નામની એક લોકપ્રિય જાતનાં પાન ઘેરા લીલા રંગનાં ને મધ્યમ કદનાં હોય છે. 'અંબાડી' નામની એક જાતનું પણ બહોળું વાવેતર થાય છે. એનાં પાન સાંકડાં ને લાંબાં હોય છે, ને તેમાં કપૂર જેવો સ્વાદ આવે છે. 'નાગા-બેલી' નામની એક જાતનાં પાન કદમાં નાનાં પણ સ્વાદમાં મીઠાં હોઈ સુખી માણસોમાં વધુ પ્રચલિત છે. 'ગંગેરી' નામની ઘેરા લીલા રંગની સ્વાદિષ્ટ જાતનાં પાનની નસો રતાશપડતી હોય છે.

આંધ્ર પ્રદેશમાં હૈદરાબાદ તરફ 'લવંગી' અને 'દેશાવરી' નામની જાતો જાણીતી છે. આ પાન જલદી સુકાઈ જાય છે.

કેરાલાની 'પુડુ કોડી' જાતનાં પાન પહોળાં અને ટકાઉ ગણાય છે. ઉત્તર ભારતમાં તેની સારી માગ હોવા ઉપરાંત પાકિસ્તાનમાં પણ તેની નિકાસ થાય છે. ક્વીલોન તરફની 'આરી કોડી' અને 'અમર વેલી' નામની ત્યાંની જાતો પણ જાણીતી છે. 'કુટાકોડી' નામની પહોળા પાનની એક જાતનો ઉતાર બહુ સારો આવે છે. કોટાયામ્ જિલ્લાની 'કાલ કોડી' નામની જાત સારી જાતનાં પાનમાં ગણના પામે છે.

મહારાષ્ટ્રમાં વસઈ આસપાસમાં તેમ જ ગોલવડ પાસે બોરડી ગામમાં કપૂરી પાનની સારી પેદાશ થાય છે. પુણે આસપાસ પણ કપૂરી પાન નિપજે છે અને તે 'પૂના કપૂરી' નામે જાણીતાં છે. ઘેરાં લીલાં ને પહોળાં પાન પણ થાય છે. પાકિસ્તાનમાં તેની માગ રહે છે.

પશ્ચિમ બંગાળમાં 'ભુવાના' નામની એક જાત જાણીતી છે જે 'બંગલા' પાન તરીકે પણ ઓળખાય છે. ત્યાંના હાવરા જિલ્લાની 'મીઠી પાન' નામની જાત પણ મશહૂર છે. ઉપરાંત, 'સાંચો' નામની એક સુ-વાસિત જાત પણ જાણીતી છે. બિહારમાં પણ 'બંગલા' પાનનું વાવેતર થાય છે. આસામમાં 'બંગલા', 'મીઠી', 'સાંચો' અને 'બનારસી' પાન ઉગાડાય છે. આ જાતમાં તીખાશ હોય છે. 'ખાસી' નામની આ તરફની એક જાત પણ જાણીતી છે.

'મઘઇ' એ ઉત્તર પ્રદેશનાં પાનની સર્વશ્રેષ્ઠ જાત ગણાય છે. કદમાં નાનાં, રેસા વગરનાં અને સ્વાદિષ્ટ આ પાનની અન્યત્ર પણ સારી માગ રહે છે. આવી જ બીજી જાણીતી જાત 'બનારસી' પાનની છે. આ એક સ્વાદિષ્ટ જાત છે.

ગુજરાતમાં સૌરાષ્ટ્રના દરિયા કિનારે ચોરવાડ આસપાસમાં કપૂરી પાનની સારી નિપજ થતી હતી. ત્યાંના જીવણબાગમાં બંગલા ને બના-રસી પાન પણ સારા પ્રમાણમાં થતાં હતાં, પણ હાલમાં આ પંથકમાં સમુદ્રની વીળનાં પાણી જોર કરવા માંડતાં વાડીઓનાં પાણી બગડવા લાગતાં પાનનું વાવેતર ઘટી ગયું છે.

સામાન્યતઃ બધાં પાનમાં કપૂરી અને બંગલા પાન મોટા પ્રમાણ-માં પ્રચલિત છે. પણ એની ગણના ઊંચી જાતમાં થતી નથી. અન્ય નામી જાતો પણ શહેરી બજારોમાં પ્રાપ્ય તો છે જ, પણ કપૂરી ને બંગલા કરતાં એ મોંઘી હોય છે અને શૉખીનોમાં જ એ વિશેષ પ્રચલિત છે.

પાન બનાવવાનું પણ એક આગવું કૌશલ છે. પાનમાં ચૂનાનું પ્રમાણ, વિવિધ રીતે બનાવેલો કાથો, સોપારીની જાત ને એની કતરી, વરિયાળી, ચણોઠીનાં પાન, ધાણાની દાળ, એલાયચી વગેરે સામાન્ય મસાલા ઉપ-રાંત વિધવિધ સુગંધી મસાલા અને અનેક પ્રકારની કડક, મીઠી, સુગંધી તમાકુની બનાવટો સહિત પાન 'જમાવવા'ની પાનવાળાની રીત પ્રમાણે ગ્રાહકોમાં તેની માગ રહે છે, અને એથી લગભગ મોટા ભાગના ગ્રાહકો-માં પોતાની રુચિ પ્રમાણે અમુક પાનવાળાઓ લગભગ નિશ્ચિત બની જાય છે. આવા શૉખીનોને બીજાનાં હાથે બનેલાં પાનમાં મજા આવતી નથી. આમ, પાનની જાત જમાવવાની રીત, પાનમાં પડતા મસાલા વગેરે એકબીજા સાથે સંકળાએલાં અનેક કારણોથી આ ધંધો નાનાં ગામડાંથી માંડી મોટાં શહેરો સુધીમાં સર્વત્ર ફેલાયો ને વિકસ્યો છે,

જેમાં ૨૫ પૈસાથી માંડી પાંચ-છ રૂપિયા સુધીની કિંમતનાં પાન મળે છે.

—અમીલાલ ઢાંકી

ખંભાતનો અખાત

અરબી સમુદ્ર કરતાં તેના ફાંટાઓમાં આપણને વધુ રસ પડશે. તેનો એક ફાંટો ખંભાતનો અખાત છે. ભારતખંડની આસપાસ સૌથી તોફાની સમુદ્ર તરીકે તે નામચીન છે. બહુ જૂના જમાનામાં સૌરાષ્ટ્ર અને ગુજરાત એકબીજાથી અલગ હતા અને ખંભાતનો અખાત કચ્છના નાના રણમાં મળી જતો હતો. કચ્છનું નાનું અને મોટું રણ પણ સમુદ્ર હતા. આમ સૌરાષ્ટ્ર અને કચ્છ બંને ટાપુ હતાં. ત્યારબાદ તેઓ બંને કાંપ અને ધરતીકંપ વડે પુરાઈને રણ બન્યાં. તે પછી પણ છેક મોગલ જમાના સુધી સિંધુના એક ફાંટાનું પાણી ખંભાતના અખાત સુધી પણ આવતું હતું. હવે તો તેનો પટ પણ પુરાઈ ગયો છે અને તેના અવશેષ રૂપે નળ સરોવર રહેલું છે.

ગુજરાતના નકશામાં જોશો તો જણાશે કે ખંભાતનો અખાત ઘાસલેટ ભરવાની ગળણી જેવો છે. ગળણીનું પહોળું મુખ દક્ષિણે છે અને નળી જેવો છેડો ખંભાતના બંદર પાસે અથવા મહી નદીના મુખમાં પૂરો થાય છે. જ્યારે ભરતી ચડે છે ત્યારે ભરતીનું પાણી ખંભાતના અખાતમાં ધસી જાય છે. જેમ આગળ જાય તેમ અખાતનું મુખ સાંકડું થતું જાય છે. આથી અખાતમાં ચડતો જુવાળ તોફાની બને છે. અહીં પવન પણ જોરશોરથી ફૂંકાય છે. અખાતના સાંકડા ભાગમાં ચડેલા જુવાળનું પાણી વલોવાઈ; ઘૂમરી ખાતું આગળ ધકેલાય છે. તેમાં પણ જ્યારે નૈઋર્ત્યનો તોફાની ચોમાસુ પવન વાતો હોય ને પૂનમ-અમાસની મોટી ભરતી ચડી હોય ત્યારે ખંભાતનો અખાત ભયંકર રૂપ ધારણ કરે છે. ત્યારે સામાન્ય સપાટી કરતાં તેની સપાટી ૧૨ મીટર ઊંચે ચડી જાય છે ને પાણીનો વેગ ઘોડાપૂર જેવો થઈ જાય છે. કૅનૅડાને પૂર્વકાંઠે ફંડીના અખાતની ઘોડાપૂર ભરતી દુનિયામાં જાણીતી છે. ખંભાતના અખાતની ભરતી ફંડીના અખાતની યાદ આપે તેવી હોય છે. એવી જ રીતે પાણી ઓટાય ત્યારે પણ અખાતમાંથી બહુ ઝડપથી પાણી અરબી સમુદ્રમાં વહે છે.

ખંભાતના અખાતની બીજી નોંધપાત્ર વિશિષ્ટતા તેની કાંઘી અથવા ખંડીય છાજલી છે. આખો અખાત આ છાજલી પર આવેલો છે. અખાતની બહાર પણ સો-દોઢસો કિલોમીટર સુધી આ છાજલી સમુદ્રને તળિયે પથરાએલી છે. છાજલીનો ઊંડામાં ઊંડો પટ ૭૫ મીટર કરતાં વધારે ઊંડે નથી અને અખાતની નાળમાં તો પાણી એટલું બધું છીછરું છે કે બંદરમાં આગબોટો ભરતીના સમયે જ આવી શકે.

ખંભાતના અખાતમાં ભરતી-ઓટના વહેણનો વેગ એટલો બધો હોય છે કે ગુજરાતમાંથી આવતી નદીઓ અહીં કાંપના નોંધપાત્ર ટાપુઓ (Deltas) રચી શકી નથી. ભરતી-ઓટના જોરદાર વહેણમાં આ કાંપ તણાઈ જાય છે. બંગાળ અને બાંગલાદેશમાંથી આવતી ગંગા અને બ્રહ્મપુત્ર નદીઓ કાંપ વડે સુંદરવનના હજારો ટાપુઓ બનાવે છે એવા ટાપુઓ ગુજરાતની નદીઓએ નથી બનાવ્યા. નાનકડો અપવાદ નર્મદા નદી છે. ભરતી-ઓટનાં આ વહેણ એવાં તોફાની હોય છે કે તેથી ઘણા વમળ ઉત્પન્ન થાય છે. અંગ્રેજીમાં આવા વમળને Maelstrom કહે છે. યુરોપમાં નૉર્વેની પશ્ચિમે સમુદ્રમાં વમળવાળા ભરતી-ઓટના પ્રવાહ Maelstromના નામે ઓળખાય છે અને તેમના વિષે એવી દંતકથાઓ પ્રચલિત થઈ છે કે આ વમળ મોટાં જહાજોને પણ ગળી જાય છે, આવી દંતકથાઓ ખંભાતના અખાત વિષે પણ છે.

કચ્છનો અખાત

કચ્છના અખાતનો આકાર પણ ખંભાતના અખાતની જેમ ગળણી જેવો છે. તેમ છતાં અહીં ભરતી-ઓટના પ્રવાહ ખંભાતના અખાત જેવા બળવાન નથી, કારણ કે તેનું મુખ નૈઋર્ત્યના પવનની દિશામાં પડતું નથી. તેથી ઊલટું ઓખાની ભૂશિર કચ્છના અખાતના મુખનું અંશતઃ રક્ષણ કરે છે. તેમ છતાં કચ્છના અખાતનો જુવાળ પણ જોરથી વહે છે. અહીં પણ કોઈ મોટી નદીઓ કાંપ ઠાલવતી નથી, તેથી અહીં પણ કાંપના ટાપુઓ નથી. તેમ છતાં અખાતને દક્ષિણ કાંઠે એટલે કે સૌરાષ્ટ્રને ઉત્તર કાંઠે નાના મોટા સંખ્યાબંધ ટાપુઓ છે. આ ટાપુઓ સૌરાષ્ટ્રનો કાંઠો ભાંગીને બન્યા હોય તેમ લાગે છે. અખાતને બંને કાંઠે પુષ્કળ નીચો પ્રદેશ છે જેની ઉપર મોટા જુવાળનું પાણી ફરી વળે છે. આ નીચો પ્રદેશ છેવટે કચ્છના નાના રણમાં ભળી જાય છે. કચ્છનું નાનું રણ તથા મોટું રણ સિકંદરના જમાનામાં સમુદ્ર રૂપે હતા. કચ્છનો અખાત પણ ખંડીય છાજલીનો એક ભાગ છે ને એનું પાણી છીછરું છે. અહીં મોતી આપતી કાલુ છીપ પણ થાય છે. પણ મોતી ઘણાં ઝીણાં હોવાથી તેમનું બહુ મૂલ્ય નથી. આમ કચ્છનો અખાત પણ સમુદ્રશાસ્ત્ર અને ભૂસ્તરશાસ્ત્રની દૃષ્ટિએ ઘણો રસપ્રદ છે. (વિજ્ઞાનદર્શન)

વાક્ય-ગમ્મત

						આ						
					આ	વ	તી					
				આ	વ	તી	કા	લ				
			આ	વ	તી	કા	લ	નાં	ના			
		આ	વ	તી	કા	લ	નાં	ના	ગ	રિ		
	આ	વ	તી	કા	લ	નાં	ના	ગ	રિ	કો	નું	
આ	વ	તી	કા	લ	નાં	ના	ગ	રિ	કો	નું	મા	સિ
	તી	કા	લ	નાં	ના	ગ	રિ	કો	નું	મા	સિ	ક
		લ	નાં	ના	ગ	રિ	કો	નું	મા	સિ	ક	
			ના	ગ	રિ	કો	નું	મા	સિ	ક		
				રિ	કો	નું	મા	સિ	ક			
					નું	મા	સિ	ક				
						સિ	ક					

અંકગમ્મત પેઠે બનાવેલી આ એક વાક્ય-ગમ્મત છે. 'આવતી કાલનાં નાગરિકોનું માસિક' એ વાક્ય આ આકૃતિમાં જુદી જુદી રીતે કેટલી વખત વાંચી શકાય તે કલ્પી શકો છો? પ્રયત્ન કરી જુઓ, વિવિધ રીતે એ ૩૩,૩૨૦ રીતે વાંચી શકાય છે. —કિશોર ન ગોરધનદાસ

નૌકાદળની તાલીમી સંસ્થા 'વાલસુરા'

જામનગર નજીક રોઝી ટાપુ પાસે આવેલી ૫૪૦ એકર જમીનના વિસ્તારમાં આવેલું ભારતીય નૌકાદળનું તટવર્તી મથક વાલસુરા વીજળી, ઇલેક્ટ્રૉનિક્સ, રડાર અને શસ્ત્રસંચાલનના ક્ષેત્રે અતિ મહત્ત્વનું તાલીમ-સ્થાન છે. ગુજરાતના એક ખૂણે લોકનજરથી દૂર રહેલી આ વિશિષ્ટ સંસ્થા આપણા દેશની સમગ્ર દરિયાઈ સુરક્ષામાં મહત્ત્વનો ફાળો આપે છે. ભારતીય નૌકાદળની આ તાલીમશાળાએ અત્યાર સુધીમાં ૭૦૦૦ જેટલા અધિકારીઓ અને નાવિકો તૈયાર કર્યા છે. તેઓ હાલમાં જહાજ પરના રેડિયો, રડાર અને અન્ય શસ્ત્ર-સામગ્રીઓનું સંચાલન, જાળવણી કે દુરસ્તીનું કામ કરી રહ્યા છે.

ઈ. ૧૯૪૨ના ઑગસ્ટમાં જામસાહેબે આ સંસ્થાનો પાયો નાખ્યો. ઈ. ૧૯૪૨ના ડિસેમ્બરમાં ઇંડિયન નેવલશિપ આઈ. એન. એસ. વાલસુરાનો આરંભ કેવળ ત્રણ અધિકારીઓ અને પાંચ તાલીમાર્થીઓથી

થયો હતો. અત્યારે ત્યાં ૬૦ અધિકારીઓ, ૪૫૦ નાવિકો અને ૮૫૦ તાલીમીઓ છે. વાલસુરામાં તાલીમ બે તબક્કામાં આપવામાં આવી છે, રેડિયો, રાડાર અને અન્ય સાધનો અંગેની પ્રાથમિક જાણકારી પહેલા તબક્કામાં આવરી લેવાય છે. તાલીમાર્થીને મૂળભૂત જાણકારી પ્રાપ્ત થતાં તેમને જે તે સાધનો વાપરવાની પ્રત્યક્ષ તાલીમ આપવામાં આવે છે. આ જાતની વ્યવહારુ તાલીમ, કેડેટને, જે તે યંત્ર કે સ્વિચ વગેરેનો ઉપયોગ કરવામાં આત્મવિશ્વાસ આપે છે. તાલીમાર્થીઓને વિદ્યુતશક્તિ પેદા કરતાં યંત્રો, સાધનો, રાડાર, રેડિયો, સોનાર અને હથિયારોમાં થતા ખોટકા કે બગાડ સમારવાની તાલીમ અપાય છે.

આ તાલીમસંસ્થામાં આવશ્યકતા અનુસાર વિવિધ પ્રકારના અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે. આવા ૩૫ અભ્યાસક્રમો ચાલતા રહેતા હોય છે. તેનો સમય પણ એક અઠવાડિયાથી માંડી ચાર વર્ષ સુધીનો હોય છે. આ અભ્યાસક્રમોના મુખ્યત્વે ૬ વિભાગ પાડી શકાય, ૧) પાયાના અને પ્રાથમિક અભ્યાસક્રમો (નવા પ્રવેશાર્થીઓ માટે), ૨) સીનિયર ખલાસીઓ માટે બઢતી અંગેનો ખાસ અભ્યાસક્રમ, ૩) અધિકારીઓ માટેનો અભ્યાસક્રમ, ૪) અધિકારીઓ અને નાવિકો માટેનો ઓપરેશન, ૫) ગોદીમાં કામ કરતા નાગરિક કર્મચારીઓ માટેનો અભ્યાસક્રમ અને ૬) શસ્ત્રો તથા યંત્રોના પ્રત્યક્ષ પરિચય માટેની તાલીમ. તાલીમની ગુણવત્તા સતત ઊંચી રાખવા અહીં જાગ્રત પ્રયાસો થતા રહે છે. કેટલાક અભ્યાસક્રમોને ભારતના ઈજનેરોની સંસ્થાએ માન્યતા આપી છે. અહીં ચાલતા ચાર વર્ષના અભ્યાસક્રમને ડિપ્લોમા ઈન ઇલેક્ટ્રિકલ એન્જિનીઅરિંગની સમકક્ષ ગણવામાં આવે છે.

અહીં અપાતું શિક્ષણ તાલીમાર્થીઓના જીવનનાં તમામ પાસાંને આવરી લે છે. દરેક તાલીમાર્થીને રમતગમતમાં ફરજિયાત ભાગ લેવો પડે છે. તેઓની વિવિધ રુચિને સંતોષી શકે તેવા સુસજ્જ માહિતી ખંડ, કૅમેરા ક્લબ તથા સુસજ્જ વ્યાયામશાળા વગેરે છે, અને નૌકાદળના ટેકનિકલ વિષયો અંગેનાં ૨૦,૦૦૦ પુસ્તકો ધરાવતું સમૃદ્ધ પુસ્તકાલય પણ છે. વાલસુરામાંના નિવાસ દરમિયાન તાલીમાર્થીઓએ સાધેલી પ્રગતિનું મૂલ્યાંકન સતત થતું રહે છે. તાલીમ આપતા શિક્ષકોનો એ મુદ્રાલેખ છે કે 'જેટલી સઘન અને ઊંડી તાલીમ એટલું જ કાર્યક્ષમ નૌકાદળ.' તાલીમની પૂર્ણાહુતિ પાસિંગ આઉટ પરેડથી થાય છે. તેને એક રીતે દીક્ષાંત સમારંભ કહી શકાય.

અહીં બાલમંદિર, ડેરી ફાર્મ, મરઘાં ઉછેર કેન્દ્ર, સિનેમા, તરવાનો હોજ વગેરે સગવડો વાલસુરા ખાતે રહેતા અધિકારીઓ અને તાલીમાર્થીઓ માટે પૂરી પાડવામાં આવી છે. નૌકાદળમાં સામાન્ય ખલાસી તરીકે જોડાનાર વ્યક્તિ પણ તેની હોશિયારીથી કમિશન્ડ-અધિકારી બની શકે છે અને રૂા. ૧૯૫૦ થી રૂા. ૨૪૫૦ સુધીનું પગાર ધોરણ ધરાવતા કૅપ્ટનના હોદ્દા સુધી બઢતી મેળવી શકે છે.
(યોજના)

—ઈન્દુભાઈ જોષી


મેથી

આહારવિજ્ઞાન પ્રમાણે મેથીમા પ્રોટીન, ચૂનો, લોહ અને વિટામિન બી છે. આમ તેમાં ઘણાખરાં પોષક તત્ત્વો બહુ સારા પ્રમાણમાં છે. આયુર્વેદ પ્રમાણે મેથી વાયુનું શમન કરનારી, કફનો નાશ કરનારી અને તાવ મટાડનારી છે. રોટલી, ભાખરી કે રોટલાનો લોટ બાંધતાં તેમાં પાંચ ટકા મેથીનો લોટ ઉમેરીએ તો એ ખાદ્યો વધુ પોષક બને. મેથી પલાળીને અથવા ફણગાવીને ખાવાથી તેની કડવાશ ઓછી થાય છે. ફણગાવ્યાથી તેમાં વિટામીન સી સારા પ્રમાણમાં ઉત્પન્ન થાય છે. શિયાળામાં શક્તિનો સંગ્રહ કરવા સૂંઠ અને મેથી સરખે ભાગે લઈ તેમાં અર્ધે ભાગે ગોળ ને ઘી કે તેલ મેળવી ૩૦-૩૫ ગ્રામ જેટલી નાની લાડુડી લેવામાં આવે અને તેના પર એક કપ દૂધ લેવાય તો સારી શક્તિ મળશે. મારો એ જાત અનુભવ છે. ત્રણેક વર્ષ પર મુંબાઈમાં બાબુલનાથ મંદિરના મૅનેજર, મારા ભાઈને ત્યાં રહેવાનો મારે પ્રસંગ આવ્યો ત્યારે મારા ભાઇનો નિવાસ આશરે દોઢસો પગથિયાં ઉપર હતો. ત્યાં મને ખુરશીમાં બેસાડીને ચડાવતા. પછી આપણા ગુજરાતના જાણીતા પ્રખર વૈદરાજ શ્રી બાપાલાલભાઈની સૂચનાથી મેં ઉપર મુજબ બે માસ સૂંઠ-મેથીની લાડુડી અને તેના પર દૂધ લીધું અને મને દોઢસો પગથિયા ચડવાની તાકાત આવી ગઈ!

મધુપ્રમેહવાળા દર્દી રાત્રે એક તોલો મેથી પાણીમાં પલાળી સવારે તેને મસળીને પાણી ગાળીને નિયમિત પીએ તો પેશાબમાં જતી સાકરનું પ્રમાણ ઘટવા માંડશે. એવા દર્દીએ ગળપણ વગેરે અપથ્ય ખોરાકની પરહેજી તો પાળવી જ પડે

લોહીવાળા મરડા પર એક તોલો મેથી તવી પર રતાશપડતી શેકી, ખાંડી, પાણીમાં ઉકાળી, ઠંડું પડ્યે ગાળીને પીવાથી મરડો મટશે. મોળા દહીંમાં કાચી મેથી અર્ધો પોણો તોલો મેળવી દહીં સાથે ગળી જવાથી પેટનું ભારેપણું મટશે. આપણે મૂઠિયાં, પૂડા, ઢેબરાં વગેરેમાં મેથીની ભાજી વાપરીએ છીએ. મેથી કરતાં મેથીની ભાજીમાં આંખને હિતકારક અને રોગ પ્રતિકારક વિટામિન 'એ' ઘણું વધારે છે. વિટામિન સી પણ ૬૪ મિ. ગ્રા. છે. લોહ પણ ૧૭ મિ. ગ્રા. છે. આથી મેથીની ભાજીનો ઉપયોગ પણ છૂટથી કરવો.
(સ્વસ્થ માનવ)

—ચંદુલાલ દવે



ડિસેમ્બર-જાન્યુઆરીનું આકાશદર્શન

આકાશદર્શનનો એક વધુ દોર પૂરો કરી આપણે જ્યાંથી તેનો આરંભ કરેલો ત્યાં લગભગ આવી પહોંચ્યા છીએ. આ દષ્ટિ-પરકમ્મા દરમિયાન જે તારાઓ તારામંડળો જોયાં તે હવે પછી ફરી દેખાવા લાગશે. બાર રાશિ અને સત્યાવીસ નક્ષત્રો સહિત સર્વ સ્વીકૃત ૮૮ જેટલાં તારામંડળોમાંનાં ઘણાંખરાં હવે આપણને પરિચિત છે. આમ તો આ બધાં સહિત આપણા આ 'આકાશગંગા તારાવિશ્વ'માં સો અબજ જેટલા તારાઓ છે. (અને બ્રહ્માંડમાં તો આવાં સો અબજ જેટલાં તારાવિશ્વો હોવાનું ખગોળશાસ્ત્રીઓ કહે છે.) પણ સ્વચ્છ અંધારી રાતે નરી આંખે આપણે બહુ બહુ તો બેએક હજાર તારાઓ જ જોઈ શકીએ, અને આખા વર્ષ દરમિયાન છ એક હજાર. તારામંડળોની ઓળખ અને આટલું દર્શન એ ખરી રીતે તો ખગોળની જ્ઞાન સમૃદ્ધિ જોતાં એની કંઈ વિસાત નથી, પણ આકાશદર્શનનો આપણો ઉદ્દેશ આનંદ માણવાનો રહ્યો છે. આમાં દૂરબીન હોય તો ઓર મજા પડે, પણ તેના વિના યે તારામંડળો ઓળખી શકાય, કેટલાક તારાગુચ્છો પણ જોઈ શકાય, ચંદ્ર અને તેજસ્વી ગ્રહોના ચાલ અને તેમાં થતા ફેરફારો પામી શકાય, ખરતા તારાના લિસોટાનાં વેગ, દિશા ને લંબાઈ પ્રમાણી શકાય ને ક્યારેક ધૂમકેતુ જોવાની તક પણ મળી જાય. રાત જામ્યા પછી સંખ્યાબંધ તારાઓની વચ્ચે ખોળવા પડે તેવા તેજસ્વી તારાઓ ચાંદની રાતે યા સૂર્યાસ્ત પછીના ઘેરાતા અંધારમાં તુરત દેખાઈ આવે, જ્યારે અંધારી રાતે તારાઓની સમૃદ્ધિ જોવા મળે. તારાઓનો ઉદય અસ્ત પણ માણવા જેવો છે. આખું વર્ષ માણવા જેવો આ શોખ છે. આ માળામાં અપાએલા નકશા એમાં સહાયક બની શકશે.

—બિ દાં.

આ માસ (ડિસેમ્બર) ઇતિહાસમાં

તા. ૨/૧૮૦૪ નેપોલિયન અને જૉસેફાઈનનાં લગ્ન. પાંચ વર્ષ પછી આ જ માસની ૧૫મી તારીખે ૧૮૦૯માં એનો વિચ્છેદ થયો.

તા. ૩/૧૮૮૪ સ્વાધીન ભારતના પ્રથમ રાષ્ટ્રપ્રમુખ બાબુ રાજેન્દ્રપ્રસાદનો જન્મ.

તા. ૭/૧૯૪૧ પર્લ હાર્બર પર જાપાને એકાએક હુમલો કરીને અમેરિકન સંયુક્ત રાજ્યોના ત્યાંના વિશાળ અને મહત્ત્વના નૌકામથકને છિન્નભિન્ન કરી નાખ્યું.

તા. ૮/૧૬૬૦ અંગ્રેજી નાટ્ય તખ્તા પર પહેલી વાર સ્ત્રીએ પાઠ ભજવ્યો. પણ આમ વિવિધ ક્ષેત્રે આગળ આવતી રહેતી અંગ્રેજ સ્ત્રીઓ માટે સ્ત્રી-દાક્ષિણ્યમાં માનતી એ પ્રજાએ મતાધિકાર તો છેક ૧૯૧૮માં આપ્યો હતો. એ વર્ષે આ જ માસની ૧૪મી તારીખે બ્રિટિશ જનરલ ઇલેક્શનમાં સ્ત્રીઓએ પહેલી વાર મત આપ્યા. રૉયલ કૉલેજ ઑવ સર્જનમાં પણ એ જ દિવસે પહેલી વાર સ્ત્રીને પ્રવેશ અપાયો.

તા. ૧૦/૧૮૯૬ તાજેતરમાં જ વિવિધ ક્ષેત્રે અપાતાં જે વિખ્યાત પારિતોષિકો જાહેર થયાં એ નૉબેલ પારિતોષિકો જેના નામ પરથી અપાય છે તે આલ્ફ્રેડ નૉબેલનું અવસાન.

તા. ૧૨/૧૯૦૧ માર્કોનીએ ઍટલાંટિક મહાસાગરની પાર પ્રથમ રેડિયો સિગ્નલ ઝીલી બતાવ્યા અને વિજ્ઞાનની એક નવી દિશામાં અજબ પ્રગતિ સધાવાનાં પગરણ મંડાયાં.

તા. ૧૩/૧૫૪૫ પ્લીમથ બંદરેથી ડ્રેઈક પૃથ્વીની પ્રદક્ષિણા કરવા જહાજ હંકાર્યું.

તા. ૧૪/૧૩૯૮ એક તુર્ક ગુલામમાંથી તુર્કસ્તાનના શાહ બનનાર તૈમુર લંગે હિંદુસ્તાનના વિધર્મીઓનાં મૂર્તિમંદિરો તોડી, તેમને મુસલમાન બનાવી 'ગાઝી'નું બિરુદ હાંસિલ કરવાની મુરાદથી ચડાઈ કરીને મહમદ તઘલખને હરાવી દિલ્હી સર કર્યું ને ત્યાં ખૂનખાર કત્લ ચલાવી.

તા. ૧૮/૧૮૬૫ અમેરિકામાંથી ગુલામી નાબૂદ કરવામાં આવી.

તા. ૨૯/૧૯૧૬ આ સદીના આરંભમાં રશિયાના ઇતિહાસમાં જેની બોલબાલા હતી એ ગ્રેગરી રાસ્પુટિનનું ખુન કરવામાં આવ્યું. ઝારના પુત્રની બીમારી મટાડી દઇને એના રાજદરબારમાં અને પરિવારમાં પોતાની વગ અત્યંત વધારી લગભગ સર્વેસર્વા બની જનાર એ ચમત્કારી સાધુ ગણાતો શઠ રાજકારણમાં પણ મન ફાવે તેમ ડખલગીરી કરતો ગયો હતો. એનું નામ તો હતું નોવિખ, પણ એનાં કુકર્મોથી લોકો એને રાસ્પુટિન એટલે કે અનીતિમાન દુષ્ટ તરીકે ઓળખતા. સાઈબીરિયાના પોક્રૉવસ્કીમાં ઈ. ૧૮૭૩માં એનો જન્મ. મૂળ માછીમાર પણ રખડેલ. દારૂડિયા તરીકે પંકાઇને અને ચોરી માટે સજા પામ્યા પછી એ સાધુ બની ભટકતો ને ધીરેધીરે સંત બની બેઠો હતો. લખતાંવાંચતાં એને આવડતું નહોતું. નહાતો પણ ક્યારેક જ અને તદ્દન જંગલી જેમ વર્તતો. અંતે એનાં કરતૂતોથી તંગ આવી એ લુચ્ચા, લબાડ અને લંપટ રાસ્પુટિનને દૂર કરવા પ્રિન્સ યુસુપોવે એક કાવતરું ઘડી એને પેટ્રોગ્રેડમાં પોતાને ત્યાં ભોજન માટે બોલાવ્યો. ભોજન અને દારૂમાં સાઈનાઈડ ભેળવેલું, પણ રાસ્પુટિનને એની અસર થઈ નહિ. એના પર પ્રિન્સે ગોળી છોડી એનાથી પણ એ મર્યો નહિ અને શેરીમાં દોડી જઈ લથડિયાં ખાતાંખાતાં યે તે ત્રાડો પાડવા લાગ્યો. અંતે એક ઉમરાવે ફરી એની પીઠમાં ગોળીઓ મારી ત્યારે એ પડ્યો. તુરત ઉઠાવીને એને નદીમાં ફેંકી દીધો. ત્રણ દિવસ પછી એનું શબ કિનારે તણાઈ આવ્યું ત્યારે રશિયા પરની એ જીવતી જાગતી આફતનો અંત આવ્યાની સૌને ખાતરી થઈ.

તા. ૩૦/૧૮૭૯ 'હું કોણ?'ની શોધ દ્વારા આત્મસ્વરૂપ પ્રાપ્ત કરનાર રમણ મહર્ષિનો મદુરામાં જન્મ. સત્તર વર્ષની વયે ગૃહત્યાગ કરી મૌન ધારણ કરી તિરુવણ્ણમલઈના અરુણાચલમાં મહાપ્રભુને આશ્રયે જઈ બેઠા. અહીં વર્ષ પછી ત્યાંની જુદીજુદી ગુફાઓમાં વીસ વર્ષ ગાળ્યાં. શંકરાચાર્યના 'વિવેક ચૂડામણિ' તથા 'દૃગ્દૃશ્ય વિવેક'નું એમણે સરળ ભાષાંતર કર્યું છે. એમની રમણ-ગીતા અને 'ઉપદેશસારમ્' પણ વિખ્યાત છે. હિંદુધર્મના કોઈ એક જ તત્ત્વપંથને તેઓ સાચા જિજ્ઞાસુ માટે પર્યાપ્ત માનતા નહોતા. અરુણાચલની તળેટીમાં એમનો આશ્રમ છે. આ એમની જન્મશતાબ્દીનું વર્ષ છે. બીજી પણ એક વિખ્યાત પણ હવે વિસ્મૃત થવા માંડેલી વ્યક્તિની જન્મશતાબ્દી આ વર્ષમાં છે. રશિયાના એક સમયના લોખંડી પુરુષ સ્ટૅલિનનો જન્મ પણ આ જ માસમાં ૨૧મી તારીખે ૧૮૭૯માં થએલો.



લંડનની બજારમાં એક શેખીખોર અમેરિકને એક ફળવાળાની દુકાને એક તરબૂચ ઉચકીને તુચ્છકારથી દુકાનદારને પૂછ્યું : 'અલ્યા ભાઈ, તમારે ત્યાં આવડાં જ સફરજન થાય છે?'

દુકાનદારે અમેરિકનની આંખમાં આંખ નોંધીને શાંતિથી કહ્યું : 'એ દ્રાક્ષ લેવી હોય તો લો; નહિતર રસ્તે પડો.'

મા : દાક્તર; આ કનુ મહિના પહેલાં એક રૂપિયો ગળી ગયો છે, કાઢી આપોને!

દાક્તર : મહિના પહેલાં?! તો આટલા દિવસ મારી પાસે કેમ ન લાવ્યા?

મા : આજ સુધી અમને પૈસાની જરૂર નહોતી પડી.

વર્ગમાં એક વિદ્યાર્થીને 'બ્યૂટી ફુલ'નો અર્થ પૂછવામાં આવ્યો. તેને ન આવડ્યો એટલે શિક્ષકે બીજાને પૂછ્યું : 'બ્યૂટી એટલે?' પેલાએ કહ્યું: 'સુંદરતા'. શિક્ષકે પૂછ્યું: 'અને 'ફુલ' એટલે?' પેલાએ કહ્યું : 'ભરપૂર'. પછી શિક્ષકે પહેલા વિદ્યાર્થીને પૂછ્યું : 'હવે કહે જોઈએ, બ્યૂટી ફુલ એટલે?' 'હેમા માલિની.' તેણે જવાબ આપ્યો.

એક ભિખારીએ એક ઘર આગળ જઈને કહ્યું : 'કંઈ ખાવાનું હોય તો આપજો મા!'

ગૃહિણીએ કહ્યું : 'આટલાં લાકડાં ચીરી આપ તો તને પેટપૂર ખાવાનું આપું.'

ભિખારીએ કહ્યું:'હું ભીખ માગું છું કામ નહિ.'



(જનસત્તામાં સ્વ. 'શિવ')

—અનુષ્ટુપ—

બહારની દૃષ્ટિ સંકેલી થોડી ભીતર વાળીએ,
'નથી'ના ઝંખના છોડી 'છે' તેનું સુખ માણીએ.

—ભાનુપ્રસાદ પંડ્યા—

તલવાર વડે ઈસ્લામનો પ્રચાર કરનાર હજરત અલી એક વિધર્મીને ગળે તલવાર મૂકી તેને ઈસ્લામ સ્વીકારવાનું કહી રહ્યા હતા, ત્યારે પેલો હજરત અલીના મોં પર થૂંક્યો. અલીએ તરત તલવાર હટાવી લીધી. એથી વિધર્મીએ આશ્ચર્યચકિત થઈ એનું કારણ પૂછતાં હજરતે ગંભીર ભાવથી જવાબ આપ્યો : 'મારા પર થૂંકીને તેં મને ક્રોધિત કરી દીધો છે. હવે જો હું તને મારું તો મેં મારા ક્રોધ માટે તને માર્યો કહેવાય, ઈસ્લામ માટે નહિ.'

અંકસંદર્ભ—**નવ :** નવ નાગ—અનંત, વાસુકિ, શેષ, પદ્મનાભ, કંબલ, શંખપાલ, ધૃતરાષ્ટ્ર, તક્ષક, કાલિય.

અનેકાર્થી શબ્દ : **'ઓટ'** : ચડેલ પાણી ઊતરી જવું—(ભરતી) ઓટ; પડદો, અંતરાય; ઊતરતી હાલત; ઘટાડો; પડછાયો; સંતાવાની જગ્યા; પૈંડાની નીચે મુકાતું લાકડું; સામું થવું તે; એક જાતનું ઘઉંના છોડને મળતું ધાન્ય.



ટિકિટકથા : મધ્ય અમેરિકામાં હૉન્ડુરાસ નૅશનલ રેલવે નામે એક નૅરો ગેજ રેલવે બાંધવાની યોજના થએલી. ઍટલાંટિક અને પૅસિફિક મહાસાગરના કંઠારને જોડતો એક આંતરરાષ્ટ્રીય ટૂંકો માર્ગ બનાવવાની તેમાં નેમ હતી, પરંતુ લંડન અને પારી(સ)માં આ માટે એકઠા કરેલા બે કરોડ ડૉલર બીજાં કામોમાં વપરાઈ ગયા. જે કંઈ થોડું કામ થએલું તેની હાલત પણ સારી નહોતી. આ કામના ઠેકેદારોને માઈલ દીઠ પૈસા અપાતા એટલે તેઓએ રેલમાર્ગમાં વળાંકો ઉમેરીને માર્ગની લંબાઈ વધારી કમાણી કરેલી. ઈ. ૧૮૯૮ની હૉન્ડુરાસની આઠ ટિકિટોની એક શ્રેણી પર લાકડાના બળતણથી ચાલતા આ રેલવેના ઍન્જિનનું આલેખન છપાયું હતું. ટિકિટ વિક્રેતાઓએ આવી બનાવટી ટિકિટો છાપીને સંગ્રાહકોને ઊતરવાનો ધંધો પણ કરેલો.

अनेकशास्त्रं बहुवेदितव्यम्
स्वल्पश्च कालो बहवश्च विघ्नाः ।
यत्सारभूतं तदुपासनीयम्
हंसो यथा क्षीरमिवाम्बु मध्यात् ॥

શાસ્ત્રો અનેક છે, જાણવા જેવું ઘણું છે, સમય બહુ ઓછો છે અને વિઘ્નો ઘણાં છે. તેથી સારવાન વસ્તુની ઉપાસના કરવી જોઈએ. જેવી રીતે હંસ પક્ષી પાણી છોડીને દૂધને ગ્રહણ કરે છે.

ગણિતગમ્મત


૧૨૩૪૫૬૭૮૯	૯૮૭૬૫૪૩૨૧
૧૨૩૪૫૬૭૮	૮૭૬૫૪૩૨૧
૧૨૩૪૫૬૭	૭૬૫૪૩૨૧
૧૨૩૪૫૬	૬૫૪૩૨૧
૧૨૩૪૫	૫૪૩૨૧
૧૨૩૪	૪૩૨૧
૧૨૩	૩૨૧
૧૨	૨૧
૧	૧
૧૦૮૩૬૭૬૨૬૯	૧૦૮૩૬૭૬૨૬૯

કશે પણ પહોંચવાનો રસ્તો તમે જ્યાં છો ત્યાંથી આરંભ કરવામાં રહેલો છે.

કહેવતોના અર્થ : 'એ પાણીએ મગ નહિ ચડે.'—ગમે તેટલા પ્રયત્નો છતાં યે કોઈ પાસેથી ધાર્યું કામ ન નીકળી શકે એમ હોય ત્યારે રસોઈના રૂઢિપ્રયોગવાળી આ કહેવત તેને ઉદ્દેશીને વપરાય છે. પ્રયત્નોનું મિથ્યાત્વ દર્શાવતી એવી બીજી કહેવતો : 'રેતીમાંથી તેલ કાઢવા જેવું'; 'બકરીના ગળાના આંચળમાંથી દૂધ કાઢવા જેવું'; 'પાણી વલોવવા જેવું' વગેરે.

સ્વચ્છ સપાટી પર ઊંધું પાંદડું મૂકી તે પર કાર્બન-પેપર મૂકો. કાર્બનની સવળી બાજુ ઉપર રહે. તે પર સફેદ કાગળ મૂકી એક લોટો કે વાટકામાં સળગતા કોલસા નાખી કાગળ પર તે એકાદ મિનિટ રહેવા દો. પાંદડાની આબાદ આકૃતિ છપાઈ આવશે. વિવિધ ઝાડનાં પાંદડાંની આકૃત્તિ આ રીતે લઈ તમે વનસ્પતિશાસ્ત્રનો રસમય સંગ્રહ કરી શકશો.

જાયફળને દૂધમાં ઘસીને થોડા દિવસ લાગટ ખીલ પર લગાડી જોજો.



કલાકણિકા : ખંડની વચ્ચે આડસ ઊભી કરવા બનાવાતી લાકડાની પરદી (રૂમ ડિવાઈડર) કલાભિવ્યક્તિ માટે એક પ્રચલિત સાધન રહી છે. ઉત્તર પ્રદેશના સહરાનપુરના આ નમૂનામાં ફૂલવેલની મુઘલકાલીન વિવિધ ભાતનું પ્રતિબિંબ જોવા મળે છે. ઘેરા રંગના લાકડામાં કોરેલી ભાતમાં ખુલ્લા રંગના કાષ્ઠની ચપતરીઓ બેસાડીને કરેલી આ ભાત તાજમહાલની આરસની દીવાલોમાં કરેલા રંગબેરંગી જડતરની બરોબરી કરી શકે છે.